કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વીંજાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: નિતીનભાઈ ખત્રી :-
90990 79304, 96385 60091
શોપ નં.૫, પંચવટી કોમ્પલેક્ષ, નલીયા-છાડુંરા રોડ, નલીયા તા.અબડાસા-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૭ એપ્રિલ, ૨૦૨૪ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયઠ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી,ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
અમરભાઈ વાઢા : 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

◆અંક નંબર : ૨૯૦◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલિક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર વદ - ૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ફરી એકવાર-મોદી સરકાર : શાહનો હુંકાર

**સૌરાષ્ટ્રમાં અમિત શાહે આદર્યો પ્રથમ ચૂંટણી પ્રચાર : જામકંડોરણાથી ચૂંટણી પ્રચારનો કર્યા આરંભ : વિજય સંકલ્પ રેલીમાં મોટી સંખ્યામાં : અમિત શાહે કહ્યું, ગુજરાતની ૨૫ બેઠકો પર જંગી લીડથી મેળવીશું વિજય : મોદી સરકારના વિકાસકામોની વર્ણવી વિકાસ ગાથા : વિપક્ષ તથા કોંગ્રેસને અમિત શાહે લીધા આડેહાથ**





પોરબંદર :ગુજરાતમાં આગામી તા.૭ના રોજ યોજાનારા લોકસભા ચૂંટણી માટેના મતદાન પુર્વે હવે પ્રચારે ઝડપ પકડી લીધી છે અને આગામી મે ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત-સૌરાષ્ટ્રમાં છ રેલીઓને સંબોધન કરનાર છે તે વચ્ચે આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે ચાર રેલીઓને સંબોધન કરવાના છે. જેમાં તેઓ સવારે ૧૦ વાગ્યે પોરબંદર લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર તથા કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાના પ્રચારમાં જામકંડોરણામાં સભાને સંબોધન કર્યુ હતુ.

ગુજરાતમાં હવે જેમ જેમ ગરમીનો પારો ઉચકાવવા પામી રહ્યો છે તેમ તેમ બીજીતરફ રાજકીય ગરમાવાનો પારો પણ વેગ પકડી રહ્યો છે. આજે ગુજરાતમાં કેન્દ્રીય ગૃહમંત્રી તથા ભાજપના ચાણકય અમિતભાઈ શાહ દ્વારા ચૂંટણી પ્રચારનો દબદબાભેર આરંભ કરી દીધો છે. આજ રોજ અમિત શાહે પોરબંદરના જામકંડરોણા વિસ્તારમાં વિશાળ ચૂંટણી વિજય સંકલ્પ રેલીને સંબોધન કર્યુ હતુ.

દેશભરમાં આ વખતે ૪૦૦ પારનો લક્ષ્યાંક ભાજપ દ્વારા આપવામાં આવ્યો છે અને તેને જ ધ્યાને રાખી અને અમિત શાહ દ્વારા પ્રચંડ પ્રચાર શરૂ કરી દીધું છે. અમિત શાહ અહી ખુલ્લી જીપમાં મંચ સુધી પહોચતા તેમનુ અદકેરૂ સ્વાગત કરવામા અવ્યુ હતુ. તેમને આવકાર-સ્વાગત બાદ શ્રી શાહ દ્વારા અહી ગજવેલી સભામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશમાં અને ગુજરાતમાં કરવામા અવેલા વિવિધ કામોની વિકાસગાથા વર્ણવી હતી. એટલુ જ નહી પરંતુ અમિતભાઈ શાહ દ્વારા વિપક્ષને પણ આ સભામાં બરાબરના આડેહાથ લીધા હતા. અમિતભાઈ શાહ દ્વારા આજ રોજ પોરબંદર બેઠકના ભાજપના ઉમેદવાર

અનુસંધાન પાના નં.૪ પર

## સફેદ ડુંગળીની નિકાસ કંડલા, પીપાવાવ અને ન્હાવા શેવા પોર્ટ ઉપરથી જ થઈ શકશે

**કેન્દ્ર સરકારે નિકાસને લઈને આપી રાહત : ૨૦૦૦ મેટ્રિક ટન સુધીનો જથ્થો બાગાયત કમિશનરનું પ્રમાણ પત્ર મેળવીને નિકાસ કરી શકાશે**

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેન્દ્ર સરકારે સફેદ ડુંગળીની નિકાસને લઈને રાહત જાહેર કરી છે. જેમાં કંડલા, પીપાવાવ અને ન્હાવા શેવા પોર્ટ ઉપરથી ડુંગળીની નિકાસને છૂટ આપવામાં આવી છે. વધુમાં ૨૦૦૦ મેટ્રિક ટન સુધીનો જથ્થો બાગાયત કમિશનરનું પ્રમાણ પત્ર મેળવીને નિકાસ કરી શકાશે.

ભારત સરકાર દ્વારા સફેદ ડુંગળી પર નિકાસ પ્રતિબંધ હળવો કરવામાં આવ્યો છે. સરકારે દેશના ત્રણ બંદરો પરથી સફેદ ડુંગળીના વિદેશી શિપમેન્ટને મંજૂરી આપી છે. ડીજીએફટીએ જાહેરનામું બહાર પાડ્યું છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા જારી કરાયેલા એક નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે સફેદ ડુંગળીની નિકાસ કરતા નિકાસકારોએ માલ અને એસેસરીઝના જથ્થાને પ્રમાણિત કરવા માટે ગુજરાત સરકારના હોર્ટિકલ્ચર કમિશનર પાસેથી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

સફેદ ડુંગળીની નિકાસ માટે સરકાર દ્વારા કેટલાક બંદરોના નામ નક્કી કરવામાં આવ્યા છે. ડીજીએફટી નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે આ આદેશ તાત્કાલિક અસરથી જારી કરવામાં આવશે કે નિયુક્ત બંદરો પરથી વધુમાં વધુ બે હજાર મેટ્રિક ટન સફેદ ડુંગળીની નિકાસ કરી શકાય. સરકારે નિકાસ માટે મુન્દ્રા પોર્ટ, પીપાવાવ પોર્ટ અને ન્હાવા શેવા પોર્ટના નામ નક્કી કર્યા છે.નોટિફિકેશનમાં વધુમાં જણાવાયું છે કે રાજકીય રીતે સંવેદનશીલ કોમોડિટી ડુંગળીની નિકાસ પર સામાન્ય રીતે પ્રતિબંધ છે પરંતુ સરકાર દ્વારા મિત્ર દેશોની વિનંતી પર તેના ચોક્કસ જથ્થાને મોકલવાની મંજૂરી આપવામાં આવી છે.ડાયરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ એ વાણિજ્ય મંત્રાલયની એક શાખા છે, જે આયાત અને નિકાસ સંબંધિત ધોરણો નક્કી કરે છે. અગાઉ ૮ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ સરકારે સ્થાનિક ઉપલબ્ધતા વધારવા અને કિંમતોને નિયંત્રિત કરવા માટે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પગલા બાદ ડુંગળીના ભાવમાં ઘટાડો

અનુસંધાન પાના નં.૪ પર

**અમે સુપ્રીમ કોર્ટમાં પક્ષકાર ન હતા : જયરામ રમેશ**

## કોંગ્રેસ VVPATના વધુ ઉપયોગ અંગે અભિયાન ચાલુ રાખશે

**સુપ્રીમ કોર્ટના નિર્ણયને કોંગ્રેસ માટે 'સખત થપ્પડ' ગણાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું**

નવી દિલ્હી : ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ વધારવા માટે કોંગ્રેસ VVPATના મહત્તમ ઉપયોગ પર તેનું રાજકીય અભિયાન ચાલુ રાખશે. પાર્ટીના નેતા જયરામ રમેશે શુક્રવારે આ નિવેદન આપ્યું હતું. કોંગ્રેસ દ્વારા આ વાત ત્યારે કહેવામાં આવી જ્યારે સુપ્રીમ કોર્ટે 'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ' (VVPAT) સાથે 'EVM' દ્વારા પડેલા મતોના ૧૦૦% મેચિંગ અંગેની અરજીઓને ફગાવી દીધી.ન્યૂઝ એજન્સી અનુસાર, પાર્ટીના જનરલ સેક્રેટરી જયરામ રમેશે કહ્યું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા આજે ફગાવી દેવામાં આવેલી VVPAT પરની અરજીમાં કોંગ્રેસ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પક્ષકાર નથી. રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, 'અમે બે જજની બેંચના નિર્ણયની નોંધ લીધી છે. પરંતુ અમારું રાજકીય અભિયાન ચૂંટણી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ વધારવા VVPATના મહત્તમ ઉપયોગ પર ચાલુ રહેશે.તેમણે સુપ્રીમ કોર્ટના નિર્ણયને કોંગ્રેસ માટે 'સખત થપ્પડ' ગણાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે જ્યારે સર્વોચ્ચ અદાલતે ચૂંટણી બોન્ડ યોજના રદ કરી હતી, ત્યારે તે ભાજપ માટે 'સખત થપ્પડ' હતી.કોંગ્રેસના જનરલ સેક્રેટરીએ 'X' પર કહ્યું, 'યાદ રાખો કે થોડા અઠવાડિયા પહેલા, સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટાચારથી ભરેલી ચૂંટણી બોન્ડ યોજનાને માત્ર ગેરકાયદેસર જ નહીં પણ ગેરબંધારણીય જાહેર કરીને વડા પ્રધાનને જોરદાર લપડાક આપી હતી.'રમેશે કહ્યું, 'વાસ્તવમાં વડા પ્રધાને જ તેમની ચાર સારી દસ્તાવેજી ભંડોળ એકત્રીકરણ ચેનલો દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૮,૨૦૦ કરોડ રૂપિયા એકત્ર કરવા બદલ દેશની માફી માંગવી જોઈએ.

## રક્ષા સેવાઓમાં મહિલા અધિકારીઓની ભરતી પર હાઈકોર્ટનો મોટો નિર્ણય

નવી દિલ્હી : દિલ્હી હાઈકોર્ટે કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ દ્વારા સેનામાં ઉચ્ચ હોદ્દા પર મહિલાઓને કમિશન આપવા માટે મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયને આ અંગે આઠ સપ્તાહમાં નિર્ણય લેવા જણાવ્યું છે. આ અંગે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે સીડીએસ પરીક્ષા દ્વારા મહિલાઓને ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનામાં જોડાવાની મંજૂરી આપવી જોઈએ. દિલ્હી હાઈકોર્ટે આ સૂચના આપી છે.આ અંગે એડવોકેટ કુશ કાલરાએ અરજી કરી હતી, જેનો પણ નિર્ણય સાથે નિકાલ કરવામાં આવ્યો હતો. કુશ કાલરાએ ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અરજી દાખલ કરી હતી. જ્યારે કોર્ટે તેનો નિકાલ કર્યો ત્યારે તેણે માંગ કરી કે જ્યાં સુધી કેન્દ્ર સરકાર તેના પર નિર્ણય ન લે ત્યાં સુધી અરજી પેન્ડિંગ રાખવામાં આવે, પરંતુ કોર્ટે કહ્યું કે, આની કોઈ જરૂર નથી. કેન્દ્ર સરકારને નિર્ણય લેવા દો.

## ચૂંટણી વચ્ચે મણિપુર ફરી ભડકે બળ્યું



મધરાતે મણિપુરમાં કુકી ઉગ્રવાદીઓનો આતંક : સીઆરપીએફના બે જવાન શહીદ

નવી દીલ્હી : એકબાજુ લોકસભા ચૂંટણી થઈ રહી છે અને બીજી બાજુ પૂર્વોત્તર રાજ્ય મણિપુરથી એક આઘાતજનક સમાચાર આવ્યા છે. કુકી અને મૈતેઈ સમુદાય વચ્ચે સંઘર્ષ સતત ચાલુ છે. મળતી માહિતી મુજબ કુકી ઉગ્રવાદીઓએ શુક્રવારે મધરાતે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) પર ઘાત લગાવીને હુમલો કર્યો. જેમાં બે CRPF જવાનો શહીદ થયા છે.આ અંગે વધુ જાણકારી આપતા મણિપુર પોલીસે જણાવ્યું કે શુક્રવારે મોડી રાતે લગભગ સવા બે વાગ્યાની વચ્ચે કુકી ઉગ્રવાદીઓએ કરેલા હુમલામાં CRPFના બે જવાનોના મોત થયા. આ બંને જવાનો મણિપુરના બિષ્ણુપુર જિલ્લાના નારાનસેના વિસ્તારમાં તૈનાત CRPFની ૧૨૮મી બટાલિયનના હતા. આ અગાઉ ઉગ્રવાદીઓએ ત્રણ જિલ્લા કાંગપોકપી, ઉખરૂલ અને ઈમ્ફાલ પૂર્વના ટ્રાઈજંક્શન જિલ્લામાં એક બીજા પર ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં બે કુકુ સમુદાયના લોકોના મોત થયા હતા. ત્યારબાદ થૌબલ જિલ્લાના હેઈરોક અને તેંગનૌપાલ વચ્ચે ૨ દિવસના ક્રોસ ફાયરિંગ બાદ ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના મોઈરંગપુરેલમાં ફરીથી હિંસા ભડકી. જેમાં કાંગપોકપી અને ઈંફાલ પૂર્વ બંનેના હથિયારબંધ ઉપદ્રવીઓ સામેલ હતા.ગત વર્ષે ૩ મેના રોજ મૈતેઈ સમુદાયની અનુસૂચિત જનજાતી દરજ્જાની માંગણીના વિરોધમાં પહાડી જિલ્લાઓમાં આયોજિત આદિવાસી એકજૂથતા માર્ચ બાદ ભડકેલી જાતિય હિંસા પછી મણિપુરમાં ૧૮૦થી વધુ લોકો માર્યા ગયા છે. મણિપુરની વસ્તીમાં મૈતેઈ સમુદાયની સંખ્યા લગભગ ૫૩ ટકા છે અને તેઓ મોટાભાગે ઈમ્ફાલ ઘાટીમાં રહે છે. જ્યારે આદિવાસીઓ જેમાં નાગા અને કુકી સામેલ છે તેઓ ૪૦ ટકા છે અને મુખ્ય રીતે પહાડી જિલ્લાઓમાં રહે છે.

## ધોરણ ૧૦-૧૨નું પરિણામ મે મહિનાના અંતમાં જાહેર થાય તેવી શક્યતા

ગાંધીનગર:ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ૭ મી મેના રોજ યોજનારી છે. આથી આ ચૂંટણી પૂર્ણ થયા બાદ મે મહિનાના અંતમાં ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે . ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં ૭ મી મે ના રોજ લોકસભાની ચૂંટણી યોજાનારી છે કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં રોકાયેલા છે. રાજ્યમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાની પુરવણીની ચકાસણી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પરંતુ ચૂંટણી ના કારણે પરિણામ મે મહિનાના અંતમાં જાહેર કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીએ છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૦ ની પરીક્ષામાં રાજ્યમાં કુલ ૯ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧લાખ ૩૨ હજાર થી વધુ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૪લાખ ૮૯ હજાર થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## ડેમેજ કંટ્રોલ – મનામણાનો વિષય પુરોઃ નુકશાની સરભર કરવાની ભાજપની કવાયત

**ક્ષત્રિય સમાજના મત નહીં જ મળે તેવી ગણતરી સાથે ભાજપે ચૂંટણીની નવી વ્યુહ રચના ઘડીઃ ભાજપમાં રહેલા ક્ષત્રિય આગેવાનો સમાજ પાસે પોતાના કામનો હિસાબ આપી મત માંગશે : કમિટેડ મતદારોને આકર્ષવાની રણનીતિ ક્ષત્રીય મતદારોની ઘટ અન્ય સમાજમાંથી સરભર કરવામાં આવશે : હવે એક જ લક્ષ્યાંક ભાજપ તરફી મતદાન વધારોઃ ક્ષત્રિય સમાજના રોષને ભૂલી જાવ સુરત બેઠક બિનહરીફ થયા બાદ હાઇકમાન્ડ ઉત્સાહમાં**

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરષોતમભાઈ રૂપાલાએ રાજા-રજવાડા અંગે કરેલી ટીપ્પણી બાદ રાજયભરમાં ક્ષત્રીય સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વારંવાર માફી માંગવા છતાં રોષ શાંત પડવાનું નામ લેતો નથી. રૂપાલાની ટિકીટ રદ કરવાની માંગણી ન સંતોષાતા ક્ષત્રીય સમાજ દ્વારા આંદોલનનો બીજો તબકકો શરુ કરી દેવામાં આવ્યો છે. ડેમેજ કંટ્રોલ કરવા માટે સરકાર અને સંગઠન દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં ક્ષત્રીયો વટ છોડવા તૈયાર નથી. આવામાં હવે ભાજપે નુકશાની સરભર કરવા માટે નવી કવાયત શરુ કરી દેવામાં આવી છે.

રાજા રજવાડા અંગે ટીપ્પણી કર્યા બાદ ખુદ કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલા બે થી ત્રણ વાર બે હાથ જોડી ક્ષત્રીય સમાજની માફી ચૂકયા છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે પણ બે ત્રણ વખત માફી માંગી છે. ક્ષત્રીય સમાજ એક જ માંગ પર અડગ હતો. કે ભાજપ દ્વારા રૂપાલાની ટિકીટ રદ કરવામાં આવે જો કે ભાજપે માંગણીનો સ્વીકાર કર્યા નથી. હવે ક્ષત્રીય સમાજે રૂપાલા સામે વિરોધમાં આંદોલન પાર્ટ-૨ શરુ કરાયું છે. જેમાં રાજયભરમાં અસ્મિતા રથ શરુ કરવામાં આવ્યા છે. ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા ૧૪ લોકસભા બેઠકને આવરી લેતા ક્ષત્રીય આગેવાનો સાથે ૧૦ જેટલી બેઠક કરવામાં આવી હતી. છતાં ક્ષત્રીયો કોઈ કાલે નમું તોળવા તૈયાર નથી.

ક્ષત્રીય સમાજના મતો હવે કમળને નહીં જ મળે તેવું માની ભાજપ દ્વારા હવે ચુંટણીની નવી જ વ્યુહ રચના ઘડી કાઢવામાં આવી છે. ડેમેજ કંટ્રોલ અને મનામણનો વિષય સંપૂર્ણ પણે પુરો કરી હવે ઘ્યાન વધુ મતદાન પર કેન્દ્રીત કરવા કાર્યકરોને તાકીદ કરવામાં આવી છે. વારંવાર માફી માંગયા છતાં વિવાદ સતત વકરી રહ્યો હોવાના કારણે હવે આ વિષયને સાઈડમાં મૂકી પક્ષ લેવલથી છોડી દેવાનું નકકી કરવામાં આવ્યું છે. ક્ષત્રીય સમાજના જે મતોની નુકશાની ભાજપને જવાની છે. તે મતો કયાંથી મેળવવા તેની ગણતરી માંડવામાં આવી રહ્યા છે. ભાજપ સાથે જોડાયેલા અન્ય પક્ષોને વધુ સાચવવામાં આવશે. બીજી તરફ ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રીય સમાજના નેતા અને આગેવાનોને પણ હવે એક લીટીનું હોમ વર્ક આપવામાં આવ્યું છે કે, તેઓએ સમાજ માટે કરેલા કામનો હિસાબ આપી મત માંગવામાં આવે તેવી તાકીદ કરાય છે.

સંગઠન અને સરકારમાં મજબુત પક્ષ ધરાવતા ક્ષત્રીય આગેવાનો સમાજ પર પોતાની પકક હોવાનું પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યા છે. ક્ષત્રીય સમાજના મતો ભાજપને નહી મળે અને આ મત કોંગ્રેસ કે અન્યને મળશે તેવી બેવડી ગણતરી કરી ભાજપે નવી ચુંટણી લક્ષી રચના બનાવી છે. બીજી તરફ પાટીદાર મતદારોના

અનુસંધાન પાના નં.૪ પર

## એક તીર- એક કમાન-આદિવાસી એક સમાન : પ્રિયંકા ગાંધી

**કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં ધરમપુર-વલસાડ ખાતે યોજાયેલી વિશાળ જનસભામાં પ્રિયંકાએ કર્યુ સંબોધન : ભાજપ-મોદી સરકાર પર વરસાવ્યા શાબ્દીક ચાબખાં**



ધરમપુર : ગુજરાતમાં આજ રોજ ચૂંટણીનો રાજકીય ગરમાવો વ્યાપી જવા પામ્યો છે. એકતરફ અમિત શાહ છે તો બીજીતરફ વલસાડમાં પ્રિયંકા ગાંધીએ સભા ગજવી છે. તેઓએ કહયુ કે, એક તીર એક સમાન આદિવાસી એકસમાન. તેઓએ કહ્યુ કે આજે દેશની સ્થિતી અલગ છે. આજે આદિવાસીઓની સાથે અન્યાય થઈ રહ્યા છે જયારે કે આદિવાસી સમુદાયનું દેશના મોટા મોટા આંદોલનોમાં મોટુ યોગદાન રહેલ છે. ઈંદીરા ગાંધીને સોથી વધુ આદર આદિવાસી સંસ્કૃતી સાથે હતુ. પાછલા એક દાયકાના મોદીના શાસનને જોતા લાગે છે કે તેઓ બંધારણને બદલાવવા માંગે છે. કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલ માટે અહી તેઓએ જાહેરસભાને સંબોધન કરતા કહ્યુ હતુ કે, ભાજપ લોકસશાહીને નબળી પાડવા માંગે છે.

**તિકડમ !**
**- દેવેન વ્યાસ**



**મતદાન કરી અને આપણે ચૂંટણી પર્વની ઉજવણી કરીશું !**

## અમેરિકામાં ત્રણ ગુજરાતીના મોત

(એજન્સી દ્વારા)

ન્યુજર્સી : અમેરિકાની ધરતી ભારતીયો માટે સલામત નથી રહી. અમેરિકામાં ગુજરાતીઓની સપનાની નગરી છે, પરંતુ આ ધરતી અનેક ગુજરાતીઓના જીવ લઈ રહી છે.

ત્યારે અમેરિકામાં માર્ગ અકસ્માતમાં ત્રણ ગુજરાતી મહિલાઓનાં મોત નિપજ્યા છે. મૃતક ત્રણેય મહિલાઓ મૂળ આણંદ જિલ્લાની વતની છે. તેમની કાર ઓવરપાસ સાથે અથડાઈને ચાર લેન કૂદીને ઝાડ સાથે અથડાઈ હતી. ઓવરસ્પીડના કારણે કારના ફુરચે ફુરચા ઉડી ગયા હતા.ના જણાવ્યા અનુસાર, મહિલાઓ કારમાં સવાર થઈને એટલાન્ટાથી ગ્રીનવિલે સાઉથ કોરોલીના જઈ રહી હતી, ત્યારે વચ્ચે આ અકસ્માત નડ્યો હતો. કાર ઓવરસ્પીડમાં હોવાને કારણે અકસ્માત થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે.

## 'ત્રીજી વખત મોદી...' પાકિસ્તાનની સરકારને ભારતનું ઉદાહરણ કેમ આપવામાં આવ્યું

લાહોર : પાકિસ્તાનના ઉદ્યોગપતિઓ બાદ હવે ત્યાંના રાજકીય વિશ્લેષકોએ શહેબાઝ શરીફ સરકારને ભારત સાથે સંબંધો સુધારવાની માંગ કરી છે. વિશ્લેષકોનું કહેવું છે કે દેશમાં આર્થિક સ્થિરતા લાવવા માટે ઉદ્યોગપતિઓની વાતોને અનુસરીને ભારત સાથે વાતચીત શરૂ કરવી પડશે. તેમણે કહ્યું કે ભારતીય ઉદ્યોગપતિઓ વડાપ્રધાન મોદીથી ખુશ છે, તેથી જ તેઓ ત્રીજી વખત પીએમ બનવા જઈ રહ્યા છે. પાકિસ્તાની ચેનલ એક્સપ્રેસ ન્યૂઝ પર 'એક્સપર્ટ્સ' ટોક શોમાં બોલતા પાકિસ્તાની અખબાર 'ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન'ના મુખ્ય સંપાદક નાવેદ હુસૈને કહ્યું કે આર્થિક સ્થિરતા માટે રાજકીય સ્થિરતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે શાહબાઝ શરીફ સરકારને દેશમાં રાજકીય સ્થિરતા જાળવવા માટે અદિયાલા જેલમાં બંધ ઈમરાન ખાન સાથે વાત કરવાની સલાહ આપી હતી.'ડેઈલી એક્સપ્રેસ'ના ગ્રુપ એડિટર અયાઝ ખાને પાકિસ્તાનના મોટા ઉદ્યોગપતિ આરિફ હબીબે વડાપ્રધાન શાહબાઝ શરીફને આપેલા સૂચનોને સમર્થન આપ્યું હતું. વિદેશ મંત્રી ઈશાક ડારના નિવેદનને ટાંકીને તેમણે કહ્યું કે સરકાર ભારત સાથે વાતચીત કરવા ઈચ્છુક છે અને શાહબાઝ શરીફ આ સંબંધમાં સહયોગી દેશો સાથે વાત કરી રહ્યા છે.

## પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપ કેવી રીતે જીતે છે ચૂંટણી, જોવા આવી રહ્યા છે ૯ મોટા દેશોના ૨૦ નેતાઓ

નવીદિલ્હી : પીએમ મોદી અને ભાજપની ઉપલબ્ધિઓએ દુનિયાને ચોંકાવી દીધી છે. ઘણા દેશોના રાજકીય પક્ષોને પ્રભાવિત કર્યા છે. ભાજપ સતત બે ટર્મથી કેન્દ્રમાં સત્તા પર છે અને ત્રીજી વખત સરકાર બનાવવા માટે પૂરા ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે ચૂંટણી લડી રહી છે. પાર્ટીએ ૪૦૦ને પાર કરવાનો નારા લગાવ્યો છે.ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, બિહાર અને મહારાષ્ટ્ર જેવા દેશના મોટા રાજ્યો સહિત ૧૭ રાજ્યોમાં ભાજપ અને તેના સાથી પક્ષો સત્તામાં છે. એવા ઘણા રાજ્યો છે જ્યાં ભાજપની સત્તાને પડકારવાનું મુશ્કેલ બની ગયું છે. ભાજપની સતત જીતે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા, વિયેતનામ, મોરેશિયસ, યુગાન્ડા, તાન્ઝાનિયાના પ્રતિનિધિઓ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી નિહાળવા અને ભાજપની રણનીતિ જાણવા ભારત આવી રહ્યા છે. આ દેશોની રાજકીય પાર્ટીઓ હવે પીએમ મોદીના જાદુની પરીક્ષા કરવા માંગે છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ચૈત્ર વદ - ૩, તા.૨૭ એપ્રિલ, શનિવાર

# કચ્છી હસ્તકલાને મળી નવી ઓળખ



**કચ્છની વૈશ્વીક સ્તરે ઝળકેલી અજરખની કળાની ખ્યાતિ હવે ચોમેર પ્રસરશે : મળ્યું GI ટેગ, કલાકારોની વર્ષોની તપસ્યા ફળી**

કચ્છની વૈશ્વિક સ્તરે ઝળકેલી અજરખની કળાની ખ્યાતિ હવે ચોમેર પ્રસરશે. કારણ કે, કચ્છી કળા અજરખને GI ટેગ મળ્યું છે. ૫૦૦ વર્ષ જૂની અજરખ કલાને જ્યોગ્રોફિકલ ઈન્ડિકેશન મળતા હવે કચ્છના કલાકારો હરખાયા છે. છેલ્લાં ૧૦ વર્ષોથી કલાકારો દ્વારા આ ટેગ મેળવવા પ્રયાસો કરાઈ રહ્યા હતા. ત્યારે આખરે હવે કચ્છી હસ્તકલાને નવી ઓળખ મળી છે.અમદાવાદમાં જીઆઈ રજિસ્ટ્રાર ઉન્નત પંડિતના હસ્તે અજરખપુર હસ્તકલા વિકાસ સંગઠનનું સન્માન કરાયુ હતું.નોધનીય છે કે, લાંબા સમયથી ટેગ માટે પ્રયાસો ચાલુ હતા.વૈશ્વિક સ્તરે ઝળકેલી કળાઓના કારીગરોની ભૂમિ ગણાય છે. અનેક વર્ષો જૂની કચ્છની અજરખ બ્લોક પ્રિન્ટ હસ્તકળા આજે વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ થઈ છે. અજરખ બ્લોક પ્રિન્ટ હસ્તકળાનાં કારીગરોની આવકમાં પણ વધારો થયો છે. પરંતુ સાથે જ આ કળાની નકલ પણ બજારોમાં વધી રહી હતી. તેથી કારીગરોએ આ કળાને GI ટેગ અપાવવા અરજી કરી હતી. આખરે કારીગરોની મહેનત સફળ થઈ છે.આ કળા ૫૦૦ વર્ષ જૂની કળા મનાય છે. કચ્છની સૌથી પ્રખ્યાત હસ્ત કળા ગણી શકાય તેમ છે. બ્લોક દ્વારા થતી પ્રિન્ટ અજરખ પ્રિન્ટ ગણાય છે. હાલ કચ્છના અંદાજીત ૮૦૦થી વધુ કારીગરો આ હસ્તકળાના કામ સાથે સંકળાયેલા છે. કચ્છમાં ધમડકા અને ખાવડા વિસ્તારની વિશિષ્ટતા ગણાતી અજરખ પ્રિન્ટ બારમી સદીમાં મૂળ જેસલમેરમાંથી ઉત્પન્ન થઈ હોવાનું માનવમાં આવે છે. તેના છપાઈ કામમાં મુખ્યત્વે પરંપરાગત ભૌમિતિક ડિઝાઈન બ્લુ, લાલ અને કાળા રંગોમાં કરવામાં આવે છે. ઘણા વર્ષો સુધી અજરખ પ્રિન્ટ સૃથાનિક માંગની જ વસ્તુ રહી હતી. પરંતુ હવે તેની માંગ વાધતી જાય છે. અજરખ પ્રિન્ટ બનાવવાની પદ્ધતિ બહુ લાંબી ગણાય છે. સૌ પ્રાથમ કુદરતી રંગાટ પ્રક્રિયામાં લપડ છે. સોડીયમ કાર્બોનેટ, દિવેલ તાથા અન્ય પ્રવાહી મીશ્રણમાં બોળીને ડિસ્ટાર્ડ કરવામાં આવે છે. ત્યાર બાદ વહેતા પાણીમાં તેને પુરી રીતે ધોઈને હરેડના મીશ્રણમાં બોળવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ કાપડમાં કાળાશ આવતા તે છાપકામ માટે તૈયાર ગણાય છે. બીજા તબક્કામાં તેના પર અગાઉ બનાવેલા લાકડાના બ્લોક વડે છાપકામ કરવામાં આવે છે. સમગ્ર કાપડમાં તે જ બ્લોકાથી છાપકામ થાય છે. કચ્છની વર્ષો જુની આવી અમૂલ્ય કારીગરીને સરકારે જીઆઈ ટેગ આપીને મોટી મદદ કરી છે. હવે કારીગરોને તેનું યોગ્ય વળતર અને રોજગાર મળી રહેશે તેવો આશાવાદ સેવી શકાય છે.

# મોદીએ કચ્છને વિકાસના ચાર પરિબળોની આપી ભેટ : વિનોદ ચાવડા





ભુજ : લોકસભાની બીજા મતદાન થયા બાદ ત્રીજા તબક્કાની મતદાનની તારીખ નજીક આવી રહી છે ત્યારે કચ્છ સહિત ગુજરાતમાં ચુંટણી ગરમાવો ધીરે - ધીરે પકડી રહ્યો છે. ત્યારે એપીએમસી બેઠક બાદ ખાનગી હોટલમાં સહકારી આગેવાનો સાથે ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાએ બેઠક યોજી હતી. આ બેઠકમાં કચ્છમાં લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા જંગી બહુમતીથી વિજયી થવાના છે ત્યારે ભાજપની આ જીતમાં કચ્છના ગામેગામ પથરાયેલી પ્રાથમિક સહકારી મંડળીઓના સહકારી માળખાનો મહત્વનો રોલ હશે તેવો આશાવાદ વ્યક્ત કરી સહકારી માળખાની શક્તિ કામે લગાડવા અપીલ કરવામા આવી હતી. આ બેઠકમાં મહત્વની ચર્ચા દરમ્યાન વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદીએ કચ્છને અગણિત આપ્યું

**ઉદ્યોગ, ખેતી, પ્રવાસન, ડેરી ઉદ્યોગ અને સહકારી માળખાએ જિલ્લાના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો**

છે. પણ કચ્છના વિકાસમાં જે ચાર પરિબળો મોદીએ આપ્યા છે તે છે ઉદ્યોગ, ખેતી, પ્રવાસન અને ડેરી ઉદ્યોગ, સહકારી માળખું

ભુજ ખાતે કે.ડી.સી.સી. બેંક અને સરહદ ડેરી દ્વારા સહકારીતા સંમેલન બોલાવવામાં આવ્યું હતું અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરવા અને મોદીએ કચ્છને આપેલી વિકાસની ભેટ બદલ આભાર વ્યક્ત કરવા કચ્છમાંથી કમળના રૂપમાં વિનોદભાઈ ચાવડાને ચુંટી મોકલવા અપીલ કરવામાં આવી હતી. નારાયણસરોવરથી માંડીને આડેસર સુધીના કચ્છના ગામેગામથી મોટી સંખ્યામાં ઉપસ્થિત સહકારી મંડળીઓના પ્રતિનિધિઓને સંબોધન કરતા ભાજપના લોકસભા ચૂંટણીના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું કે, નરેન્દ્ર મોદીએ કચ્છને અગણિત આપ્યું છે. પણ કચ્છના વિકાસમાં જે ચાર પરિબળો મોદીએ આપ્યા છે તે છે ઉદ્યોગ, ખેતી, પ્રવાસન અને ડેરી ઉદ્યોગ, સહકારી માળખું

આ ચારેય પરિબળોમાં સૌથી મજબુત પરિબળ ડેરી છે. અને લોકસભા ચૂંટણીમાં ભાજપના વિજયમાં ડેરી અને સહકારી માળખું ખુબ મહત્વનું સાબિત થવાનું છે. કચ્છ ભાજપના પ્રમુખ દેવજીભાઈ વરચંદે વકતવ્ય આપતા જણાવ્યું કે ભાજપ સરકારે કરેલા વિકાસને જોઈને મત આપવાના છે અને ભવ્ય વિજય રથના સારથી કચ્છનું સહકારી માળખું બનશે. સહકારીતા સંમેલનને ઉદ્બોધન આપતા સરહદ ડેરીના ચેરમેન અને અમુલના વાઈસ ચેરમેન વલમજીભાઈ હુંબલે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકારની સહાય અને પ્રેરણાથી કચ્છમાં શ્વેતક્રાંતિ સહકારી ધોરણે પ્રગતિના પંથે છે. કચ્છની શ્વેતક્રાંતિ થકી કચ્છના પશુપાલકો, ખેડૂતો, માલધારીઓનો વિકાસ થયો છે. ત્યારે નરેન્દ્ર મોદીનું આ ઋણ ચૂંટણીમાં કમળને મત આપીને ઉતારવાનું છે. ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે પણ જણાવ્યું કે, ગુજરાતના રાજકીયક્ષેત્રમાં વર્ષોથી સહકારીક્ષેત્રની મજબુત પકડ છે તે હવે કચ્છમાં આપણે સાબિત કરવાની છે.

સહકારીતા સંમેલનની શરૂઆતમાં કે.ડી.સી.સી. બેંકના ચેરમેન દેવરાજભાઈ ગઢવીએ શાબ્દીક સ્વાગત કરી સૌને આવકાર્યા હતા. સરહદ ડેરી અને કે.ડી.સી.સી. બેંક દ્વારા મંચસ્થ મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન કે.ડી.સી.સી. બેંકના ડાયરેક્ટર મનુભા જાડેજાએ કર્યું હતું. મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

## કંઢેરાઈ સીમમાંથી સગીરાનું અપહરણ

ભુજ : તાલુકાના કંઢેરાઈ સીમ વિસ્તારમાં આવેલ વાડી વિસ્તારમાંથી સગીરાનું અપહરણ થયું હતું. ૧૩ વર્ષિય સગીરાને કાયદેસરના વાલીપણામાંથી સવાભાઈ વઘાભાઈ ઠાકોર નામનો શખ્સ ભગાડી જતા પદ્ધર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# એમસીએમસી કંટ્રોલ રૂમની મુલાકાત લેતા એકસેપેન્ડીચર ઓબ્ઝર્વર



ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ સંદર્ભે જિલ્લાકક્ષાની મીડિયા સર્ટિફિકેશન એન્ડ મીડિયા મોનિટરિંગ કમિટી અંતર્ગત જિલ્લા માહિતી કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમની ખર્ચ ઓબ્ઝર્વર કે. અશોકકુમારે મુલાકાત લીધી હતી. એમસીએમસી કંટ્રોલરૂમની ખાતે ટીવી ચેનલોનું રાઉન્ડ ધ ક્લોક મોનિટરીંગ, દૈનિક ચૂંટણીલક્ષી મીડિયા અહેવાલ વગેરે બાબતોથી એમસીએમસી કમિટીના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયાએ ઓબ્ઝર્વરને અવગત કરાવ્યા હતા. ઓબ્ઝર્વર્સે મુલાકાત કરીને મીડિયા મોનિટરીંગની કામગીરી અંગે જરૂરી વિગતો મેળવીને સંબંધિત જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# કલેક્ટરે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ સાથે મતદાન જાગૃતિલક્ષી સંવાદ સાધ્યો



ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત કચ્છ જિલ્લાના લોકોમાં મતદાન જાગૃતિ લાવવાના હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટિવિટી અંર્તગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. તેના ભાગરૂપે કલેક્ટર કચેરી ભુજ ખાતે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સાથે મતદાન જાગૃતિ લક્ષી કાર્યક્રમનું આયોજન જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

**મતદાન જાગૃતિના કચ્છી ગીતના લોન્ચિંગ સાથે સોશિયલ મીડિયાના માધ્યમ થકી મતદાન જાગૃતિલક્ષી સંદેશાઓ શેર કરવા જિલ્લા ચૂંટણી અધિકારીની અપીલ**

આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને સામાજિક જવાબદારીના ભાગરૂપે કચ્છમાં મતદાન જાગૃતિ માટે સહયોગ આપવા જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા અપીલ કરાઈ હતી. આ સાથે જ મતદાન જાગૃતિ અંગેનું કચ્છી ગીત 'આઉં ભારત ઐયાં' લોન્ચ કરીને તેનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા અનુરોધ કરાયો હતો. સોશિયલ મીડિયાના માધ્યમથી સ્વીપ દ્વારા કરાતી મતદાન જાગૃતિ પ્રવૃતિને જન જન સુધી પહોંચાડીને વધુમાં વધુ નાગરિકો તા.૭મેના મતદાન કરે તે દિશામાં સહયોગ આપવા અનુરોધ કરાયો હતો. લોકોને મતદાનનું મહત્વ, મતદાન કરવા જતી વખતે કયા આધાર પુરાવાઓ સાથે રાખવા, એક મતનું મહત્વ, પરિવાર સાથે મતદાન કરવા જવું, પ્રથમ વખત મતદાન કરનાર યુવાઓને મતદાનની અપીલ વગેરે જેવા મુદ્દાઓ પર ઓડીયો તથા વીડિયો રીલના માધ્યમથી સંદેશાઓ બનાવીને કચ્છવાસીઓને મતદાનનું મહત્વ સમજાવવા અંગે જિલ્લા ચૂંટણી અધિકારીએ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સને અનુરોધ કર્યો હતો. ઉપરાંત ચૂંટણી પ્રચાર-પ્રસાર અંગેની જે પણ સામગ્રી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મુકવામાં આવે તેમાં ચૂંટણી પંચની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવે તેવી સમજ કલેક્ટર દ્વારા આપવામાં આવી હતી.

આ પ્રસંગે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરોએ મતદાન જાગૃતિ અંગે તથા ચૂંટણી પ્રચાર - પ્રસાર અંગેના પોતાના વિચારો જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યા હતા. સોશિયલ મીડિયાના માધ્યમ થકી લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિલક્ષી કાર્યક્રમમાં ભાગ લેવા બદલ તમામ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરાયા હતા.

આ પ્રસંગે ટીઆઈપી નોડલ તથા જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈ, એમસીએમસી કમિટીના સભ્ય સચિવ અને નાયબ માહિતી નિયામક મિતેષ મોડાસિયા તથા સ્વીપ નોડલ અધિકારી બી.એમ. વાઘેલા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચેક પરત ફરવાના કેસમાં તહોમતદારને ૧૮ માસ જેલની સજા

ગાંધીધામ : ચેક પરત ફરવાના કેસમાં તહોમતદારને ૧૮ માસ જેલની સજા ફરિયાદીને ચેકની બમણી રકમ ચુક્વવા વળતર તરીકે ચુકવવા કોર્ટે હુકમ કર્યો હતો. મે. સોમ્રતા એઝીમ પ્રા. લી. એ શ્રી મયંક પરશોતમભાઈ ભગત તે શ્રી એમ.પી.ઈમ્પેક્ષ ના માલિક વિરુધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કેરલ. ફરિયાદી લાકડાનો ધંધો કરે છે. તહોમતદારે ફરીયાદી થી તા. ૦૫.૧૨.૨૦૧૯ ના રોજ રૂ.૧૧,૩૨,૩૦૩/- નો લાકડો ઉધારથી થી ખરીદ કરેલ. તે પેટે રૂ. ૬,૫૦,૪૪૪/- બાકી નીકળે છે. તે લેણી રકમ પેટે તહોમતદારેએક્ષિસ બેંક, ગાંધીધામનો રૂ. ૬,૫૦,૪૪૪/- વાળો ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ ફરીયાદી તે ચેક ફરીયાદીએ પોતાના બેંક માં

**ફરિયાદીને ચેકની બમણી રકમ ચુક્વવા વળતર તરીકે ચુકવવા કોર્ટનો હુકમ**

વટાવવા માટે રજુ કેરલ પરંતુ તહોમતદારે તે ચેક પરત ફરેલ. જેથી ફરીયાદી એ પોતાના વકીલ શ્રી વી. પી. આલવાણી મારફતે નોટીસ મોકલાવેલ. તેમ છતાય તહોમતદારે ચેક ની રકમ ચુકવેલ નહી. જેથી ફરિયાદી એ પોતાના વકીલ શ્રી વી. પી. આલવાણી મારફતે ગાંધીધામ કોર્ટમાં તહોમતદાર વિરુધ્ધ ફોજદારી ફરીયાદ દાખલ કેરલ. ફરીયાદી ના વકીલ શ્રી વી. પી. આલવાણીએ મારફતે એ એવી દલીલ કેરલ કે સદરહુ ચેક બાકી નીકળતા રકમ પેટે ચૂકવેલ છે અને ડિમાન્ડ નોટીસ ઈશયુ કર્યા છતાં ચેકની રકમ ચૂકવેલ નથી અને તેમ તહોમતદારે કરી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ની કલમ ૧૩૮ મુજબ ગંભીર ગુનો કેરલ છે. જેથી તહોમતદારને વધુ માં વધુ જેલની સજા અને ચેકના રકમની બમણી રકમ વળતર તરીકે ફરિયાદીને ચુકવવા વિનંતી કરેલ.

નામદાર કોર્ટે ફરીયાદીના વકીલ શ્રી વી. પી. આલવાણી ની દલિલો માન્ય રાખી તહોમતદારને તસીરવાન ઠરાવી, તહોમતદારને ૧૮ માસ જેલની સજા તથા ચેકની બમણી રકમ એટલે રૂ. ૧૩,૦૦,૮૮૮/- વળતર પેટે ફરીયાદીને ચુકવવા હુકમ ફરમાવેલ. આ કામે ફરીયાદી વતી એડવોકેટ શ્રી વી. પી. આલવાણી, શ્રી વિશાલ કાનન, શ્રીમતી વર્ષા કાનન, શ્રી રાજેશ એન. કેશવાણી, વિમલેશ મારુ હાજર રહ્યા હતા.

## જિલ્લા શિક્ષણાધિકારી તરીકેનો વધારાનો હવાલો સોંપાયો

ભુજ : આદર્શ આચારસંહિતાને ધ્યાને લઈ સામાન્ય વહિવટ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારની તા.૧૭-૪ થી ૧૦-૫ સુધી ૨૪ દિવસની મેડિકલ રજા મંજૂર કરવામાં આવી છે. રજાઓ દરમ્યાન કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે વધારાનો હવાલો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી. એમ. વાઘેલાને સોંપવામાં આવ્યો છે.

# પાનધ્રોવાસીઓને ગેસ કનેક્શન મેળવવામાં હાલાકીની રાવ

ભુજ : લખપત તાલુકાના પાનધ્રો ખાતે કચ્છ લિગ્નાઈટ ટીપીએસમાં આવેલ ગેસ એજન્સી દ્વારા સ્થાનિક રહેવાસીઓને ગેસ કનેકશન આપવામાં આનાકાની કરવામા આવે છે. જિલ્લામાં ગેસ એજન્સીનો આદેશ હોવા છતા સ્થાનિક સંચાલકો દ્વારા અરજદારોને કનગડત કરવામાં આવી હોવાની ફરિયાદ જિલ્લા કલેક્ટર સમક્ષ કરવામાં આવી છે.

સ્થાનિક જાગૃત નાગરિક શંકરદાન ગઢવીએ રજૂઆતમાં જણાવ્યું કે, સ્થાનિક ગેસ એજન્સી દ્વારા ગેસ કનેકશન આપવામાં આવતા નથી. કોઈપણ કારણ દર્શાવી ગેસ કનેકશન ન આપી અરજદારોને પરેશાન કરવામાં આવે છે. લોકોને નાછૂટકે દૂરની ગેસ એજન્સી પાસેથી કનેકશન લેવાની ફરજ પડે છે. જેથી ભાડા પેટે રકમ ચૂકવવી પડે છે. કેટલાક લોકોને ગેસના અભાવે બળતણ તરીકે લાકડાનો ઉપયોગ કરવો પડે છે. ઉજવલ્લા યોજના ધારકોને ગેસ મળતો નથી અને કેરોસીન પણ મળતું નથી જેથી યોગ્ય કાર્યવાહી કરી ન્યાય અપાવવા માંગ કરી હતી.

# પશ્ચિમી વિક્ષોભની અસર તળે કચ્છમાં છુટાછવાયા વરસાદની આગાહી

ભુજ : પશ્ચિમી વિક્ષોભની અસર તળે સર્ક્યુલેશન સિસ્ટમ સર્જાઈ છે. વાતાવરણીય બદલાવના પગલે કચ્છ જિલ્લામાં છુટોછવાયો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ દક્ષિણ ઈરાન અને દક્ષિણ પાકિસ્તાનમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જેની અસર તળે ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાતાવરણીય બદલાવ જોવા મળી રહ્યો છે. પશ્ચિમી વિક્ષોભની અસરથી કચ્છ જિલ્લામાં છુટોછવાયો વરસાદ થવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એપ્રિલ માસ દરમિયાન કચ્છ જિલ્લામાં તાપમાનમાં સતત વધઘટનો દૌર યથાવત રહ્યો છે. જિલ્લામાં ગઈકાલે મહત્તમ તાપમાન ૩૩થી ૩૯ ડિગ્રી સુધી નોંધાયું હતું, પરંતુ હવામા ભેજનું પ્રમાણ વધુ હોવાથી તાપની સરખામણીએ ઉકળાટથી કચ્છવાસીઓ અકળાયા હતા. હવામાન વિભાગ દ્વારા ફરી એક વખત કમોસમી વરસાદની આગાહીથી ધરતીપુત્રોમાં ઉચાટ ફેલાયો છે. કમોસમી વરસાદના પગલે કેસર કેરીના તૈયાર ફાલને નુકસાન થવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

**હવામાં ભેજનું પ્રમાણ વધતા તાપ સાથે ઉકળાટની અનુભૂતિ**

## આદિપુર અને વરસામેડીમાં સામાન્ય મુદ્દે મારામારી

ગાંધીધામ : આદિપુર અને વરસામેડીમાં સામાન્ય મુદ્દે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. ફરિયાદી નિતેશ વિજયકુમાર મોતીરામાણીના જણાવ્યા પ્રમાણે તેમની સાળીનો દીકરો ધુળ ઉડાવતો હોઈ ફરિયાદી કહેવા જતા આરોપી વિશાલ રાણા અને ધર્મેન્દ્ર કુર્મીએ ઉસ્કેરાઈને ગાળો આપી ફરિયાદી સાથે ઝપાઝપી કરી માથામાં કડુ મારી ઈજા કરતા આદિપુર પોલીસમાં ગુનો દાખલ થયો છે, જ્યારે વરસામેડીમાં અગાઉ થયેલી ફરિયાદના મનદુઃખે ફરિયાદ પરત ખેંચવા મુદ્દે ફરિયાદી રામસખી જોરસિંગ જાટવાને માર મારી ઈજાઓ પહોંચડતા આરોપી બિહારના સુરજ શંકર રાજપૂત સામે અંજાર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# માધાપર ગાંધી સર્કલથી રાણી લક્ષ્મીબાઈ સર્કલનો રસ્તો બિસ્માર હાલતમાં

ભુજ : તાલુકાના માધાપર ગામે ગાંધી સર્કલથી રાણી લક્ષ્મીબાઈ સર્કલ (બાપા સીતારામ મઢુલી) નો રોડ ભારે ખરાબ થઈ ગયો છે. અહીં રસ્તા ઉપર મોટા ખાડા પડી ગયા છે, જેના કારણે વાહન ચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. બિપોરજોય વાવાઝોડા બાદ આ રસ્તા ઉપર દર ૫૦ મીટરે મોટા ખાડા આવે છે, જેથી વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યા છે. આ રસ્તા ઉપર આવેલા ખાડાને કારણે ટુ-વ્હીલર ચાલકોને કમરમાં તકલીફ થઈ રહી છે. અહીં એસટીની બસો સાથે સરકારી વાહનોની ખૂબ અવરજવર છે છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી. હાલમાં ગાંધી સર્કલથી માધાપર પોલીસ સ્ટેશનનો રસ્તો સારો થઈ ગયો છે ત્યારે આ રસ્તો રિસર્ફેસીંગ અથવા નવો બનાવવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

ધ્રીયા ઈરીગેશન Rivulis
ટપક પદ્ધતિ
ફ્રી વાઈન્ડર
ફ્રી માના મોબાઈલ એપ (T&C Apply)
સંપર્ક : બ્રાન્ચ ઓફિસ
કોઠારા - 80803 03413
ભુજ - 70690 06356
બિડડા - 97572 18555
DHRIYA ESSENTIAL OILS
ઓફિસ : ગુંદાલા ચોકડી, ગુંદાલા, મુંદ્રા
95949 15013

# પશ્ચિમ કચ્છમાં અપમૃત્યુની ઘટનાઓમાં વધુ ચાર જિંદગી પર મૂકાયો પૂર્ણવિરામ

ભુજ : કચ્છમાં મોતનું કાળચક્ર ફરી વળ્યું હોય તેમ અપમૃત્યુની ઘટનાઓમાં ઉછાળો આવ્યો છે. વધુ ચાર ઘટનાઓમાં મહિલા સહિત ચારના જીવ ગયા છે.

ભુજ તાલુકાના ઢોરી વાડી વિસ્તારમાં વાડીમાં પાણી વાડવા માટે ૫૮ વર્ષિય હશન આમદ સમેજા ઈલેકટ્રીક મોટર ચાલુ કરવા માટે ગયા ત્યારે ઈલેકટ્રીક કરંટ લાગતા ગંભીર રીતે ઈજાઓ થવાના કારણે તેઓને સારવાર માટે ઢોરી સીએચસીમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તબીબે મૃત જાહેર કરતા માધાપર પોલીસમાં એડી દાખલ થઈ છે.

આ તરફ માંડવી તાલુકાના ત્રગડી ગામે રહેતા ૨૯ વર્ષિય અરૂણાબા ભરતસિંહ જાડેજાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર દવા પી લેતા સારવાર માટે જી.કે.માં લાવવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત થતા માંડવી મરીન પોલીસે તપાસ હાથ ધરી છે. દરમિયાન મોટા આસંબિયા ગામે રહેતા ૧૭ વર્ષિય સુલતાન સલીમભાઈ કુંભારે પોતાના મરગા ફાર્મમાં આવેલા પતરાના શેડમાં આડી સાથે દોરી બાંધી ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી લીધી હતી. હતભાગીના બનેવીએ ૧૦ દિવસ અગાઉ ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હતું. જેનું મરણજનારને મનમાં લાગી આવતા તેણે આ પગલું ભરી લીધું હોવાનું કોડાય પોલીસ મથકે પરિવારે જણાવ્યું હતું. જ્યારે નખત્રાણા તાલુકાના મોટી ખોભંડી ગામે રહેતા ૫૨ વર્ષિય ભગવાનજી પ્રેમજી કાપડી પોતાના ઘરે હતા ત્યારે ચક્કર ખાઈને પડી જતા ઈજાઓ થવાના કારણે મોત થતા નખત્રાણા પોલીસે એડી દાખલ કરી છે.

**ઢોરીમાં કરંટ લાગતા આધેડનું મોત, ત્રગડીમાં દવા પી લેતા મહિલાનો જીવ ગયો, મોટા આસંબિયામાં બનેવીના વિયોગમાં આપઘાત, મોટી ખોંભડીમાં ચક્કર ખાઈને પડી જતા આધેડનું મોત**

# અબડાસાના રાપરગઢની વાડીમાં બે પક્ષો વચ્ચે હથિયારો સાથે મારામારી

ભુજ : અબડાસા તાલુકાના રાપરગઢ ગામે કલ્પેશભાઈ શાહની વાડીએ બે પક્ષો વચ્ચે હથિયારો સાથે મારામારી થઈ હતી. ટ્રેક્ટરની પાછળ લગાવેલ સીકંજો અને હિસાબ ક્લિયર કરવા મુદ્દે થયેલી બોલાચાલીમાં જખૌ પોલીસ સ્ટેશનમાં સામ સામે આઠ વ્યક્તિઓ સામે ફરિયાદ દાખલ થઈ છે. મૂળ હરિયાણાના અને હાલે પરજાઉની વાડીમાં રહેતા બલવાનસિંગ ફુલસિંગ લાલચંદ ચૌધરીના જણાવ્યા પ્રમાણે તેમણે આરોપી મૂળ હરિયાણાના હાલે રાપરગઢમાં કલ્પેશભાઈની વાડીએ રહેતા મનદીપ સુરજીતસિંગ ચૌધરીને ટ્રેક્ટર પાછળ લગાવવાનો સિકંજો આપ્યો હતો. જે અવાર-નવાર પાછો માંગવા છતા પરત આપ્યો ન હતો. ફરિયાદી અને આરોપી વચ્ચે ફોન પર વાતચીત થઈ ત્યારે ફરિયાદીને રાપરગઢ બોલાવી અગાઉની આ બાબતનું મનદુઃખ રાખી અન્ય આરોપીઓ સોનુ સુરજીતસિંગ ચૌધરી, મનદીપની ફઈનો દીકરો અને સંતોષકૌર મનદીપ ચૌધરી ત્યાં હાજર હતા. તેઓએ ફરિયાદી અને સાહેદો સાથે બોલાચાલી કરી ગાળો આપી સુમિતને ડાબા હાથમાં કૂહાડી મારી હતી. તેમજ અન્ય સાહેદોને લાકડી વડે માર મારી ઈજાઓ પહોંચાડતા ગુનો દાખલ કરાયો છે. જ્યારે સામે પક્ષે મનદીપે બલવાનસિંગ તેમજ સુમતિ રમેશ ચૌધરી, રામ ભગર (બલવાનસિંગનો બનેવી) અને બોલેરો કેમ્પરના ડ્રાઈવર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે ફરિયાદીના ભાઈએ આરોપી બલવાનસિંગને ત્રણ વર્ષ અગાઉ ૧ લાખ ઉછીના આપ્યા હતા. જેમાં ૮૫ હજાર પરત મળ્યા હજુ ૧૫ હજાર પાછા આપ્યા નથી. જેથી બાકીના રૂપિયાના બદલામાં ટ્રેક્ટરની પાછળ લગાવવાનો સિંકજો લઈ આવ્યા હતા. હિસાબ ક્લિયર કરવા માટે થયેલી બોલાચાલીમાં આરોપીઓએ ધોકાવડે મારામારી કરી ફરિયાદીને ભાઈને માથાના ભાગે તેમજ સાહેદોને નાની-મોટી ઈજાઓ પહોંચાડતા જખૌ મરીન પોલીસમાં સામ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

**ટ્રેક્ટરની પાછળ લગાવેલો સીકંજો અને હિસાબ ક્લિયર કરવા મુદ્દેની બોલાચાલીમાં મામલો બીચક્યો**

# માંડવીમાં ગાયની કત્તલ કરનારો શખ્સ ઝડપાયો



માંડવી : શહેરમાં ઉમિયાનગરમાં રહેતા આરોપીએ પોતાના ઘરે ગૌવંશની કત્તલ કરતા પોલીસે તેને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ ઉમિયાનગર રોડ પર પાસે રહેતા તૌસિફશા યાસીનશા સૈયદ નામના શખ્સે પોતાના મકાનમાં ગાયની કત્તલ કરી ગૌમાંસ પોતાના મકાનમાં રાખ્યું હોવાની બાતમીના આધારે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ઘરમાંથી ૩૪ કિલો શંકાસ્પદ પશુ માંસનો જથ્થો મળી આવ્યો હતો. વેટરનીટી ડો.દિશા પટેલને બોલાવી તપાસ કરતા તેમણે ગૌમાંસ હોવાનો અભિપ્રાય આપ્યો હતો. જેથી આરોપી તૌસિફશાની અટક કરી તેની સામે ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમની કલમો તળે ગુનો દાખલ કરી આરોપીના કબજામાંથી લોખંડના કોયતા, છરી, વજન કાંટો, સુતરની રસ્સી સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પીઆઈ ડી.ડી.શિમ્પી સાથે સ્ટાફના વાછીયાભાઈ ગઢવી, લીલાભાઈ દેસાઈ, મેહૂલભાઈ જોષી, ધર્મેન્દ્રસિંહ સોઢા, દિલીપભાઈ ડામોર, શિલ્પાબા સોલંકી, કિરણભાઈ ચૌધરી, અનુપભાઈ કાપડી, પ્રાંજલબેન માડી સહિતના જોડાયા હતા.

## ઘરે થી ચાલ્યા ગયા છે



મુન્દ્રા તાલુકાના નાના કપાયા ના ઈબ્રાહીમ બુઢ્ઢા સુમરા (અભાયો) તા. ૧૭-૦૪-૨૦૨૪ થી બપોરે ઘરે થી ચાલ્યા ગયા છે.

જે કોઈને દેખાય તો નીચેના નંબરે સંપર્ક કરવા વિનંતી...

મામદ રફીક : મો.: 95378 34654
97262 40289
જીતુભાઈ ગઢવી : મો.: 99256 81320

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૪૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ગાંધીધામની પ્રતિષ્ઠીત કો-ઓપ.બેંકના વહીવટ સામે અંગુલીનિર્દેશ

**બેંકના એકાઉન્ટ હોલ્ડર મૃતક પિતાના વારસદાર સુરેશભાઈ ગુલાબરાય ગુરનાનીએ આર્થીક ફ્રોડ-વહીવટી ગેરરીતીઓ સહિતના મામલે કર્યા મોટા આક્ષેપ : પિતાજીના મૃત્યુ બાદ ખુદ વીલમાં વારસદાર તરીકે પ્રસ્થાપિત છે, નામદાર કોર્ટમાથી પ્રોબેટ પણ લાવ્યા હોવા ઉપરાંત તેમના પિતાની બેંકમા રહેલી એફડીઆર-લોકર(તેમાં રહેલ લાખોની મત્તા) સહિતની માહીતીઓ આપવામાં બેંકના જવાબાદરો દ્વારા ઠાગઠૈયા કરવામાં આવતા હોવાની બૂમરાડ**

**અરજદારે ભુજ જીલ્લા રજીસ્ટ્રાર, આરબીઆઈ સુધી ફરીયાદો કર્યા બાદ હવે પૂર્વ કચ્છ પોલીસતંત્રને પણ લખી ફરીયાદ ચીઠ્ઠી : પિતાજીનુ બેકમાં ખાતુ હતું, પ્રોબેટ ફરીયાદીના નામે છે, છતા પણ બેંક શરૂઆતથી સબંધિત ખાતાનું સ્ટેટમેન્ટ, પાસબુક ડુપ્લીકેટ કોપી સહિતની વિગતો આપવામાં ચલચચલાણા જ કરી રહી છે અને તેની પાછળ બેંકના પૂર્વ અને વર્તમાન મેનેજર ઉપરાંતના મળીને પાંચ લોકો સામે ફરીયાદીએ તપાસની કરી છે માંગ**

**અમારા કાયદાકીય સલાહ અનુસાર જ કાર્યવાહી કરાઈ છે, અરજદાર થર્ડપાર્ટી હોવાથી તેમને સ્ટેટમેન્ટ કે પાસબુક નિયમાનુસાર આપવા પાત્ર થતી નથી, એટલે નથી આપી, પ્રોબેટમાં ગાંધીધામ કો ઓપ બેંકની સામે જે નીલ લખેલ છે તેના બદલે અન્ય બેંકની જેમ વિગતો અરજદાર લખાવી લાવે તો કાનુની સલાહ મેળવીને કઈક કરી શકાય, તેવો પત્ર અમે અરજદારને પાઠવેલ છે : શ્રી સુરેશ કેશવાણી (જનરલ મેનેજર, ગાંધીધામ કો.ઓપ.બેંક)**

**એફડીના હકક્દારોને બેંકના પગથીયાઓ ચડી ચડીને ચપલો ઘસાઈ ગયા હોય તેવી આ એક ઘટના નથી, પરંતુ આવા તો અન્ય કીસ્સાઓ પણ બની ચૂકયા હોવાની છે ચર્ચા : એફડી માટે જ એક વરિષ્ઠ વયોવૃદ્ધ તો બેઠકમાં ન્યાય માંગતા તેઓની બોલતી જ બંધ કરી દેવાઈ હોવાનો વીડીયો પણ સંકુલમાં ભારે ચર્ચાનું કારણ બન્યો હોવાની છે ચકચાર : પ્રબુદ્ધવર્ગની ટકોર**

**કંડલા કોમ્પલેક્ષમાં હાલના સમયમાં સીએજી ઓડીટનો વિષય ભારે ચર્ચામાં આવ્યો છે, અહીની એક મહાન સંસ્થામાં સીએજી ઓડીટનો આદેશ અપાયો હોવાની કડક ટકોરની ચર્ચાઓ થઈ રહી છે તો શું હવે કોઈ બેંકમાં પણ કેગ આધારીત ઓડીટની સ્થીતીનું નિર્માણ તો નથી થઈ રહ્યું ને..? : યક્ષ સવાલ**

**એફડી જેમના નામના ચેક્ની સહી સાથે બેંક્માથી ૨૦૧૯માં વીથ ડ્રો કરી આપવામાં આવી છે તેઓ તે સમયે જીવિત હતા ખરા? તેમનુ તો ૨૦૧૨માં અવસાન થયેલ છે? વારસદારે ફરીયાદમાં આ બાબતેનુ મૃત્યુ પ્રમાણપત્ર પણ રજુ ક્રરેલ છે? વિચાર તો કરો કે, આ પ્રતિષ્ઠીત બેંક્માં અમુક્ર બની બેઠેલાઓ વેરીફીકેશનની કામગીરી પણ કેટલી હદે સજાગતાથી કરતા હશે..? તેનો પણ આ સવાલ પરથી ખ્યાલ આવી જાય છે.**

ગાંધીધામ :પૂર્વ કચ્છની પ્રતિષ્ઠીત ગાંધીધામ કો ઓપરેટીવ બેંકના વહીવટની સામે ભોગગ્રસ્ત નાગરીક દ્વારા પોલીસતંત્રને ફરીયાદ કરી અને મોટા અંગુલીનિર્દેશ કરવામા આવ્યા છે.

અરજદાર સુરેશ જી ગુરનાનીએ પૂર્વ કચ્છ એસપીશ્રીને કરેલી ફરીયાદની વાત કરીએ તો ખોટા દસ્તાવેજો અને બેંક ફ્રોડ તમજ ધાકધમકી તેઓને કરવામાં આવી હોવાની ફરીયાદ કરાઈ છે અને તેમાં આરોપીઓ તરીકે મોતીરામ ગુલાબરાય ગુરનાની, યોગેશ ગુલાબરાય ગુરનાની, આરતી યોગેશ ગુરનાની, આરતી યોગેશ ગુરનાની, રમેશ ચંદનાની તથા સુરેશ કેશવાનીનો નામજોગ ઉલ્લેખ કરવામા આવ્યો છે. ફરીયાદી ખુદ આદિપુરના રહેવાસી છે અને તેઓના પિતાજીની જીવનમુડી તેઓની જાણ બહાર તેમના બન્ને ભાઈઓ મોતીભાઈ અને યોગેશભાઈ બારોબાર ખોટી રીતે ઉપાડી ગયેલ છે અને તે રકમ નામદાર કોર્ટના હુકમ અનુસાર તે એફડીઆરની રકમના યોગ્ય અને કાયદેસરના વારસદાર ફરીયાદી હોઈ તેથી કાયદેસરની રીતે તપાસ કરવામા આવે તેવી માંગ કરાઈ છે. ફરીયાદી સુરેશભાઈ અહી કહી રહ્યા છે કે, તેઓના સદગત પિતા તથા આરતી ગુરનાનીના નામે ગાંધીધામ કો ઓપરેટીવી બેંક આદિપુર શાખામા જોઈન્ટ લોકર આવેલ હતુ. જે ૨૫ વર્ષથી ચાલતુ હતુ તેમા આશરે રૂપીયા પચાસ લાખ સુધીનુ સોનુ મુકેલ હતુ. જે બેંકએ બંધ કરવાની કોઈ પણ કોર્ટ ફોર્માલીટી કે લીગલ વારસદારોની સહમતી લીધા વગર જ બંધ કરી દીધેલ અને ફરીયાદીના માતા આજીવન સહી કરતા અને આરોપીઓ એક બીજા સાથે સાંઠગાંઠ કરીને તેઓની માતાના અવસાન બાદ ઉપરોક્ત લોકર બંધ થયેલ છે. પરંતુ ફરીયાદના પિતાજીએ તેઓને વસીયતનામુ જે વસીયતનામા નંબર ૦૦૪૭/ ૨૦૧૯થી તારીખ ૪/૧/૧૯થી આપેલ હતુ જેના અંદર ફરીયાદીના પિતાએ સ્થાવર અને જંગમ મિલ્કત અને બેંકોના શેર તેમજ ફીકસ ડીપોઝિટનીરકમ ફરીયાદીના નામે તથા તેમના પત્નીના નામે આપવામા આવેલ હતી. અને તે વસીયતનામા પરથી તેઓ નામદાર કોર્ટનો હુકમ પણ મેળવેલ છે. જે અંગેની તમામ માહીતી તેઓને મળતા તેઓએ તેમના ભાઈથી સંપર્ક કરતા તેમના ભાઈએ ભુંડી ગાળો આપીને તારાથી થાય તે કરી લેજે અમે તને ફુટી કોડી પણ નહી આપીએ તેવી ધમકી આપી હતી. એટલુ જ નહી પણ ફરીયાદીમાં દર્શાવેલા તમામ પાંચે શખ્સોએ એકબીજાને સાંઠગાંઠ કરીને મોટા પાયે ખોટા દસ્તાવેજ ઉભા કરેલ તેમજ બેંક ફ્રોડ કરીને ધાકધમકી કરીને ઉપરોક્ત તમામ એફડીઆરની રકમ, શેરની રકમ તથા સોનુ તમામ પચાવી પાડેલ છે. જેથી આ તમામ શખ્સો સામે ખોટા દસ્તાવેજ બનાવવા, બેંક ફ્રોડ આચરવો તેમજ ધાકધમકીની ફરીયાદી નોધી અને કાયદેસરની કડક કાર્યવાહી કરવાની ફરીયાદ રજુ કરી હતી. ફરીયાદી દ્વારા પોલીસને અપાયેલી અરજીની સાથે એફડીઆરની નકલ,પાસબુકમાં કરેલ નોધની નકલ, કો ઓપરેટીવ બેંકનો પત્ર, નામદાર કોર્ટનો હુકમ, બેંકને કરેલ તમામ ઈમેઈલની નકલ, માતાના મરણનુ પ્રમાણપત્ર, ડ્રાફટની નકલ સહિતના થોકબંધ આધારે પણ રજુ કર્યા હોવાનુ શ્રી સુરેશ જી ગુરનાનીએ જણાવ્યુ છે. આ સંદર્ભે સૌ ગાંધીધામ કો ઓપરેટીવ બેંકના વર્તમાન મેનેજર શ્રી કેશવાણીએ વિગતે વાત કરતા કહ્યુ હતુ કે આ કેસ અમારા ધ્યાને ૨૦૨૧મા આવ્યો હતો. ફરીયાદીએ તે સમયે અરજી કરી હતી અને વારસદાર તરીકેની વીલ રજુ કરી હતી. જે આધારે માંગણી કરી કે મારા પિતાજીની બેંકમાં એફડીઆર છે, લોકર છે તેની માહીતીઓ મને આપવામાં આવે. અમે તે વખતે જ પત્ર લખી ફરીયાદી અરજદારને જણાવયુ હતુ કે સબંધિત એકાઉન્ટ નામે અમારી બેંકમાં કોઈ એફડીઆર જીવંત નથી તે વીથ ડ્રો થઈ ચૂકી છે.સેવિંગેસ એકાઉન્ટ છે જેમા ૧૭ હજારની બેલેન્સ તે સમયે અને હાલમાં ૨૦ હજાર રૂપીયા છે. ૨૯ શેર હતા તે નોમીનીને આપી દેવાયા છે. વધુમાં ગાંધીધામ કો ઓપરેટીવ બેંકના જનરલ મેનેજર અને જે પાંચ શખ્સોની સામે અરજદારે અંગુલીનિર્દેશ કર્યો છે તે પેકીના એક શ્રી સુરેશ કેશવાણીની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, આ કેસમાં અમે અમારીબેંકની કાયદાકીય સલાહકારની ટીમની સલાહ અને માર્ગદર્શન અનુસાર જ આ કેસમાં વર્તી રહ્યા છીએ. વિગતો માંગનાર વ્યકિત થર્ડપાર્ટી થઈ રહ્યા હોવાથી તેમને અમારા દ્વારા સ્ટેટમેન્ટ અથવા પાસબુક સહિતનુ સાહીત્ય આરબીઆઈની ગાઈડલાઈન અનુસાર આપવા પાત્ર થતુ નથી. ફરીયાદી જે પ્રોબેટ લાવ્યા છે તેમાં અન્ય બેંકોની એકાઉન્ટર નંબર સહિતની માહીતીઓ દર્શાવેલી છે, તો ગાધીધામ કો ઓપરેટીરવ બેંકના એકાઉન્ટ નંબર સહિતનું પણ તેઓએ દર્શાવવુ જોઈતુ હતુ. અમે તો ૨૦૨૧મા જ તેમને એકાઉન્ટ નંબર આપી દીધા હતા. તે કેમ પ્રોબેટમાં દર્શાવેલ નથી.? અન્ય બેકની જેમ ગાંધીધામ કો ઓપરેટીવી બેંકની સામે પણ નીલના બદલે પ્રોબેટમાં વિગતો લખાવી આપે તો અમે કાયદાકીય સલાહકારોના માર્ગદર્શન બાદ કઈ વિચારી શકીએ. બાકી અમારી બેંકમાં તમામ વ્યહવારો પારદર્શિતાના ધોરણે જ કરવામાં આવતો હોવાનુ બેંકના મેનેજર શ્રી કેશવાણીએ ટેલીફોનિક ચર્ચામાં જણાવ્યું હતું. જો કે, અરજદારની માંગ અનુસાર તેમના પિતાનું લોકર બેંક પાસે હતુ કે કેમ? જો લોકર જીવંત નથી તો કોણ કલોઝ કરાવી ગયું? કયારે કરાવી ગયુ? કયા આધારે તે લોકર બંધ કરવામાં આવ્યું છે? પિતાજીના દેહાવસાન બાદના વારસદાર તો ફરીયાદી અરજદાર સુરેશભાઈ ગુરનાની હતા, પ્રોબેટ પણ નામદાર કોર્ટમાથી તેઓ લઈ આવ્યા હતા, તો પછી તેઓની જાણ બહાર લોકરનું સંચાલન અન્યોને બેંક દ્વારા કયા આધારે આપ્યુ? તેનો કોઈ જ ચોકકસ જવાબ બેંકના વહીવટકર્તા ન આપી શકતા વધારે સવાલો અહી ઉભા થવા પામી જ રહ્યા છે. બેંક કહે છે કે, પત્ર અરજદાર-ફરીયાદીને પાઠવી દેવાયો છે, પરંતુ તેમાં બેંકમાં તેમના પિતાના નામે લોકર હતુ કે નહી? તેની કોઈ જ માહીતી અરજદારને આપવામાં આવતી નથી. ઉપરાંત આ પત્રમાં એફડીઆરની પણ કોઈ જ માહીતી ફોડ પાડીને ફરીયાદી અરજદારને બેંક દ્વારા આપવામાં આવી નથી. જયારે કે, બેંક મેનેજરશ્રી કેશવાણીએ કહ્યુ કે આ પહેલા અરજદાર રજીસ્ટ્રાર-ભુજ અને તે બાદ આરબીઆઈ તથા હવે પોલીસ સમક્ષ આ વિષયની ફરીયાદ અરજી કરેલ છે તો અમારા દ્વારા રજીસ્ટ્રારશ્રી અને આરબીઆઈ બન્નેને જરૂરી આધારો-દસ્તાવેજો અમારી કક્ષાએ રજુ કરી દેવાયા છે અને પૂર્વ કચ્છ પોલીસતંત્રને પણ અમે નિવેદન અમારૂ આપી દીધેલ હોવાનુ શ્રી કેશવાણીએ જણાવ્યુ હતુ. જો કે, ફરીયાદીએ જે માંગ કરી છે કે, તેમના પિતાનુ અહી એકાઉન્ટ હતુ, લોકર હતુ, એફડી પણ હતી, તે મેળપાપીપણા કરીને ચાંઉ કરી જવાનો ખેલ ખેલાયો છે, તે બાબતે શ્રી કેશવાણીએ કહ્યુ હતુ કે, આ વિષય કાયદાકીય છે, આવા વિષયો અમારા ધ્યાને આવે તો અમે બેંકના ચેરમેનશ્રીને ધ્યાને મુકતા હોઈએ છીએ અને તેઓની સુચના અનુસાર જ કાયદાકીય સલાહો મેળવીને તે અનુસાર જ વર્તવામાં આવતુ હોય છે. અને તે જ રીતે આ કેસમાં પણ અમારા દ્વારા કરવામાં આવ્યું છે.

## મેડિકલ સાયન્સ ક્ષેત્રે નવું સિમાચિન્હ

# કચ્છમાં સર્વપ્રથમ વખત રોબોટીક પદ્ધતિથી ઘૂંટણના સાંધા બદલવાની સફળતાપૂર્વક સર્જરી કરાઈ



**ભુજની આયુષ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોએ ક્યુએસ રોબોટીક મશિનના માધ્યમથી ઓપરેશન પાર પાડ્યું : ઘૂંટણના સાંધા બદલવાની આધુનિક સારવાર કચ્છના દર્દીઓને હવે ઘર આંગણે જ થઈ ઉપલબ્ધ**

ભુજ : સરહદી કચ્છ જિલ્લાએ મેડિકલ ક્ષેતરે વધુ એક સિમાચિહ્ન સર કર્યું છે. તાજેતરમાં જ ભુજમાં શરૂ થયેલ આયુષ હૉસ્પિટલમાં ઘૂંટણના સાંધા બદલવાની સર્જરીમાં રોબોટીક સિસ્ટમનો ઉપયોગ કરાયો હતો. કચ્છ જિલ્લા સર્વપ્રથમ વખત રોબોટીક સિસ્ટમથી ની-રિપ્લેશમેન્ટ સર્જરી હાથ ધરવામાં આવી હતી. જટીલ પ્રકારના ઓપરેશનને આયુષ હોસ્પિટલના તબીબોએ સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

આ અંગે વિગતો આપતા ભુજની આયુષ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડો. ઉપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ઘૂંટણના સાંધા બદલવાની સર્જરી જટીલ હોય છે. જેમાં દર્દીના સાંધા ખુબ ચીવટપૂર્વક લેવું જરૂરી બની રહે છે. ઘૂંટણના સાંધાના માપ અને એંગલ દરેક વ્યક્તિના અલગ અલગ હોય છે. કોઈ વ્યક્તિ જ્યારે ઘૂંટણના સાંધાનું માપ લે ત્યારે તેમાં ખુબ માઈનોર તફાવત રહેવાની પ્રબળ સંભાવના હોય છે. ભુજની આયુષ હોસ્પિટલમાં સાંધાના માપ લેવા માટે અને હાડકાને કેટલા પ્રમાણમાં ઘસારો છે તેનું માપ લેવા ખાસ રોબોટીક સુવિધા છે. ક્યુએસ કંપની દ્વારા નિર્મિત રોબોટીક સિસ્ટમથી લેવાયેલું માપ પરફેક્ટ આપે છે. આ પદ્ધતિથી ઘૂંટણના સાંધાનું ઓપરેશન થયા બાદ દર્દી બીજા દિવસે જ પોતાના પગ પર ઊભો થઈ ચાલવાનું શરૂ કરી શકે છે. અત્યાર સુધી આ પ્રકારના ઓપરેશન કરાવવા કચ્છના દર્દીઓને જિલ્લા બહાર ઓપરેશન કરાવવાની ફરજ પડતી હતી. હવે આયુષ હોસ્પિટલમાં આ અત્યાધુનિક સારવાર કચ્છના દર્દીઓને ઘર આંગણે જ ઉપલબ્ધ થઈ છે. મેડિકલ સાયન્સમાં ખુબ પ્રગતિ થઈ છે. આનુધિક ટેકનોલોજીના સહારે વિવિધ પ્રકારના ઉપચાર વધુ ગુણવતાસભર બન્યા છે. કચ્છ જિલ્લાના દર્દીઓને ઘૂંટણના કૃત્રિમ સાંધા બદલવાની ઉચ્ચ ગુણવતાયુક્ત સચોટ સારવાર આયુષ હૉસ્પિટલ દ્વારા પુરી પાડવામાં આવી રહી છે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ગુરુવારે ભુજની આયુષ હોસ્પિટલમાં આધુનિક રોબોટીક પદ્ધતિથી કચ્છમાં સર્વપ્રથમ વખત ઘુંટણના સાંધા બદલવાનું સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાએ સારવાર ક્ષેત્રે નવું સિમાચિહ્ન સર કર્યું હતું.

## ભજારભાવ

| ભુજ માર્કેટ યાર્ડ |  | ભુજ માર્કેટ યાર્ડ |  | શક્કરિયા | ૨૦-૩૫ |
|---|---|---|---|---|---|
| ૧૦૦ કિલોના ભાવ |  | (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ) |  | ચોળા ડોલર | ૨૦-૫૦ |
| ગોવાર | ૫૨૦૦-૫૨૭૧ | ડુંગળી | ૧૪-૧૮ | ચોળી | ૩૦-૭૦ |
| વરિયાળી | ૪૫૦૦-૫૯૮૦ | બટેટા | ૨૦-૨૫ | ગીલોડા | ૨૫-૩૫ |
| ભુજ માર્કેટ યાર્ડ |  | ટમેટા | ૩-૧૨ | મરચા સીમલા | ૨૦-૫૦ |
| ૪૦ કિલોના ભાવ |  | લીલી ડુંગળી | ૫-૨૦ | ગોવાર દેશી | ૨૦-૬૦ |
| એરંડા | ૨૧૬૫-૨૨૦૬ | મરચા | ૧૦-૩૦ | ગોવાર | ૧૫-૪૦ |
| ઈશબગુલ | ૪૨૦૦-૪૭૭૦ | મરચી | ૩૦-૬૦ | ગીસોડા | ૫-૧૫ |
| રાયડો | ૧૮૦૦-૧૮૮૦ | રીંગણા કાળા | ૫-૧૫ | પરવળ | ૭૦-૮૦ |
| રાપર માર્કેટ યાર્ડ |  | રીંગણા બાજરીયા | ૫-૨૦ | સરગવો | ૧૦-૩૦ |
| જીરૂ | ૩૨૯૯-૪૫૦૦ | કોબી દેશી | ૫-૧૫ | ગેલકા | ૫-૧૫ |
| વરિયાળી | ૭૦૬-૧૧૬૯ | કોબી | ૫-૧૦ | કોળુ | ૭-૧૪ |
| ઈશબગુલ | ૧૫૦૦-૨૦૦૦ | ફુલાવર | ૧૦-૨૦ | મેથી | ૧૦-૩૦ |
| એરંડા | ૧૦૮૨-૧૧૧૦ | ફુલાવર દેશી | ૭-૨૦ | બીટ | ૧૫-૨૫ |
| અજમો | ૨૦૫૬ | વટાણા | ૮૦-૯૦ | ભુજ ફ્રુટ બજાર |  |
| ઘઉં | ૬૭૦ | ધાણા | ૧૫-૨૫ | કેળા કાચા | ૧૦-૨૦ |
| મેથી | ૯૯૯-૧૦૯૨ | ભીંડા | ૧૫-૩૦ | કેળા પાકા | ૩૦-૩૫ |
| સોવા | ૯૨૦-૧૦૯૨ | કાકડી કાળી | ૫-૧૫ | પપૈયા કાચા | ૫-૧૫ |
| ભચાઉ માર્કેટ યાર્ડ |  | કાકડી સફેદ | ૫-૧૦ | પપૈયા પાકા | ૧૫-૨૫ |
| એરંડા | ૧૧૦૫-૧૧૧૯ | કાકડી ખીરા | ૧૫-૨૫ | જામફળ | ૧૫-૩૫ |
| ગોવાર | ૧૦૦૦-૧૦૧૦ | પાલક | ૨૦-૩૩ | ચીકુ | ૧૦-૨૫ |
| સાખજીરૂ | ૩૯૦૦-૪૧૨૬ | લસણ સુકું | ૧૪૦-૧૬૦ | શક્કરટેટી | ૧૦-૩૦ |
| વરિયાળી | ૮૦૧-૧૨૭૧ | લીંબુ | ૩૦-૧૨૦ | કાચી કેરી | ૧૦-૪૦ |
| ઈશબગુલ | ૨૨૦૦-૨૩૬૫ | પીત્તાઈ ગાજર કેશરી | ૭-૧૫ | પાકી કેરી | ૩૦-૭૦ |
| રાયડો | ૯૦૦-૯૨૦ | દુધી | ૩-૧૨ | ફણસી | ૬૦-૮૦ |
| અજમો | ૨૧૫૦-૨૩૫૨ | આદુ | ૧૦૦-૧૫૦ | દાડમ | ૧૫-૬૦ |
| ધાણા | ૧૨૦૦-૧૩૦૦ | કારેલા | ૧૫-૨૫ | કલીંગર | ૫-૧૫ |

## બાપા સીતારામ મઢુલી માધાપર ખાતે પાટોત્સવ ઉજવાયો



માધાપર મોમાય કૃપા ચેરીટેબલ ટ્રસ્ટ અને બાપા સીતારામ મઢુલી ખાતે મોમાય માતાજી મંદિર, બાપા સીતારામ મઢુલી અને મહાકાલ ભૈરવદાદાનો ૧૭મો અને મોજે મસ્તરામ બાપુનો ૧૪મો પાટોત્સવ યોજાયો હતો. જેમાં ગણેશ પૂજન, સ્થાપિત દેવાનું પૂજન, હોમ હવનના કાર્યક્રમો રખાયા હતા. પાટોત્સવના કાયમી દાતા લીલાવંતીબેન ચુનીલાલ ઠક્કર હસ્તે દિનેશ ચુનીલાલ ઠક્કર પરિવારહસ્તે બપોરે ૧૨ વાગ્યે હવનમાં નાળિયેર હોમાયું હતું. સૌ ભાવિક ભક્તોએ ધાર્મિક કાર્યક્રમમાં ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં રાજકીય અને સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાંજે ૭:૩૦ કલાકે મહાઆરતીનું આયોજન બાદ રાત્રે નિજાનંદ સંતવાણીનો ભાવિક ભકતોએ લાભ લીધો હતો.

# ક્ષત્રિય અસ્મિતા ધર્મરથને ઠેરઠેર મળતો આવકાર









**માતાનામઢથી નિકળેલ ધર્મરથનું અબડાસા, નખત્રાણા, પાવરપટ્ટી ઉપરાંત જિલ્લા મથક ભુજમાં સ્વાગત કરાયું : અઢારેય વર્ણનો સહકાર મળી રહ્યો હોવાનો ક્ષત્રિય આગેવાનોએ વ્યક્ત કર્યો રાજીપો**



ભુજ : કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અને રાજવીઓને અપમાનિત કરતા નિવેદન સામે ક્ષત્રિય સમાજમાં આક્રોશ ફેલાયો છે. ક્ષત્રિય નારીની અસ્મિતાની લડાઈને જનજન સુધી લઈ જવાના હેતુથી ધર્મરથ કચ્છની યાત્રાએ છે. માતાનામઢથી ધર્મરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ અબડાસા તાલુકાના કોઠારા, નલિયા, મોથાળાના ધર્મરથને આવકાર અપાયો હતો. નખત્રાણા અને પાવરપટ્ટી વિસ્તારમાંથી પસાર થયા બાદ ધર્મરથનું ભુજમાં આગમન થયું હતું. ભુજમાં રેલી સ્વરૂપે ધર્મરથ ફર્યા બાદ શક્તિધામ ખાતે સભાનું આયોજન કરાયું હતું.

ધર્મરથને કચ્છભરમાં અઠારે વર્ણ દ્વારા આવકાર મળી રહ્યો હોવાનું ક્ષત્રિય સમાજના આગેવાનોએ જણાવ્યું હતું. કચ્છના વિવિધ તાલુકાઓમાં રાજપૂત ક્ષત્રિય સભા, રાજપૂત કરણીસેના, રાજપૂત ક્ષત્રિય યુવા સભા, રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિના હોદ્દેદારો દ્વારા ધર્મરથનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છના કુળદેવી મા આશાપુરા મંદિર માતાના મઢ ખાતેથી ક્ષત્રિય સમાજના અસ્મિતા ધર્મરથને પ્રસ્થાન કરાયું હતું. આ ધર્મરથ કચ્છના ૧૦ તાલુકામાં અને મોરબી તા.૩૦ એપ્રિલ સુધી ફરાવવામાં આવશે. ધર્મરથને પ્રસ્થાન કરાવ્યા પછી ચાચરાકુંડની બાજુમાં આવેલી ક્ષત્રિય સમાજવાડીમાં જાહેર સભા યોજાઈ હતી. આ સભામાં ક્ષત્રિય સમાજની સાથે મુસ્લિમ સમાજ, અનુસૂચિત જાતિ સમાજ સહિત અન્ય સમાજોમાં અગ્રણીઓ, લોકો જોડાયા હતા. યોજાયેલી સભામાં મુસ્લિમ સમાજના અગ્રણી, સેવાભાવી સલીમ જત, ઓસમાણ સુમરા, આધમ પઢિયાર, હાજી સુલેમાન પઢિયાર, હુસેન રાયમા, હાસમ નોતિયાર, આધમ રાયમા, ઈકબાલ મંધરા સહિતના અગ્રણીઓએ ક્ષત્રિય સમાજને સમર્થન આપી રાજકોટ લોકસભા ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિરૂદ્ધ વાણી વિલા કર્યો હતો તેને સખત શબ્દોમાં વખોડ્યો હતો અને ધર્મરથને મુસ્લિમ સમાજ દ્વારા સમર્થન મળ્યું હતું.

ગુજરાત કરણી સેનાના પ્રમુખ વિરભદ્રસિંહ જાડેજાએ ક્ષત્રિય ધર્મરથને સમર્થન આપનાર જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, સતાપક્ષ (ભાજપ)ના અહંકારને તોડવા ક્ષત્રિય સમાજ સતાપક્ષ વિરુદ્ધ પ્રચાર-પ્રસાર કરશે તેવું જણાવ્યું હતું. કચ્છ રાજપૂત ક્ષત્રિય સભાના મહામંત્રી રામદેવસિંહ જાડેજાએ ભાજપ પક્ષ ઉપર પોતાનો આક્રોશ ઠાલવતા કહ્યું કે, અમારા ક્ષત્રિય સમાજને ગુજરાત, કચ્છમાંથી પાટીદાર સમાજ, અ.જા. સમાજ, મુસ્લિમ સમાજનો અગ્રણીઓનો ટેકો ક્ષત્રિય સમાજને મળી રહ્યું છે. દલિત અધિકાર મંચના જિલ્લા પ્રમુખ હિતેશભાઈ મહેશ્વરીએ મળેલી જાહેરસભામાં ક્ષત્રિય સમાજને સમર્થન આપી ભાજપ શાસનની આકરી ટીકા કરી આક્રોશ વ્યક્ત કર્યો હતો. કચ્છ કરણી સેનાના પ્રમુખ મધુભા જાડેજા, જયદીપસિંહ વાઘેલા, મહાવીરસિંહ જાડેજા, જગદીશસિંહ જામ, ભગીરથસિંહ સોઢા, શિવુભા જાડેજા, પુંજુભા જાડેજા, જેતમાલજી જાડેજા, જશુભા જાડેજા, પી.સી.ગઢવી, દેશુભા જાડેજા, રાણુભા સોઢા, વિક્રમસિંહ સોઢા, કે.ડી.જાડેજા, ક્ષત્રિય સમાજના અગ્રણીઓ, યુવાનો હાજર રહ્યા હતા.

# ગુજરાત-રાજસ્થાનમાં એટીએસ-એનસીબીની મોટી કાર્યવાહી ડ્રગ્સ બનાવતી ૩ ફેકટરીઓ ઝડપાયા : ૧૦ની ધરપકડ

ગાંધીનગર : ગુજરાતમાં ગાંધીનગર તથા રાજસ્થાનમાં આતંકવાદ વિરોધી દળ તથા એનસીબી દ્વારા સંયુકત રીતે મોટી કાર્યવાહી કરવામા આવી છે. આ બાબતે જાણવા મળતી વધુ વિગતો અનુસાર ગુજરાતના ગાધીનગર પાસે એક અને રાજસ્થાનમાંથી બે ડ્રગ્સ બનાવતી ફેકટરી પકડી પાડી છે અને તેની સાથે જ ૧૦ લોકોની પણ ધરપકડ કરવામા આવી છે. અંદાજીત ૨૫ કીલો જેટલુ એમડી ડ્રગ્સ ઝડપી પાડયું છે. ઝડપાયેલા શખ્સોથી વધુ પુછતાછ ચાલી રહી છે.

## ગો ફર્સ્ટ એરલાઇનને મોટો ફટકો

**દિલ્હી હાઇકોર્ટે તમામ ૫૪ એરક્રાફ્ટનું રજિસ્ટ્રેશન રદ કરવાની મંજૂરી આપી**

દિલ્હી : દિલ્હી હાઈકોર્ટે એરલાઈન કંપની ગો ફર્સ્ટને મોટો ઝટકો આપ્યો છે. હકીકતમાં, કોર્ટે સિવિલ એવિએશન રેગ્યુલેટરી ડાયરેક્ટર જનરલ (ફ્ષ્ઝછ) ને એરલાઈન દ્વારા વિદેશી કંપનીઓ પાસેથી ભાડે લીધેલા એરક્રાફ્ટની ડી-રજીસ્ટ્રેશન અરજીઓનો ૫ દિવસમાં નિકાલ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે ગો ફર્સ્ટના આ તમામ એરક્રાફ્ટને કોઈપણ રીતે પ્રવેશવા, ચલાવવા અથવા ઉડાન ભરવા પર પ્રતિબંધ મૂક્યો છે.તમને જણાવી દઈએ કે એરલાઈન્સ પાસે વિદેશી કંપનીઓના લગભગ ૫૪ એરક્રાફ્ટ છે. ચાલો જાણીએ સંપૂર્ણ સમાચાર વિગતવાર.તમને જણાવી દઈએ કે ગયા વર્ષે મે ૨૦૨૩માં વિદેશી કંપનીઓએ એરલાઈન્સને ભાડે આપવામાં આવેલા તેમના પ્લેન પાછા લેવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. શરૂઆતમાં DGCAએ કહ્યું હતું કે તે હોલ્ડને કારણે વિમાનોને મુક્ત કરી શકશે નહીં. જોકે, બાદમાં ડીજીસીએ કોર્ટના નિર્ણયની રાહ જોઈ રહ્યું હતું. તમને જણાવી દઈએ કે ગો ફર્સ્ટને ભાડા પર વિમાન પ્રદાન કરનારાઓમાં દુબઈ એરોસ્પેસ એન્ટરપ્રાઈઝ કેપિટલ અને એસીજી એરક્રાફ્ટ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે.આવી સ્થિતિમાં, જો ગો ફર્સ્ટ આ કેસમાં તાત્કાલિક સ્ટે ઓર્ડર મેળવે નહીં, તો તેના વિમાનો વિદેશી કંપનીઓને પરત કરી શકાય છે. આવી સ્થિતિમાં, એરલાઈન તેના તમામ ૫૪ વિમાન ગુમાવવાનો ભય છે. તમને જણાવી દઈએ કે દિલ્હી હાઈકોર્ટના નિર્ણયો અનુસાર, ફ્ષ્ઝછ એ આગામી ૫ કામકાજના દિવસોમાં ગો ફર્સ્ટ દ્વારા ભાડે લીધેલા વિમાનના રજિસ્ટ્રેશનને રદ કરવાની પ્રક્રિયા આગળ વધારવી પડશે.

## ચીન સાથે ખેલા! કરોડો રૂપિયા ખર્ચીને બનેલા એરપોર્ટ પર શ્રીલંકાએ કંટ્રોલ ભારતને આપ્યો

નવીદિલ્હી :શ્રીલંકાના હમ્બનટોટા સ્થિત મટાલારાજ પક્ષે આંતરરાષ્ટ્રીય સંચાલનની જવાબદારી ભારત અને રશિયાની કંપનીને આપવામાંઆવી છે. આ નિર્ણયને ચીન માટે ફટકો માનવામાં આવી રહ્યો છે. આએરપોર્ટનું નિર્માણ ૨૦.૯ કરોડ અમેરિકન ડોલરના ખર્ચે કરવામાં આવ્યું છે. એક સમયે, ફ્લાઇટના અભાવને કારણે, તે વિશ્વનું સૌથી નિર્જન એરપોર્ટ કહેવાતું હતું.મટાલા એરપોર્ટનું નામ પૂર્વ રાષ્ટ્રપતિ મહિન્દા રાજપક્ષેના નામ પરથી રાખવામાં આવ્યું છે. મહિન્દા રાજપક્ષેના લગભગ એક દાયકા લાંબા શાસન દરમિયાન ઘણા વિશાળ માળખાકીય પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી આ એક છે.

સરકારના પ્રવક્તા અને મંત્રી બાંધુલા ગુણવર્દનેએ જણાવ્યું હતું કે શ્રીલંકાની કેબિનેટે ૯ જાન્યુઆરીએ સંભવિત પક્ષોના રસના અભિવ્યક્તિઓને આમંત્રિત કરવાની મંજૂરી આપી હતી. આ પછી ૫ દરખાસ્તો મળી હતી. કેબિનેટ દ્વારા નિયુક્ત સલાહકાર સમિતિએ ૩૦ વર્ષ માટે ભારતની શૌર્ય એરોનોટિક્સ (પ્રાઈવેટ) લિમિટેડ અને રશિયાની એરપોર્ટ્સ ઓફ રિજન મેનેજમેન્ટ કંપનીને મેનેજમેન્ટ એગ્રીમેન્ટ આપવાનો નિર્ણય કર્યો. ગુણવર્દનેએ કહ્યું કે કેબિનેટે નાગરિક ઉડ્ડયન અને એરપોર્ટ સેવાઓના મંત્રી દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

ચીને આ પ્રોજેક્ટ માટે ઊંચા વ્યાજ દરે કોમર્શિયલ લોન આપી હતી. આ પ્રોજેક્ટ પર નિર્માણ ૨૦.૯ કરોડ અમેરિકન ડોલરનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેમાંથી ૧૯ કરોડ ડોલરની રકમ ચીનની એક્ઝિમ બેંક દ્વારા ઊંચા વ્યાજ દરે આપવામાં આવ્યા હતા. શ્રીલંકાની સરકાર ૨૦૧૬ થી આ એરપોર્ટનું સંચાલન કરવા માટે વ્યવસાયિક ભાગીદારની શોધ કરી રહી છે કારણ કે તેને ભારે નુકસાન થઈ રહ્યું હતું. અહીં મુસાફરોની સંખ્યા ઓછી હોવાને કારણે ફ્લાઈટ્સની સંખ્યા સતત ઘટી રહી છે.

## હૂતી વિદ્રોહીઓએ ભારત આવી રહેલા જહાજ પર કર્યો હુમલો : લાલ સાગરમાં મિસાઇલથી બનાવ્યું નિશાન



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : યમનના હૂતી વિદ્રોહીઓએ શનિવારે ભારત આવી રહેલા એક જહાજ પર મિસાઈલથી હુમલો કર્યો હતો. આ હુમલો લાલ સાગરમાં કરવામાં આવ્યો હતો. હુતી વિદ્રોહીઓએ એક નિવેદન જાહેર કરીને આ જાણકારી આપી છે. હુતી વિદ્રોહીઓ છેલ્લા ઘણા મહિનાઓથી લાલ સાગર અને એડનની ખાડીમાંથી પસાર થતા જહાજો પર હુમલો કરી રહ્યા છે. બ્રિટનની મેરીટાઈમ સિક્યુરિટી ફર્મ એમ્બ્રેએ કહ્યું છે કે હુમલાના કારણે જહાજને નુકસાન થયું છે. એમ્બ્રેએ કહ્યું કે જે જહાજ પર હુમલો કરવામાં આવ્યો તેના પર પનામાનો ધ્વજ લગાવ્યો હતો. પરંતુ આ જહાજ બ્રિટિશ કંપનીની માલિકીનું છે. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે આ જહાજ તાજેતરમાં વેચવામાં આવ્યું હતું અને હવે આ જહાજ સેશેલ્સની એક કંપનીની માલિકીનું છે. જે જહાજ પર હુમલો કરવામાં આવ્યો તે ઓઈલ ટેક્નર છે અને તે રશિયાના પ્રિમોર્સ્કથી ભારતના વાડીનાર આવી રહ્યું હતું.ઈરાન સમર્થિત હુતી બળવાખોરો ઈઝરાયલ-હમાસ યુદ્ધ બાદથી લાલ સાગર અને એડનના અખાતમાંથી પસાર થતા જહાજોને નિશાન બનાવી રહ્યા છે. પેલેસ્ટાઈનના સમર્થનમાં હુતી વિદ્રોહીઓ આવું કરી રહ્યા છે અને પહેલા હુતી વિદ્રોહીઓનું નિશાન માત્ર ઈઝરાયલના જહાજ હતા, પરંતુ છેલ્લા ઘણા દિવસોથી અન્ય દેશોના જહાજોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ કારણે ઘણી શિપિંગ કંપનીઓ તેમના જહાજોને દક્ષિણ આફ્રિકામાં લાંબા રૂટ દ્વારા મોકલી રહી છે. તેના કારણે માલસામાનના પરિવહન ખર્ચમાં વધારો થયો છે અને વૈશ્વિક સ્તરે મોંઘવારી પણ વધી છે.તાજેતરમાં, યુએસ અને બ્રિટિશ દળોએ આંતરરાષ્ટ્રીય શિપિંગ માર્ગો પરથી પસાર થતા જહાજોને નિશાન બનાવવા માટે યમનમાં હુતી બળવાખોરોના સ્થાનો પર હવાઈ હુમલા પણ કર્યા હતા. જો કે તેમ છતાં હુતી વિદ્રોહીઓના હુમલાઓ અટકી રહ્યા નથી.

## ભારતે ફિલિપાઈન્સને બ્રહ્મોસ મિસાઈલ આપ્યા બાદ ચીન ધૂંધવાયુ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ફિલિપાઈન્સ અને ચીન વચ્ચે સાઉથ ચાઈના સીમાં આવેલા ટાપુની માલિકીને લઈને ખટરાગ ચાલી રહ્યો છે ત્યારે જ ભારતે સમયસર મિસાઈલ મોકલી આપ્યા છે. જેના પર ચીનની સેનાએ પ્રતિક્રિયા આપી છે. ચીનની સેનાના પ્રવકતા વૂ કિયાને કહ્યુ છે કે, ‘ભારત અને ફિલિપાઈન્સ વચ્ચેના સુરક્ષા સહયોગમાં કોઈ ત્રીજા દેશના હિતને નુકસાન ના થાય તે વાતનુ બંને દેશો ધ્યાન રાખે.ચીન હંમેશા બે દેશો વચ્ચે સંરક્ષણ ક્ષેત્રની ભાગીદારીના કારણે કોઈ ત્રીજા દેશને નુકસાન ના જાય અને પ્રાદેશિક શાંતિ જોખમાય નહીં તે સિધ્ધાંતમાં વિશ્ર્વાસ કરતુ આવ્યુ છે. ‘સાથે સાથે કિયાને અમેરિકાની ટીકા કરીને કહ્યુ છે કે, ‘ફિલિપાઈન્સમાં અમેરિકાએ મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલની તૈનાતી કરીને આ વિસ્તારની સુરક્ષા અને શાંતિ સામે મોટો ખતરો ઉભો કર્યો છે.ચીનની અકળામણનુ કારણ એ છે કે, ફિલિપાઈન્સ સાથે ચીનનો સાઉથ ચાઈના સીમાં આવેલા થોમસ શોલ તથા સ્કારબોરો શોલ નામના ટાપુની માલિકીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. ફિલિપાઈન્સે ચીનની દાનત પારખી જઈને ભારત સાથે બ્રહ્મોસ મિસાઈલ માટે ડીલ કરી છે.

## ભારત-બ્રિટન દ્વારા આફ્રિકન દેશોને મદદ ૬૦ લાખ બાળકોને મેલેરિયાની રસી અપાશે

નવીદિલ્હી :બ્રિટન સરકારે ભારત સાથે રસીની ભાગીદારીની પ્રશંસા કરી. આ ભાગીદારી સબ-સહારન આફ્રિકામાં બાળકોના સૌથી જીવલેણ બીમારી મેલેરિયાનો સામનો કરવામાં મદદ કરી રહી છે. યુકેના વૈજ્ઞાનિકો અને ભારતીય ઉત્પાદકો વચ્ચેના સહયોગથી જીવન બચાવનાર મેલેરિયા રસી વિકસાવવામાં આવી છે. ઘાના, કેન્યા અને માલાવીમાં આ રસીઓનો ઉપ યોગ કરવામાં આવ્યો હતો. ૨૦૧૯ થી બે મિલિયન બાળકોને રસી આપ વામાં આવી છે અને જાન્યુઆરીમાં કેમેન બાળકોને નિયમિતપણે રસી આપનાર પ્રથમ દેશ બન્યો.આ અંગે, ફોરેન, કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ ખાતે બ્રિટનના ઈન્ડો-પેસિફિક બાબતોના રાય મંત્રી એન-મેરી ટ્રેવેલ્યને જણાવ્યું હતું કે, બંને રસીઓ વૈજ્ઞાનિકો માટે એક મહત્વપૂર્ણ સફળતા છે. ૨૦૨૫ ના અંત સુધીમાં ૬ મિલિયનથી વધુ બાળકોને રસી આપવા માટે બંને રસીઓ સમગ્ર આફ્રિકામાં ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, મેલેરિયા સામેની વૈશ્વિક લડાઈમાં આ એક મોટું પગલું છે અને મજબૂત યુકે-ભારત ભાગીદારી વિના શકય ન હોત.

## જગત જમાદાર અમેરિકાને રોકડું પરખાવતુ ભારત, કહ્યું-બીજાને શિખામણ આપતા પહેલા પોતાનું જોવું જોઈએ

નવીદિલ્હી : ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધને લઈને અમેરિકન વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. પેલેસ્ટાઈનના સમર્થનમાં અમેરિકન યુનિવર્સિટીઓમાં મોટી સંખ્યામાં દેખાવો થઈ રહ્યા છે. સમગ્ર અમેરિકાની ૨૫ યુનિવર્સિટીઓમાં ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધને લઈને પ્રદર્શનો ચાલી રહ્યા છે. હવે ભારતે પણ આ મામલે ટિપ્પણી કરી છે. ભારતના વિદેશ વિભાગે કહ્યું કે અમેરિકાએ અભિવ્યક્તિની સ્વતંત્રતા અને કાયદો અને વ્યવસ્થા વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. બીજાને શીખ આપવા કરતાં તેને અનુસરવું વધુ સારું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ મણીપુરની હિંસક ઘટનાઓને લઈને ભારતમા માનવ અધિકારના મુદ્દે ટિકા કરી હતી.એવું માનવામાં આવે છે કે, અમેરિકા હંમેશા ભારતના વિરોધ પ્રદર્શન પર ટિપ્પણી કરતું રહ્યું છે. ભારતનો આ જવાબ અમેરિકાને ટોણો મારવા સમાન છે.

વિદેશી મીડિયાના અહેવાલો અનુસાર, આ પ્રદર્શનમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે.

## તાઈવાનની ધરતી ફરીવાર ધ્રુજી ૬.૧ની તીવ્રતાનો આવ્યો ભૂકંપ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : તાઈવાનમાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિકટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૧ની તીવ્રતા માપવામાં આવી છે. આ મહિનામાં તાઈવાનમાં આ બીજો મોટો ભૂકપં છે. આ પહેલા મહિનાની શઆતમાં અહીં ૭.૧ની તીવ્રતાનો ભૂકપં આવ્યો હતો, જેમાં ૧૭ લોકોએ જીવ ગુમાવ્યા હતા.ભૂકંપનું કેન્દ્ર દેશના પૂર્વ ભાગમાં હતું. આ ભૂકપં આજે વહેલી સવારે હોલિનને હચમચાવી ગયો હતો.તાઈવાનની રાજધાની તાઈપેઈમાં પણ ઈમારતો ધ્રૂજતી જોવા મળી હતી. ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૨૪.૯ કિલોમીટર ઊંડે હતું. હાલમાં કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી.પૃથ્વીની અંદર અનેક પ્રકારના સ્તરો છે અને તેમની નીચે પ્લેટો છે, યારે તે એકબીજા સાથે અથડાય છે ત્યારે ભૂકપં આવે છે. તાઈવાન બે પ્લેટની વચ્ચે સ્થિત છે. આવી સ્થિતિમાં, યારે પણ તે બે પ્લેટો ટકરાય છે, ત્યારે તાઈવાનમાં ભૂકપં આવે છે. ૧૯૯૯માં અહીં આવેલા ભૂકંપના કારણે ૨૦૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

## જમ્મુ-કાશ્મીરમાં ભૂસ્ખલનના કારણે મકાનોમાં પડી તિરાડો

નવીદિલ્હી :જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં જમીન ધસી જવાને કારણે ૫૦ થી વધુ મકાનોમાં તિરાડો દેખાઈ હતી. આ સિવાય અહીં ચાર વીજળીના ટાવર, એક રિસિવિંગ સ્ટેશન અને એક મુખ્ય માર્ગ ધરાશાયી થયો હતો. જ્યારે વહીવટીતંત્રને આ વિશે માહિતી મળી, ત્યારે રામબનના ડેપ્યુટી કમિશનર બસીર-ઉલ-હક ચૌધરીએ મુખ્યાલયથી લગભગ ૫ કિલોમીટર દૂર પરનોટ ગામની મુલાકાત લીધી. અહીં અસરગ્રસ્ત પરિવારોને મદદની ખાતરી આપવામાં આવી છે.પેરનોટ ગામમાં ગુરુવારે સાંજે અચાનક જમીન ધસી પડવાની ઘટના બની હતી જેના કારણે મકાનોમાં તિરાડો પડવા લાગી હતી. જેના કારણે ગુલ અને રામવન વચ્ચેનો રસ્તો તૂટી ગયો હતો. તિરાડોના કારણે અનેક પરિવારોને ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ જવું પડ્યું હતું. દરમિયાન ડેપ્યુટી કમિશનર ચૌધરીએ વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું.ઘટનાસ્થળે પહોંચીને તેમણે કહ્યું કે, ‘આ કુદરતી આપત્તિ છે અને જિલ્લાના વડા હોવાના કારણે હું અસરગ્રસ્ત પરિવારોને ભોજન અને આશ્રય આપવાની જવાબદારી લઉં છું.’ જમીન ધસી પડવાનું કારણ જાણવા માટે ભૂસ્તરશાસ્ત્રના નિષ્ણાતોની ટીમને બોલાવવામાં આવી છે. પ્રભાવિત વસ્તીના પુનર્વસન અને આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે અધિકારીઓની એક ટીમ તૈનાત કરવામાં આવી છે.

## અંજારના ચકચારી છેતરપિંડી કેસમાં આરોપીને ત્રણ વર્ષની કેદ

અંજાર : ફરિયાદીને લોભામણી લાલચ આપી ૨૪ લાખથી વધુની છેતરપિંડી આચરનાર આરોપીને અંજારની અદાલતે ત્રણ વર્ષની સાદી કેદ અને રૂા. ૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો. આ કેસની વિગતો મુજબ ફરિયાદીના પિતાના મિત્ર અને જ્ઞાતિભાઈ એવા આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ વેલસ્પન કંપનીમાં ભાડે ચાલતા ત્રણ ટ્રેકટર ટ્રોલી સાથે અને બોલેરો જીપ પૈસાની જરૂરીયાત હોઈ વેચવાના છે તેવું જણાવી ભાડામાંથી ૫૦ ટકા રકમ આરોપી જગદીશ અરજણભાઈ પટેલ ફરિયાદીને આપશે તેવી લાલચ આપી ઓનલાઈ બેંક ટ્રાન્સફર અને રોકડ મારફતે કુલ્લ રૂા. ૨૪.૪૦ લાખ મેળવી લઈ ફરિયાદીને કોઈપણ વાહન ન બતાવી કે ભાડું ન આપી કે રકમ પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. જેની ફરિયાદ અંજાર પોલીસ સ્ટેશને દાખલ કરવામાં આવી હતી. આ કેસ અંજાર અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા અદાલતે આરોપીને ત્રણ વર્ષની સાદી કેદ તથા રૂપિયા ૨૫ લાખનો દંડ ભરવાનો હુકમ કર્યો હતો. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક વર્ષ સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. આરોપી દ્વારા ભરવામાં આવેલી દંડની રકમ ફરિયાદીને વળતર તરીકે ચુકવવાનો આદેશ કર્યો હતો. ફરિયાદી પક્ષે વકિલ અરવિંદભાઈ પંડયાએ હાજર રહી દલીલો કરી હતી.

## ડેલ્ટા એરના વિમાનમાં એકિઝટ સ્લાઇડ તૂટ્યું : ઇમરજન્સી લેન્ડિંગ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ડેલ્ટા એર લાઈન્સના બોઈંગ ૭૬૭ પ્લેનનું એકિઝટ સ્લાઈડ અચાનક તૂટી જતા ન્યૂયોર્કના જેએફકે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું એરલાઈને કહ્યું કે ટેકઓફના થોડા સમય પછી, પાઈલટોને વિમાનની જમણી બાજુએ ઈમરજન્સી સ્લાઈડ વિશે ચેતવણી મળી અને ત્યાંથી આવતો અસામાન્ય અવાજ સાંભળ્યો, તેથી તેઓ જેએફકે એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડીંગ કરવા પરત ફર્યા હતા.પ્રા અહેવાલ મુજબ લોસ એન્જલસ જવા માટેની લાઈટમાં ૧૭૬ મુસાફરો, બે પાઈલોટ અને પાંચ લાઈટ એટેન્ડન્ટ સવાર હતા. પ્લેનમાં કંપન અનુભવ્યા પછી, પાઈલટોએ ઈમરજન્સી જાહેર કરી જેથી લાઈટને ઝડપથી એરપોર્ટ પર સુરક્ષિત રીતે પરત લઈ જઈ શકાય.

ડેલ્ટાએ કહ્યું કે તે મુસાફરોને અન્ય પ્લેનમાં કેલિફોર્નિયા મોકલવામાં આવશે. એરલાઈને કહ્યું કે બોઈંગ ૭૬૭ એરક્રાટની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે, તેને હાલ સેવામાંથી દૂર કરવામાં આવ્યું છે. કંપનીએ જણાવ્યું હતું કે, અમે અસરગ્રસ્ત લાઈટસ પર ગ્રાહકોને ફરીથી પહોચાડવા માટે સક્ષમ છીએ તેની ખાતરી કરવા માટે અમે હવે કેટલીક ગોઠવણો કરી રહ્યા છીએ.અમેરિકન એરલાઈન્સે જણાવ્યું હતું કે ટ એડજસ્ટમેન્ટ તેની કોઈ સેવા બધં કરશે નહીં અને એરલાઈન આ શિયાળામાં ૫૫ લાંબા અંતરના આંતરરાષ્ટ્રીય ટ પર સેવા આપવાનું ચાલુ રાખશે

## મહાદેવ બેટિંગ એપના ઈન્ડિયાના હેડની લખનૌથી ધરપકડ

લખનૌ : મહાદેવ ગેમિંગ અને અન્ય બેટિંગ એપના માધ્યમથી અબજો રૂપિયાની છેતરપિંડી કરવાવાળી સંગઠિત ગેન્ગના બે સાથીઓની લખનૌથી ધરપકડ કરી છે. તેમનાં નામ અભય સિંહ ને સંજીવ સિંહ છે. અભય મહાદેવ બુક ગેમિંગ કંપનીનો ઈન્ડિયાનો હેડ છે. મહાદેવ બુક એપનું નેટવર્ક અભયનો કઝિન ભાઈ અભિષેક દુબઈથી ચલાવતો હતો. પકડવામાં આવેલા આ બે જણ વોટ્સએપ અને ટેલિગ્રામ ગ્રુપ દ્વારા પ્રયોગ થનારા કોર્પોરેટ સિમને પોર્ટ કરાવીને દુબઈ મોકલતા હતા.આ બે જણે પૂછપરછમાં જણાવ્યું હતું કે તેમને અભિષેકે દુબઈથી ફોનમાં જણાવ્યું હતું કે તેઓ તેમના વિસ્તારના ગરીબ અને અભણ લોકોનાં નામથી સિમ ખરીદે- એના બદલામાં તેમને રૂ. ૨૫,૦૦૦ની સેલેરી મળશે. એ સાથે રૂ. ૫૦૦ પ્રતિ સિમ મળશે. સિમ એક કંપનીમાંથી બીજી કંપનીમાં પોર્ટ કરવાનું રહેશે. અભયે વધુમાં કહ્યું હતું કે કે તે એક મહિનામાં આશરે ૩૦થી ૩૫ સિમ એકિટવેટ કરાવી દેતો હતો અને દુબઈ મોકલી દેતો હતો. જાન્યુઆરી, ૨૦૨૩માં તેની સેલેરી રૂ. ૨૫,૦૦૦ની સેલરીથી વધીને રૂ. ૭૫,૦૦૦ કરી દેવામાં આવી હતી. એ સાથે તેને કોર્પોરેટ સિમનું કામ આપવામાં આવ્યું હતું. એ પોસ્ટપેઈડ સિમ હતા. આ સિમની માટે દસ્તાવેજ બનાવીને નકલી કંપની રજિસ્ટાર્ડ કરાવવાનું શરૂ કર્યું હતું. મહાદેવ બુક પર કાર્યવાહી કર્યા પછી હાલના સમયે રેડ્ડી અન્ના બુક, ફેર પ્લે, લોટસ ૩૬૫, મેજિકવીન, ગોલ્ડન ૪૪૪, દમન બુક, વિનબક્ષ્ અને વિન ૩૬૫ વગેરે નામથી કેટલીય ગેમિંગ અને બેટિંગ એપ ચલાવવામાં આવી રહી છે અને આ એપની ફ્રેન્ચાઈઝી દેશઆખામાં જાય છે, જે બ્રાંચ ચલાવે છે, તેમને રૂપિયામાંથી ૮૦ ટકા આપવામાં આવતા હતા.

### પહેલા પાનાથી... ફરી એકવાર

મનસુખભાઈ માંડવીયાની પણ વિકાસનીતી અને વિકાસકામોમા આપવામાં આવેલા યોગદાનનો પણ વિશેષ વિગતો સાથે ઉલ્લેખ કર્યો હતો. અમિતભાઈ શાહ દ્વારા આજ રોજ અહીની વિજય સંકલ્પ રેલીમાં ગુજરાતની બાકી રહેલી ૨૫ બેઠકો પર ભાજપ દ્વારા ઐતિહાસીક અને જંગી લીડથી વિજય મળવા પામશે તેવો વિશ્વાસ વ્યકત કરી અને દેશભરમાં અબ કી બાર મોદી સરકારના સુત્રને ચરીતાર્થ કરવાની પણ હાકલ અમિત શાહ દ્વારા કરવામા આવી હતી. મનસુખભાઈ માંડવીયાના સમર્થનમાં ભવ્ય વિજય સંકલ્પ સભા યોજાઈ હતી. જેમા મોટી સંખ્યામાં ખેડુતો, યુવાનો, મહીલાઓ સહિતના લોકો ઉમટી પડયા હતા. શ્રી શાહે ગુજરાતની તમામ બેઠકો જંગી લીડથી જીતીશુનો વિશ્વાસ દર્શાવ્યો હતો. અને કેન્દ્રની ૧૦ વર્ષની કામગીરીની માહીતી પણ આપી હતી. ભાજપના ઉમેદવારને સર્વ સમાજનો ટેકો હોવાનુ જણાવી શ્રી શાહે કમળ અને મોદીના નામે લોકોને મત આપવા અપીલ કરી હતી. અમિતભાઈની સભાને માટે અહી વિશાળ ભવ્ય ડોમની વ્યવસ્થાઓ કરવામાઆવી હતી. જામકંડોરણા ઉધોગનગર ખાતે હેલીપેટ ખાતે તેઓનુ આગમન થયુ હતુ અને તેઓને આગેવાનો દ્વારા અભિવાદન કરવામાં આવ્યુ હતુ.

આજ રોજ અહી યોજાયેલા આ વિજય સંકલ્પ રેલીમાં અમિતભાઈ શાહ, મનસુખભાઈમાંડવીયા, સાંસદ રમેશ ધડુક, જયેશભાઈ રાદડીયા સહિતના વિવિધ મહાનુભાવો તથા વિશાળ જનમેદની હાજર રહી હતી.

### શાહના નિવેદનના મુખ્ય અંશ

- પોરબંદરની ભૂમિ એટલે મહાત્મા ગાંધીની ભુમી: રાષ્ટ્રપિતાને હું વંદન કરૂં છુ - જય જયશ્રી રામ, ભારત માતા કી જય, ખોડલધામ-જલારામબાપા, વચ્છરાજ દાદાને પણ નમન કરૂં છુ શ્રી શાહે- વિઠ્ઠલભાઈ રાદડીયાને હદયપૂર્વક પાઠવી શ્રદ્ધાંજલી - આ વખતે દેશમાં ૪૦૦ પારનો લક્ષ્યાંક સીદ્ધ કરવાનો છે : અત્યાર સુધીમાં મે ૨૩૯ લોકસભા બેઠકોનો પ્રવાસ કરી આવ્યો છુ : બે તબક્કાના મતદાનમાં રાહુલ બાબાના સુપડા સાફ થઈ જવાના છે : દેશમાં ચોતરફી મોદીના નારા જ ગુંજી રહ્યા છે : આ વખતે દેશે નકકી કર્યુ છે કે ફરી એકવાર મોદી સરકાર. : ૨૦૧૪-૧૯માં દેશની જનતાએ મોદીજી પર વિશ્વાસ મુકયો, આ વખતે કાઉન્ટીંગ પહેલા જ સુરતમાં ખાતુ ખુલી ગયુ છે, હવે બાકીની ૨૫ બેઠકો ફરી એકવાર હેટ્રીક કરવાની છે

## નાપાસ થાય તો પણ બોર્ડના વિદ્યાર્થીનું વર્ષ નહીં બગડે : પૂરક પરીક્ષામાં મોટી છુટછાટ

અમદાવાદ : ગુજરાતમાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પરિણામ જાહેર કરવાની તૈયારી છે અને વિદ્યાર્થીઓ પણ ઉત્સુકતાપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા છે તે પૂર્વે જ શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.ખાસ કરીને ધો.૧૨ના વિજ્ઞાનપ્રવાહના પરિણામો હવે ગમે તેટલા વિષયની ફેર પરીક્ષા આપી શકશે જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં એકને બદલે બે વિષયની ફેર પરીક્ષા આપી શકાશે. ધો.૧૦માં બેને બદલે ત્રણ વિષયમાં ફેર પરીક્ષા આપી શકાશે. આ સંજોગોમાં નાપાસ થતા વિદ્યાર્થીઓનું વર્ષ નહીં બગડે અને પૂરક પરીક્ષાના આધારે વર્ષ બગાડયા વિના શિક્ષણ ચાલુ રાખી શકશે.રાજયમાં બોર્ડ પરીક્ષાના પરિણામ પૂર્વે જ શિક્ષણ બોર્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામો વહેલા જાહેર કરવાનું આયોજન ગોઠવાયું હતું હવે કયારે જાહેર થાય છે તેના પર વિદ્યાર્થીઓની મીટ છે. સાથોસાથ પૂરક પરીક્ષા પણ વહેલી યોજવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે તેવા સમયે જ શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નાપાસ થતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષના બદલે એવા ઉદ્દેશ્ય સાથે નાપાસ વિદ્યાર્થીઓને વધુ તક આપવાનું નકકી કરવામાં આવ્યું છે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલા નિર્ણય પ્રમાણે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ હવે ગમે તેટલા વિષયની ફેર પરીક્ષા આપી શકશે. મુળ ૫ રીક્ષામાં નાપાસ થયા હોય તો પણ ગમે તેટલા પેપર આપી શકશે. આખી પરીક્ષા નવેસરથી આપનાર વિદ્યાર્થીના બંને પરીક્ષામાં જે સર્વોચ્ચ ગુણ કે ટકાવારી હોય તેને ધ્યાને લેવામાં આવશે. અર્થાત વિદ્યાર્થીઓને ‘બેસ્ટ ઓફ ટુ’નો લાભ મળશે.ધો.૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પણ આ પ્રકારે રાહત આપવામાં આવી છે.

## જે રાજ્યમાં સૌથી વધુ મતદાન થયું ત્યાં ચૂંટણી પંચની મોટી કાર્યવાહી, ૨૬ સરકારી કર્મચારીને એકઝાટકે સસ્પેન્ડ કર્યા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર શુક્રવારે મતદાન થયું હતું. આ દરમિયાન ભારતના ચૂંટણી પંચએ રાજકીય કાર્યક્રમો, ચૂંટણી પ્રચારમાં ભાગ લેવા અને આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પુનિત અગ્રવાલ (Punit Aggarwal) એ શુક્રવારે આ માહિતી આપી હતી. બીજા એક અન્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે બે શિક્ષકો અને ત્રિપુરા રાજ્ય રાઈફલ્સના એક રાઈફલમેનને ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ શુક્રવારે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આર્દશ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ અત્યાર સુધીમાં સુરક્ષા કર્મચારીઓ સહિત ત્રિપુરાના ૨૬ સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. આ વચ્ચે, સંબંધિત અધિકારીઓએ શુક્રવારે દેશના ટોચના રાજકીય નેતા વિરુદ્ધ ટિપ્પણી કરવાના આરોપ બદલ સુરમા વિધાનસભા મતવિસ્તારમાં નિયુક્ત મતદાન અધિકારી મૌસમી ઘોષને સસ્પેન્ડ કરી દીધા હતા. જોકે, શુક્રવારે મોડી સાંજે સસ્પેન્શનનો આદેશ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

## મફત ઢોસા, બીયર, ફલાઇટમાં ફૂડ-ડિસ્કાઉન્ટ, મફત ટેક્સી રાઇડ...

નવી દિલ્હી : દેશમાં સામાન્ય ચૂંટણીઓ ચાલી રહી છે. ૨૬ એપ્રિલે ૧૩ રાજયો/શાસિત પ્રદેશોની ૮૮ બેઠકો પર મતદાન થયું છે. લોકોને મત આપવા માટે પ્રોત્સાહિત કરવા માટે, રેસ્ટોરાં, હોસ્પિટલો જેવી ઘણી કંપનીઓએ ઓફર્સ/ડિસ્કાઉન્ટ ઓફર કર્યા છે. આને લોકશાહી ડિસ્કાઉન્ટ કહેવામાં આવે છે.સૌથી પહેલા વાત કરીએ બેંગલુરુની. બેંગ્લોર સેન્ટ્રલ, બેંગ્લોર નોર્થ, બેંગ્લોર સાઉથ અને બેંગ્લોર ગ્રામીણ લોકસભા સીટો માટે ૨૬ એપ્રિલે મતદાન થઈ રહ્યું છે.આવી સ્થિતિમાં, હોટલ, પબ અને ટેક્સી એગ્રીગેટર્સ બેંગલુરુમાં ૧ કરોડથી વધુ પાત્ર મતદારોને ડિસ્કાઉન્ટ, ફ્રી ગિફ્ટ્સ અને કોમ્પ્લિમેન્ટરી રાઈડ્સ સાથે આકર્ષિત કરી રહ્યાં છે. આ લાભો મેળવવા માટે, લોકોએ મતદાન કર્યા પછી તેમની આંગળી પર શાહીનું નિશાન બતાવવાનું રહેશે. ઓફર્સના ભાગ રૂપે, નૃપટુંગા રોડ પરની નિસર્ગ ગ્રાન્ડ હોટેલ મતદાનના દિવસે મતદારોને મફત બટર ડોસા, ઘી ચોખા અને પીણું ઓફર કરે છે. બેલાંદુરમાં રેસ્ટો-પબ ‘ડેક ઓફ બ્રુઝ’ ૨૭ અને ૨૮ એપ્રિલે મતદાન કરનારા મતદારોને મફત મગ બિયર અને ડિસ્કાઉન્ટ ઓફર કરે છે. કડુબીસનહલ્લીમાં ડેક ઓફ બ્રુઝ પણ સમાન ઓફર કરે છે.

## શાળાઓને નવા શૈક્ષણિક વર્ષ પહેલાં કોઈ પણ જાતની ફી ન લેવા આદેશ

અમદાવાદ : કેટલીક શાળાઓ દ્વારા નવા સત્રનો પ્રારંભ થયા પહેલાં જ નવા વર્ષની ફીની ઉઘરાણી શરૂ કરી હોવાની, અમૂક શાળાઓએ ફી ભર્યા બાદ જ પરિણામ આપવાની તેમજ અમૂક શાળાઓ દ્વારા નક્કી કરેલી ફી કરતા વધુ ફી લેવામાં આવતી હોવાની રજૂઆતોના પગલે અમદાવાદ શહેર ડીઈઓએ ખાનગી શાળાઓને પરિપત્ર કર્યો છે. જેમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પહેલા શાળાઓ નવા સત્રની ફી લઈ શકશે નહીં તેવો આદેશ કર્યો છે. ઉપરાંત, સત્ર શરૂ થયા બાદ પણ મહત્તમ ૩ માસની ફી જ એક સાથે લઈ શકશે. મંજૂર કરેલી ફી કરતા વધુ ફી ન લેવા માટે પણ જણાવ્યું છે. નિયમનો ભંગ કરશે તો સ્કૂલ સામે કડક પગલાં ભરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. અમદાવાદ શહેરની અમૂક શાળાઓએ અત્યારથી જ નવા શૈક્ષણિક વર્ષની ફી ઉઘરાવવાનું શરૂ કરી દીધું છે. તેમાં પણ અમૂક શાળાઓએ ફી ભરે તો જ પરિણામ આપવાનું કહેતા વાલીઓ અકળાયા છે. આ મુદ્દે અનેક વાલીઓ તરફથી અમદાવાદ શહેર DEOને રજૂઆતો મળી હતી. જેમાં નક્કી કરેલી ફી કરતા વધુ ફી લેવાની, સત્ર શરૂ થયા પહેલા જ ફી વસૂલ કરવાની, એક સાથે સમગ્ર વર્ષ કે છ માસની ફી લેવા સહિતની ફરિયાદો મળી હતી.

## કલાઇમેટ ચેન્જ ભારત માટે આફત બન્યું, ૨૩ વર્ષોમાં ૧૨૦ અબજ ડોલરનું નુકસાન, ૨૦૨૩માં દોઢ કરોડને અસર

(એજન્સી દ્વારા)

મુંબઈ: કલાયમેટ ચેન્જને કારણે છેલ્લા ૨૩ વર્ષમાં ત્રાટકેલી વિવિધ કુદરતી આફતો જેમ કે વાવાઝોડા, ભૂકંપ, પૂરની સ્થિતિ તથા જમીન ધસી જવાની ઘટનાઓને કારણે ભારતને અંદાજે ૧૨૦ અબજ ડોલરનું નુકસાન થયાનો અંદાજ છે. એકલા ૨૦૨૩માં જ કુદરતી આફતોને પરિણામે દોઢ કરોડ લોકોને અસર થઈ હતી એમ એક રિપોર્ટમાં જણાવાયું હતું. ગ્લોબલ વાર્મિંગને લગતી ઘટનાઓને કારણે છેલ્લા ત્રેવીસ વર્ષમાં વાર્ષિક સરેરાશ ૫.૨૦ અબજ ડોલરનું ભારતે નુકસાન સહન કર્યું છે. વૈશ્વિક સરેરાશ કરતા એશિયા ઝડપથી ગરમ થઈ રહ્યું છે. કલાયમેટ ચેન્જને કારણે હીટવેવની ઘટનાઓથી ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં અસંખ્ય મૃત્યુ પણ દર વર્ષે નોંધાઈ રહ્યાનું રિપોર્ટમાં ઉલ્લેખાયું છે. તાજેતરના કેટલાક અહેવાલોને ધ્યાનમાં લઈએ તે વર્તમાન વર્ષના ઊનાળામાં દેશમાં હિટવેવના દિવસોમાં વધારો થવાની ધારણાં મૂકવામાં આવી છે. દેશના અનેક વિસ્તારોમાં તાપમાન ૪૦ ડીગ્રીથી ઉપર જોવા મળવાની ચિંતા વ્યકત કરવામાં આવી રહી છે. હિટવેવને પરિણામે કૃષિ જણસોના ઉત્પાદન પર અસર પડવાની શકયતા નકારાતી નથી. કલાયમેટ ચેન્જને મુદ્દે વિશ્વભરના દેશો છેલ્લા કેટલાક વર્ષથી એક મંચ પર આવ્યા છે .

### પહેલા પાનાથી...

**સફેદ ડુંગળીની**

થયો હતો.અગાઉ કેન્દ્ર સરકારે યુએઈ અને બાંગ્લાદેશને ૬૪,૪૦૦ ટન ડુંગળીની નિકાસ કરવાની મંજૂરી આપી હતી. જેમાં બાંગ્લાદેશને ૫૦,૦૦૦ ટન અને યુએઈને ૧૪,૪૦૦ ટન ડુંગળીની નિકાસ કરવાની પરવાનગી અપાઈ છે. વાણિજય મંત્રાલયના નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર “નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ દ્વારા યુએઈને ૧૪,૪૦૦ ટન ડુંગળીની નિકાસ કરાશે. જેની ત્રિમાસિક ટોચમર્યાદા ૩,૬૦૦ મેટ્રિક ટન રહેશે.” વાણિજય મંત્રાલયનો ભાગ એવા ડાયરેક્ટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આયાત અને નિકાસના ધોરણો નિર્ધારિત કરવામાં આવે છે. નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર બાંગ્લાદેશને કરવામાં આવનારી ડુંગળીની નિકાસના નિયમ એનસીઈએલ ગ્રાહક બાબતોના વિભાગ સાથે ચર્ચા પછી કરશે. ઉલ્લેખનીય છે કે, સરકારે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે પણ મિત્ર દેશોને ચોક્કસ જથ્થામાં નિકાસની મંજૂરી આપવામાં આવે છે. જે તે દેશની વિનંતીના આધારે સરકાર પાસેથી પરવાનગી લીધા પછી આવી પરવાનગી અપાય છે. સરકારે ગયા વર્ષની ૮ ડિસેમ્બરે ડુંગળીની નિકાસ પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ મૂક્યો હતો.

**ડેમેજ કંટ્રોલ — મનામણાનો**

વર્ચસ્વવાળી સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બીન હરીફ જીત્યા બાદ પક્ષનો ઉત્સાહ વધ્યો છે.સુરતના સમીકરણો સૌરાષ્ટ્રની મોટાભાગની બેઠકો પર ખુબ જ અગત્યનો ભાગ ભજવતા હોય છે. વિધાનસભા કે લોકસભાની ચુંટણીમાં ભાજપ દ્વારા ઉમેદવારો નકકી કરવામાં પણ સુરતના સમીકરણોને ઘ્યાનમાં લેવામાં આવતા હોય છે. સુરતના પાટીદાર મતદારો ભલે સૌરાષ્ટ્રની બેઠકોના મતદાર ન હોય પરંતુ સુરતથી લેવાતા તમામ નિર્ણયની અસર મતદાન પર ચોકકસ થતી હોય છે.ક્ષત્રિય સમાજ હવે આંદોલનના બીજા તબકકાને દિન-પતિદિન વધુ વેગવાન બનાવી રહ્યા છે. તો સામા પક્ષે ભાજપ દ્વારા પણ આંદોલન કે રોષ પર વધુ ફોકસ ન કરવા કાર્યકરોને જણાવી દેવામાં આવ્યું છે. ભાજપના પરંપરાગત મતોના પોકેટ પર વધુ ઘ્યાન કેન્દ્રીત કરવા સુચના આપ વામાં આવી છે. આવા પોકેટમાં મતદાનની ટકાવારી વધુ રહે તેવા પ્રયાસો કરવા કાર્યકરોને પરસેવા પાડયા તાકીદ કરવામાં આવી છે.અમુક ટકા મતોની નુકશાની થશે જ એવું ફાઈનલ ગણી ભાજપ દ્વારા હાલ ચુંટણી પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

આંદોલન હાલ થોડુ નબળુ પડી ગયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. પરંતુ ક્ષત્રીય સમાજ ખુબ જ આયોજન બઘ્ધ રીતે આંદોલનને વેગવાન બનાવી રહ્યું છે. તેઓ માટે હવે વટ નો સવાલ બની ગયું છે. ભાજપે હવે એવું મન બનાવી લીધું છે કે ડેમેજ કંટ્રોલ કે મનામણાનો વિષય હવે પુરો કરી સંપૂર્ણ ઘ્યાન ચુંટણી પર ફોકસ કરવાનું નકકી કર્યુ છે.ક્ષત્રીય સમાજના મતોની નુકશાની કયાંથી સરભર કરવી તેની વ્યહુરચના ગોઠવવામાં આવી રહી છે.

**કચ્છની રણકાંધીએ બિરાજમાન સોઢ્રાણાના શહેનશાહ અને કોમી ઐકયના પ્રતીક**

# હાજીપીર વલીના ત્રિદિવસીય મેળાનો પ્રારંભ : શ્રદ્ધાળુઓએ ટેકવ્યું માથું





### મેળા પૂર્વે જ કચ્છ ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી હજારો પદયાત્રીઓ પહોંચ્યા દરગાહે : 'હલો હાજીપીર જે મેળે તે' જેવા બેનરો, ઝંડા સાથે સેંકડો નાના-મોટા વાહનોનો કાફલો દરગાહ ભણી

ભુજ : ગૌમાતાના રક્ષણ માટે શહાદત વહોરી કચ્છની રણકાંધીએ બિરાજમાન સોઢ્રાણાના શહેનશાહ અને કોમી ઐકયના પ્રતીક બાબા હાજીપીરનો ત્રિદિવસીય મેળો આજથી શરૂ થયો છે. કચ્છ-ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓનો ભરચક પ્રવાહ અવિરત રહેતા મેળાના આરંભ પૂર્વે જ હજારો શ્રદ્ધાળુઓએ હાજીપીર વલીની દરગાહે માથું ટેકવ્યું છે. આજે સવારે મુસ્લિમ સમાજના અગ્રણીઓના હસ્તે મેળાને વિધિવત ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ કચ્છમાં કોમી એકતાના પ્રતીક સોઢ્રાણાના શહેનશાહ બાબા હાજીપીર વલીના વાર્ષિક મેળા નિમિત્તે પાવરપટ્ટીનો મુખ્ય માર્ગ પદયાત્રીઓ અને નાના-મોટા વાહનોના ભારે કાફલાથી પુનઃ ધમધમી ઊઠયો હતો. ચાલુ સપ્તાહના પ્રારંભથી જ પદયાત્રાળુઓનું પ્રવાહ શરૂ થઈ ગયો હતો, જેના લીધે અત્યાર સુધીમાં હજારો લોકોએ હાજીપીર બાબાના દર્શન કર્યા છે.

આજથી ત્રિદિવસીય ઉર્ષનો પ્રારંભ થયો હોઈ સવારથી નાના મોટા વાહનો મારફતે શ્રદ્ધાળુઓનો પ્રવાહ હાજીપીર બાબાની દરગાહ તરફ જતો જોવા મળ્યો હતો. રાજ્ય તેમજ અન્ય વિસ્તારોમાંથી વાહનો મારફતે ખુબ જ મોટી સંખ્યામાં લોકો હાજીપીર વલીની દરગાહે પહોચી રહ્યા છે. પદયાત્રીઓની તુલનાએ વાહનો મારફતે શ્રદ્ધાળુઓની સંખ્યા વિશેષ રહેશે. પોલીસ પ્રશાસન દ્વારા પણ સુરક્ષા વ્યવસ્થાના ચુસ્ત બંદોબસ્ત કરાયા છે. ખાનગી વાહનોની સાથોસાથ એસટી બસ મારફતે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજીપીર વલીની દરગાહે પહોંચી રહ્યા છે. લુણા જુથ ગ્રામ પંચાયત, હાજીપીર વ્યવસ્થાપક સમિતિ અને મુંજાવર સમિતિ દ્વારા વ્યવસ્થા સંભાળવામાં આવી રહી છે.

## ખીસ્સા કાતરૂથી સાવધાન

ભુજ : જાહેર કાર્યક્રમો અને ભીડભાડ વાળા સ્થળો પર સક્રિય રહેતા ગજવા કાતરૂઓ હાજીપીરના મેળામાં પણ સક્રિય બન્યા હોઈ તંત્ર અને મેળા સમિતિ દ્વારા મેળામાં આવતા શ્રદ્ધાળુઓને સાવધ રહેવા માટે અનુરોધ કરાયો છે. મેળામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. જો કોઈ શંકાસ્પદ ઈસમની અવરજવર નજરે ચડે તો સુરક્ષા કર્મીઓનો ધ્યાન દોરવા જણાવાયું છે.

# કચ્છ કોંગ્રેસના વાલજીભાઇ દનિચાને પ્રચાર અભિયાનમાં જામનગરના મુખ્ય સંયોજકની જવાબદારી સોંપાઇ



ગાંધીધામ : ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી, ન્યૂ દિલ્હીના અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેન રાજેશ લિલોતિયાએ એક ખાસ પત્ર દ્વારા ગુજરાતની તમામ સંસદીય મત વિભાગોની ચુંટણીમાં કોંગ્રેસનો પાંચ ન્યાયનો સંદેશ ઘેર-ઘેર પહોચાડવા ગુજરાત કોંગ્રેસના અનુસૂચિત જાતિના સિનિયર આગેવાનોને જવાબદારી સોંપવામાં આવી છે જેમાં કચ્છના પૂર્વ ધારાસભ્ય વાલજીભાઇ દનીચાને જામનગર જિલ્લાની જવાબદારી સોંપાઈ હોવાની પત્ર દ્વારા જાણ કરાઇ છે.

સદરહુ પત્રની નકલો ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શકિતસિંહ ગોહિલ, ગુજરાત અનુ. જાતિના ચેરમેન હિતેન્દ્ર પીઠડીયા, એઆઈસીસીના ચેરમેન કે.રાજુ તથા અન્યોને મોકલી તાત્કાલિક અમલ કરવા જણાવવામાં આવેલ છે. શ્રી.દનિચા વર્ષોથી કોંગ્રેસ સાથે સંકળાયેલા કર્તવ્યનિષ્ઠ અનુભવી સીનીયર આગેવાન છે જેથી તેઓની સેવા લેવામાં આવતા કચ્છ જિલ્લામાં કોંગ્રેસના કાર્યકરોમાં ખુશી વ્યાપી છે. શ્રી દનીચા કચ્છ ઉપરાંત જામનગર જિલ્લામાં કોંગ્રેસના ચૂંટણી પ્રચારમાં જોડાશે. કચ્છ કોંગ્રેસના અનેક અગ્રેસર પદાધિકારીઓ, કાર્યકર્તાઓએ, વાલજીભાઈ દનિચાંને સોંપાયેલી વિશેષ પ્રચારની કામગીરી બદલ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## કોટડા ચકારમાં દારૂ સાથે યુવક ઝડપાયો

ભુજ : તાલુકાના કોટડા ચકાર ગામે રહેતા અરવિંદભાઈ ઈશ્વરભાઈ પરમારે પોતાના કબ્જાના ગોડાઉનમાં દારૂ છુપાવ્યો હોવાની બાતમીના આધારે પદ્ધર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા શરાબની ૨૪ બોટલ કિ.રૂા. ૮,૪૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પુછપરછ કરતાં આ દારૂ ચેતન રામજી કોલીએ આપ્યો હોવાની કબૂલાત અપાઈ હતી. જેથી આરોપીને ઝડપી મુદામાલ કબ્જે કરી બંને સામે પદ્ધર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

# પાવરપટ્ટીના પંથે હાજીપીરના પદયાત્રીનો પ્રવાહ અવિરત





નખત્રાણા : વિધવા મહિલાની ગાય માટે શહીદી વહોરનારા અને કોમી એક્તાના પ્રતિક એવા હાજીપીર બાબાના રણકાંધીએ આવેલા સ્થાનકે ઉર્ષ મુબારક શરૂ થવાને ગણતરીના દિવસો બાકી છે ત્યારે કચ્છ, ગુજરાત અને પરપ્રાંતના પદયાત્રીકોનો પ્રવાહ પાવરપટ્ટીના પંથે અવિરત જારી રહ્યો છે. ભુજથી ઝુરા, બિબ્બર અને ઉત્તરે રણ વચાળે ઠેઠ હાજીપીર સુધીના વેરાન પંથકમાં ડગલેને પગલે સેવાભાવી કાર્યકરો તૈનાત બની પદયાત્રીઓની સુશ્રૃષામાં તલ્લીન બન્યા છે.

ભુજના સરપટ નાકાથી માંડી ઝુરા, બિબ્બર રણ વચાળે છેક હાજીપીર સુધીના પંથકમાં પદયાત્રીઓની સાર સંભાળ માટે અનેક સુવિધાસભર કેમ્પો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં પાલારા જેલ પાસે, રૂદ્રમાતા પુલ નજીક, નોખાણીયા નજીક, લોરિયા વીજ સબ સ્ટેશન નજીક, ખાવડા ફાટક પર વકીલવાડી પાસે, ઝુરા-બન્ની પાણીપુરવઠા સંકુલમાં પાલનપુર, નિરોણા, અમરવાંઢ, બિબ્બરના નદીકાંઠાથી લઈ રણની વાટે ઠેઠ હાજીપીર સુધી મુખ્ય સેવા કેમ્પો છેલ્લા ચાર દિવસથી પદયાત્રીના પ્રવાહથી ભરચક બન્યા છે.

આ કેમ્પોના સંચાલકોના જણાવ્યા મુજબ હાજીપીર બાબાના મેળાની પુર્વ સંખ્યા સુધી ૮૦ થી ૯૦ હજાર પદયાત્રીઓ ચા, નાસ્તો, દવા, આરામ, ભોજન, મોબાઈલ રિચાર્જિંગ જેવી સવલતોનો લાભ લઈ ચુકયા છે. રૂદ્રમાતા પુલ નજીક મથડા અને અજાર ૬૦ જેટલા કાર્યકરો વિશાળ પદયાત્રી કેમ્પ ઉભો કર્યો છે. નોખાણીયા નજીક પણ ખ્વાજા ગરીબે નવાઝ સેવા સમિતિ દ્વારા સેવા કેમ્પ કાર્યરત છે. લોરિયા નજીક વીજ સબ સ્ટેશનની બાજુમાં છેલ્લા કેટલાય વરસોથી લોરિયાના ગ્રામજનોના સહકારથી જુના કંડલા સાર્વજનિક સેવા સમિતિ દ્વારા કેમ્પ કાર્યરત છે. તેવું જુસબ હારૂન જંગી આના જણાવ્યું હતું. ખાવડા ફાટક પાસે હાજીપીર સેવા સમિતિ મોરબી દ્વારા કેમ્પ કાર્યરત છે. પાલનપુર નજીક ખુલ્લા રણ વિસ્તારમાં જોન્સનગર મોરબીના કાર્યકરો દ્વારા શરૂ કરવામાં આવેલી સેવાની સરવાણી રાત દિવસ વહી રહી છે. નિરોણા પાદરમાં દવાખાના પાસે સિંચાઈ યોજનાના સંકુલમાં મથડાના કાર્યકરો દ્વારા કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. તેવું રઝબઅલી આગરિયા જણાવ્યું હતું.

### પદયાત્રીની સુવિધા માટે ૫૦ જેટલા કેમ્પો પદયાત્રીથી ધમધમી રહ્યા છે : હરતી-ફરતી સેવાની સુવાસ પણ મોટા પ્રમાણમાં : પદયાત્રીઓને વિવિધ વ્યજંનો -મનગમતા ભોજન પીરસાઈ રહ્યા છે : રાત્રીના રાસુડા, કવ્વાલીના કાર્યક્રમો યોજાયા

શાદીનશા કેમ્પમાં પદયાત્રીની ભારે ભીડ જોવા મળી હતી. તો બિબ્બરથી ઉતરે જલેબી કેમ્પમાં પણ ભારે પદયાત્રીનો પ્રવાહ હતો. ખેડોઈના મહાવીરસિંહ (માવુભા) વાઘેલાના વડપણ હેઠળ યોજાતો પદયાત્રી કેમ્પ શ્રધ્ધાળુઓથી છલકાતો જોવા મળ્યો હતો. અત્રે રાત્રે જાણીતા કલાકારો દ્વારા લોકસંગીત કવ્વાલીનો કાર્યક્રમ યોજાયો છે. તો રૂદ્રમાતા ડેમ નજીક ભાઈ-ભાઈ કેમ્પમાં રાત્રે જાણીતા કલાકારો રાસુડા અને કવ્વાલીની મોજ કરાવી હતી. બિબ્બરથી આગળ ગુગરઢુઈ, ભગાડિયા, છસલા અને બુરકલ વચ્ચેના ધુળિયા રસ્તા આસપાસના અનેક સેવા કેમ્પો મોજુદછે. આ રણ માર્ગમાં ઠેકઠેકાણે ઠંડા-પાણી લીલા નાળિયેર, ચીકુ, શરબત, તરબુચ, કુલ્ફી જેવી વસ્તુઓનું વિતરણ કરતા કાર્યકરો પદયાત્રીની આંતરડીઓ ઠારી રહ્યા છે. દરેક પદયાત્રી કેમ્પમાં જમવાની વ્યવસ્થામાં ખાસ વાનગી માટે યાત્રીઓ ભારે જાણીતા બન્યા છે. જેમાં જલેબીવાળો કેમ્પ મોખરે છે. હજારો પદયાત્રીઓ કેમ્પમાં ભિન્ન ભિન્ન વાનગી આરોગી રાજીપો અનુભવે છે.

ઝુરા નજીકનો કેમ્પ બાજરાના રોટલાવાળો કેમ્પ તરીકે મશહુરછે. આ કેમ્પમાં ૧૦૦૦ કિલો બાજરાના રોટલા બનાવી પીરસાય છે. તો હરતીફરતી સેવામાં પણ અવનવા વ્યંજનો રસ, ફ્રુટ વિગેરે અપાય છે. પુરીશાક, શીખંડ જેવી વાનગી પીરસાય છે. ખારીભાત, દાળ, ભાત, રોટલી, મીઠાઈ સહિતના ભાવતા ભોજન પદયાત્રીને અપાય છે. પીએચસીના ટીમના તબીબ તથા ઉમરભાઈ સલેમાન ચાકી અને આરોગ્યની ટીમ પ્રાથમિક સારવાર સામગ્રી આપવામાં આવે છે. કોલોરીન દવા વિતરણ થાય છે. પદયાત્રી માટે આરોગ્યની સેવા પુરતી અપાય છે. તો નિરોણા પોલીસ થાણા પીએસઆઈ માર્ગદર્શન હેઠળ રાત્રી પેટ્રોલીંગ થાય છે. સુરક્ષા પુર્ણ અપાય છે અને રોડ પર રાઉન્ડ લગાવી રહ્યા છે. દરમ્યાન ઉનાળાના આગમન સાથે જ ગરમીનો પાટો પણ સાતમા આસમાને કોઈ પદયાત્રીઓ પણ અગાઉ કરતા આ વરસે આગોતરા નીકળ્યા છે. સબકા બુલાવા આયા હૈ ... ઉર્ષ હાજીપીર કા અયા રે ના નાદ સાથે આબાલ, વૃધ્ધ,મહિલાથી પાવરપટ્ટીના પંથક અને રણ પદયાત્રીઓની લાંબી લાંબી કતારોથી મરૂભૂમિનો વેરાન પ્રદેશ ભારે હર્ષો ભર્યો ભાસી રહ્યો છે. કેમ્પની પુરક માહિતી પી.એમ જાડેજા, ઝુરા માધુભા જાડેજા તથા ઉંમરભાઈ ચાકી નિરોણા આપી હતી.

# ગાંધીધામ ચેમ્બર આયોજિત વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથેના કેન્દ્રિય રેલ્વે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવનો સંવાદ કાર્યક્રમ યોજાયો














## પશ્ચિમ રેલ્વેમાં ગાંધીધામનો વિકાસ નિહાળી ચેમ્બરની કામગીરીને બિરદાવી

ગાંધીધામ : ગાંધીધામ ચેમ્બર આયોજિત વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથેના સંવાદ કાર્યક્રમમાં રાજકોટ અને પોરબંદર બાદ ખાસ ગાંધીધામ પધારેલ કેન્દ્રિય મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવનો સંવાદ કાર્યક્રમ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ યોજાયો હતો., જેમાં પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડીવીઝન તેમજ ગાંધીધામ એરીયાના માલ પરિવહન તથા આવક્તા આંક્ડા રજુ કરતા ગાંધીધામ ચેમ્બરે સંકુલના વિકાસ માટે આદરેલ પ્રયત્નોની ઝાંખી રજુ કરી હતી તેમજ કચ્છ માટે રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વધુ સુવિધાઓ અને વિકાસ નોંધાય તે હેતુસર આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતું, જેમાં મુખ્યતવે કચ્છથી અમદાવાદ સુધી વંઠે ભારત ટ્રેન સેવાનો પ્રારંભ, સુંદર અને રમણીય દરિયાઈ શહેર માંડવી કચ્છ માટે ટ્રેન સેવા શરૂ કરવા, કચ્છથી દિલ્હી માટે દૈનિક સુપર ફાસ્ટ ટ્રેન સેવા ફાળવવા, ગાંધીધામ રેલ્વે સ્ટેશનનો વિકાસ અને ટ્રેન સેવાઓની આવૃતિમાં ફેરફાર માટે તેઓને દૈનિક ધોરણે રૂપાંતર કરવા જેવા મુખ્ય મુદ્દાઓ ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ મહેશ પુજ ધ્વારા રજુ કરાયા હતા.

શરૂઆતમાં ગાંધીધામ ચેમ્બરના પ્રતિનિધિમંડળ તેમજ વિવિધ વ્યાપારી અને ઔધોગિક એસોસીએશનો ધ્વારા મંત્રીશ્રીનું પુષ્પગુચ્છ, શાલ, કચ્છી બંડી, પાઘ અને શાલ, તથા મોમેન્ટો સાથે સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું ત્યારે કચ્છના વિકાસને નિહાળીને અભિભૂત થયેલા રેહવે મંત્રીશ્રીએ કેન્દ્રિય સરકારના છેલ્લા દસ વર્ષના કાર્યકાળ દરમ્યાન વિવિધ વિકાસકામોની ઝાંખી રજુ કરતા જણાવ્યું હતું કે, કચ્છની આ પવિત્ર અને ઐતિહાસિક ભૂમિ પર આવું સ્વાગત સન્માન મેળવી ગૌરવ અનુભવું છું. અને ગાંધીધામ ચેમ્બરની પાંચ પૈકીની ચાર માંગણીઓ એક્દમ વ્યાજબી હોઇ આચારસંહિતા પૂર્ણ થયે પ્રતિનિધિમંડળ સાથે દિલ્હીની મુલાકાત લેવા આમંત્રણ પાઠવ્યું હતું.

શ્રી અશ્વિની વૈષ્ણવે વધુમાં જણાવ્યું હતું કે, કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઇ ચાવડાએ વખતોવખત કચ્છના વિવિધ રેલ્વે સંબંધિત પ્રશ્નો રજુ કરી જિલ્લામાં કેમ વ્યાપાર અને ઉદ્યોગ વધે તે દિશામાં સતત પ્રયત્નશીલ રહયા છે, તેમ જણાવી તેઓએ આ સ્નેહનું ઋણ મારા ઉપર ચડયો હોઈ ગમે ત્યારે કચ્છના વેપાર ઉદ્યોગ અને રેલ્વે સંબંધિત પ્રશ્નો અંગે કાર્ય કરવાની તત્પરતા દર્શાવી હતી.

ચેમ્બરના માનદ મંત્રીશ્રી મહેશ તિર્થાણીએ સંચાલન કરતા આવનારા વર્ષોમાં કચ્છમાં ગ્રીન હાઈડ્રોનના લાખો કરોડો રૂા.ના મેગા પ્રોજેક્ટ તેમજ તુણા-ટેકરા ક્ટેનર ટર્મિનલ પોર્ટને કારણે શહેરને જયારે મહાનગરપાલિકા નો દરજ્જો પ્રાપ્ત થયો છે ત્યારે વસ્તી, વિકાસ અને આર્થિક પ્રગતિમાં બે ગણો વધારો થવાની સંભાવના દર્શાવી આવનારા દાયકાને નજર સમક્ષ રાખી કચ્છની જરૂરિયાતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા નમ્ર અપીલ કરેલ, જેને મંત્રીશ્રીએ વધાવી લઇ આવનારો સમય ઉદ્યોગ વેપાર અને પ્રવાસન એમ તમામ ક્ષેત્રે અગ્રેસર રહે તેવી હૈયાધારણ પાઠવી હતી., તેમજ સને ૨૦૪૭ સુધી દેશના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિકાસનો રોડ મેપ રજુ કર્યો હતો તેમજ કચ્છના ભુજ, ગાંધીધામ, ભચાઉ, સામખિયાળી, આદિપુર ગોપાલપુરી રેલ્વે સ્ટેશનોને અપગ્રેડ કરવા સાથે નલિયા સુધી બ્રોડગેજ ટ્રેન, ગેજ વિસ્તરણ, ઈલેક્ટ્રીફીકશન જેવા અનેક કાર્યો ગણાવી માળખાગત સુવિધાઓ વિક્સાવવા જેવા તમામ મુદ્દાઓના ત્વરિત ઉક્લની ખાત્રી આપી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન કચ્છ જિલ્લા સાંસદ વિનોદભાઈ ચાવડા, ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, અંજારના ધારાસભ્ય ત્રિભાઇ છાંગા, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલ આચાર્ય, નરેન્દ્ર પ્રજાપતિ, યુવા મોરચાના રાજય અધ્યક્ષ પ્રશાંત કોરાટ, ગાંધીધામ નગરપાલિકા પ્રમુખ તેજસ સેઠ, ચેમ્બરના પ્રમુખ મહેશ પુજ, ઉપપ્રમુખ દિપક પારેખ, માનદ મંત્રી મહેશ તિર્થાણી, સહમંત્રી જતિન અગ્રવાલ, ખજાનચી નરેન્દ્ર રામાણી, પૂર્વ પ્રમુખો સર્વ તેજા કાનગડ, તેમજ ટીમ્બર સોલ્ટ, ટ્રાન્સપોર્ટ, શિપિંગ, કાસેઝ, ઓઈલ અને દક્ષિણ ભારતીય સમાજ, અગ્રવાલ, બંગાળી સમાજ, પંજાબી સમાજ, આહિર સમાજ, ક્ષત્રિય સમાજ જેવા વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ ઉપરાંત ભુજ, અંજાર અને માંડવી ચેમ્બરના પ્રતિનિધિઓ સાથે હજારોની સંખ્યામાં સભ્યો જોડાયા હતા, તેવું આ અખબારી યાદીમાં માનદ મંત્રી મહેશ તિર્થાણીએ જણાવ્યું છે.

# કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રના સ્થાપકની ૩૩મી પુણ્યતિથિ ઉજવાઇ





ભુજ : જિલ્લા મથકે અનાથ, નિરાધાર દિકરીઓ માટે કલ્યાણ કેન્દ્રની સ્થાપના કરનાર સંસ્થાના સ્થાપક ચંદ્રજ્યોતિબા શુક્લની ૩૩મી પુણ્યતિથિ ઉજવવામાં આવી હતી. સંસ્થા ખાતે આવેલી તેમની પ્રતિમાને હારારોપણ બાદ કેન્યાના કચ્છી દાતાના આર્થિક સહયોગથી નિર્માણ પામનારા સંસ્થાના કાર્યાલયનું ભૂમિપૂજન કરાયું હતું. આ ઉપરાંત હવન સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મૂળ ભુજ તાલુકાના સૂરજપર અને હાલે કેન્યા સ્થિત દાતા પરબતભાઈ હીરજીભાઈ વેકરિયાના આર્થિક સહયોગથી સંસ્થાના નવા કાર્યાલયનું નિર્માણ કરવામાં આવશે. જેના ભૂમિપૂજન નિમિત્તે મહિલા કલ્યાણ કેન્દ્રમાં રહીને કચ્છ તેમજ જુનાગઢ, રાજકોટ, મુંબઇ, સુરત, ઉદયપુર વગેરે સ્થળોએ પરણી ગયેલી દીકરી-જમાઇઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. પરણી ગયેલી દીકરીઓને સાળી અને તેમની દીકરીઓને ડ્રેસ, કેન્દ્રના નાના છોકરાને વોટરબેગ, જમાઇઓ અને કેન્દ્રના ૧૪ વર્ષથી ઉપરના છોકરાને રોકડ રકમ અપાઇ હતી.

### કેન્દ્રના કાર્યાલય માટે કેન્યાના કચ્છી દાતાએ આર્થિક સહયોગની કરી ઘોષણા : સંસ્થામાં રહેતી, પરણી ગયેલી દીકરી, જમાઈઓને વિવિધ ભેટ સોગાદો અપાઇ

આ તકે રમત ગમત ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત તીર્થ મેહતા તેમજ બિજલબેન એમ શુક્લ, બિન્દુબેન જોષીનું વિશેષ સન્માન કરાયું હતું. સંસ્થાની દીકરીઓના બાળકો માટે બોક્સ ક્રિકેટ, ભરત નાટ્યમ સહિતની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિજેતાઓને પુરસ્કૃત કરાયા હતા. કેન્દ્રના પ્રમુખ કમલાબેન વ્યાસના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રના સંચાલિકા ઈલાબેન મેહતા, દિપાલીબેન શુક્લ, હેમલતાબેન ગોર, સમાજ સુરક્ષા અધિકારી નરેશભાઇ ચૌહાણ, બાળ સુરક્ષા અધિકારી વિપુલભાઈ ડોરિયા સહિત ૩૦૦ જેટલા લોકો હાજર રહ્યા હતા.

# ચોમાસાને ધ્યાને રાખીને ભુજના વિવિધ વિસ્તારોમાં નાલા સફાઈની કામગીરી શરૂ કરાઇ



ભુજ : ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને શહેરના વિવિધ વિસ્તારોમાં નાલા સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શહેરના વોર્ડ નં.૧૧ કે જેમાં કચ્છ યુનિવર્સિટી ખાતેથી લંકીવાળી આવ કે જેનું પાણી હમીરસર તળાવને ભરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે તેની સફાઈ શરૂ કરાઈ હતી તેમજ વોર્ડ નં.૮ ખાતે ૨૨ કુવા વાળી જે ઉમાસર તળાવની આવ છે તેની સફાઈ શરૂ કરાઈહતી. વોર્ડ નં.૭ ખાતે સંસ્કાર નગર ગરબી ચોકમાંથી દર ચોમાસે પાણી ભરાઈ જતું હોય છે તે પાણી કાઢવા માટે થઈને પડદાભીટ્ટ હનુમાન મંદિર પાસેથી વહેણ બનાવીને સફાઈ શરૂ કરવામાં આવી હતી. મંગલમ ચાર રસ્તાથી યોગીરાજ પાર્ક વાળા નાળાની સફાઈ શરૂ કરવામાં આવી હતી. વોર્ડ નં.૩ ખાતે ભીડ ગેટની સામે ઘાસચારા માર્કેટની બાજુમાં પસાર થતા નાળાની સફાઈ શરૂ કરવામા આવી હતી. આ સફાઈમાં કુલ ૪ જેબસી તેમજ ૧૬ ટ્રેક્ટર દ્વારા સફાઈ આરંભવામાં આવી હતી, જેમાં આવને અડચણરૂપ પુર-પથ્થર, ઝાડી, કચરો વગેરેની સફાઈ કરાઈ હતી, અંદાજીત ૩૫-૪૦ ટન જેટલા કચરાનું જેસીબી તેમજ ટ્રેક્ટર દ્વારા ડમ્પીંગ સાઈટ પર નિકાલ કરવામાં આવ્યો હતો. ભુજ શહેરમાં આવતા તમામ નાળાઓની સફાઈ કરવામાં આવશે, જેથી કરીને ભુજના હૃદયસમા હમીરસર તળાવમાં નવા નીર આવે તેમજ ભુજ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઉદ્દભવે નહીં.

## આજે ગાંધીધામથી ઉપડનારી વૈષ્ણોદેવી ટ્રેનનો રૂટ બદલાયો

ગાંધીધામ : ખેડૂત આંદોલનને પગલે કેટલીક ટ્રેનોના રૂટ બદલવાની ફરજ પડી રહી છે, ત્યારે ગાંધીધામથી માતા વૈષ્ણોદેવી જતી કટરા સર્વોદય એક્સપ્રેસ હવે બદલાયેલા રૂટ પર દોડશે. ઉત્તર રેલવે અંબાલા ડિવિઝનના શંભુ સ્ટેશન પર ચાલી રહેલા ખેડૂત આંદોલનને પગલે ૨૭મી એપ્રિલ એટલે કે, આજે ગાંધીધામથી ઉપડનારી ટ્રેન જાખલ - ધુરી, લુધિયાણા થઈને આંશિક ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે. જેની મુસાફરોને નોંધ લેવા રેલવે દ્વારા જણાવાયું છે.

BMCB BANK
ESTD 1995
Multi-State Bank
ભુજ મર્કેન્ટાઇલ બેંક
જોઈએ છે
ગાંધીધામ શાખા માટે
લોન મેનેજર
M.7043216676
E-mail : hr@bhujbank.com

# કોંગ્રેસ પક્ષના ઉમેદવારને જંગી બહુમતીથી વિજયી બનાવી દિલ્હીના દરબારે મોકલવા કચ્છની જનતા મક્કમ





રાપર : રાપર વિધાનસભા કોંગ્રેસ પરિવાર દ્વારા રાપર તેમજ ભચાઉ તાલુકાનાં વિવિધ ગામડાઓ જેવા પ્રાગપર, પલાસવા, ઘાણીથર, સોમાણીવાંઢ, જાડાવાસ, ઘાણીથર , પલાસવા, પ્રાગપર , ખેંગારપર રામવાવ કુડા કકરવા, ખારોઈ,ત્રબો, વજેપર, ભીમગુડા, જેસડા, ગવરીપર, નારાણપર, વગેરે ગામડાઓમાં આગેવાનભચુભાઈ ધરમશીભાઈ આરેઠીયાની અધ્યક્ષતામાં ડોર ટુ લોક સંપર્ક કર્યો તેમજ સ્થાનિક લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. ગામે ગામ લોકો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો.તેમજ લોકો આ વખતે પરીવર્તન નક્કી કર્યું છે. આપણે સૌ સાથે મળીને ઘણા વોટના માર્જિનથી કોંગ્રેસ યુવા ઉમેદવારને જીતાડીને દિલ્લી મોકલવાની નેમ દર્શાવી હતી. યુવાનોમાં મારો સાંસદ નિતેષ લાલણના ભવ્ય નારા સાથે વાગડના ગામડા ગુંજી ઉઠ્યા હતા. તેમજ રાપરના પીઠ આગેવાન ભચુંભાઈ આરેઠીયાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં સત્તા પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે આ સત્તા ધારી ભાજપ સરકાર એ લોકશાહીનું હનન કરી રહી છે. તેમજ લોકો થોડો પણ વિરોધ કરવાનું કરે તો આ સત્તાની ગુલામ સરકાર તેને હેરાન પરેશાન કરી કન્નડગત કરે છે.ભારત દેશ વિવિધમાં એકતા ધારવતો દેશ છે જે એકતાને તોડવાનું કામ ભાજપ અને આ અહંકારી સરકાર કરી રહી છે ઉપરાંત નારી સન્માનની મોટી મોટી વાતો કરતી આ ભાજપ સરકાર જ મહીલાઓનું સન્માન જાળવી શક્તિ નથી.રાષ્ટ્રવાદના નામે આ સરકાર માત્ર ચરી ખાવાનું કરે છે.

તેમજ આપણાં દેશને અંગ્રેજોના ગુલામીમાથી આઝાદ કરાવમમાં જેનો સિંહ ફાળો છે તેવા આદરણીય મહાત્માગાંધી જી વિષે પણ ટિપ્પણી કરે છે. તેમજ યુવા નેતા અશોક રાઠોડે જણાવ્યુ હતું કે છેલ્લા ૧૦ વર્ષ થી કેન્દ્રમાં અને ઘણા દાયકાઓથી ભાજપ સરકાર સત્તામાં છે જેનો એમને ઘણો બધો ઘમંડ છે.આ સરકાર તાનાશાહીની સરકાર છે.આ સરકાર બંધારણ ખત્મ કરવા ઈચ્છે છે.ભાજપ સરકાર લોકોને માત્ર ઉસકરવાનું કામ કરે છે તો હવે સમય આવી ગયો છે તેમનો ઘમંડ તોડવા માટે કોંગ્રેસ તરફી મતદાન કરી લોકતંત્ર નો વિજયી કરવા આહવાન કર્યું હતું. છતાં લોક સંપર્ક કાર્યક્રમમાં ભચુભાઈ આરેઠીયા, રાપર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભીખુભાઈ, રાપર તાલુકા આમ આદમી પાર્ટીના પ્રમુખ સુરેશભાઈ મકવાણા, ભચાઉ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બળૂભા જાડેજા, ભચાઉ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનજીભાઈ રાઠોડ, યુવા નેતા અશોક રાઠોડ, મહેશભાઈ ઠાકોર, હેતુભા સોઢા, બબાભાઈ ઢીલા, વસંતભાઈ મહેશ્વરી,સુખુભા જાડેજા, મોકુભા જાડેજા, મમુભા જાડેજા,રાજાભાઈ પટેલ, વાલજીભાઈ ઢીલા, કરશનભાઈ મણવર, પ્રતાપભાઈ ઠાકોર, ઉમેદભાઈ કોલી સહિત વગેરે આગેવાનો સાથોસાથ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામમાં મતદાર જાગૃતિ માટેની રેલીને અપાઈ લીલીઝંડી








ગાંધીધામ : કે.વી. ડીપીએ દ્વારા ગોપાલપુરી કોલોનીમાં મતદાર જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જગદીશ કે. રાઠોડ, અતિથિ વિશેષ તરીકે સી હરિચંદ્રન તેમજ શુશીલ નાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, લોકશાહીએ લોકોની લોકો દ્વારા અને લોકો માટેની સરકાર છે જેવા ઐતિહાસિક વાક્યોનું મહત્વ સમજાવ્યું હતું. લોકોને ૭મી મેના યોજાનાર મતદાન માટે શક્ય તેટલો વધુ મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અંતમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન દ્વારા મતદાર જાગૃતિ માટેની રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. કાર્યક્રમમાં દીપક કુમાર રાણે, ઓમ પ્રકાશ દાદલાણી,હેમંત ભાસ્કર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ મેલેરિયા દિવસની ઊજવણી



તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ગાંધીધામ ડો. દિનેશ સુતરીયા અને તાલુકા સુપરવાઝર વિનોદભાઈના માર્ગદર્શન હેઠળ વિશ્વ મેલેરિયા દિવસ ઊજવણી કાર્યક્રમનું આયોજન PHC કિડાણા મધ્યે કરવામાં આવ્યું જેમાં - મેલેરિયા શું છે ? - મેલેરિયાના લક્ષણો વિશે - લાર્વા (પોરા) પ્રદર્શન ગપ્પી ફિશ (પોરા ભક્ષકમાછલી) પ્રદર્શન IEC રાખવામાં આવ્યું હતું.જેમાં મેડિકલ ઓફિસર શ્રી. લેબોરેટરી ટેકનેસિયન. MPHS. FHS .L.T. MPHW. CHO. FHW. બેન આશાબેનો PHC કિડાણાનો તમામ સ્ટાફ સહયોગ આપ્યો હતો. મેલેરિયા અટકાયત પગલાં અંગે નું આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. તથા મેલેરિયા મુક્ત અંગેનો સંકલ્પ આજ રોજ લેવા માં આવ્યો હતો.મેલેરિયા થીમ ૨૦૨૪ “ વધુ સમાન વિશ્વ માટે મેલેરિયા સામેની લડાઈને વધુ વેગ આપીએ એ અંગે માહિતી આપી હતી.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 8 | 4 | 9 | | | |
| 2 | | | 5 | | 7 | | | 4 |
| | 8 | 9 | | | | 5 | 3 | |
| | | 5 | 4 | | 3 | 9 | | |
| | 6 | | | | | | 1 | |
| | | 1 | 6 | | 8 | 7 | | |
| | 4 | 7 | | | | 3 | 5 | |
| 9 | | | 3 | | 4 | | | 1 |
| | | | 1 | 5 | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 5 | 6 | 7 | 1 | 8 | 9 | 2 |
| 8 | 6 | 2 | 5 | 9 | 3 | 4 | 7 | 1 |
| 1 | 9 | 7 | 4 | 8 | 2 | 3 | 5 | 6 |
| 5 | 1 | 8 | 7 | 2 | 4 | 9 | 6 | 3 |
| 6 | 7 | 3 | 9 | 5 | 8 | 2 | 1 | 4 |
| 9 | 2 | 4 | 3 | 1 | 6 | 5 | 8 | 7 |
| 7 | 5 | 6 | 2 | 3 | 9 | 1 | 4 | 8 |
| 2 | 4 | 1 | 8 | 6 | 5 | 7 | 3 | 9 |
| 3 | 8 | 9 | 1 | 4 | 7 | 6 | 2 | 5 |

# અવસાન નોંધ

**ભુજ** : મૂળ કેરાના ઈશ્વરલાલ કેશવજી ઉમરાણિયા (ઉ.વ. ૮૨) તે ગં.સ્વ. ધનલક્ષ્મીબેનના પતિ, સ્વ. હેમરાજ જેઠાલાલ પિત્રોડાના જમાઈ, સ્વ. બાબુભાઈ ઉમરાણિયા, સ્વ. ત્રિકમભાઈ ઉમરાણિયા, સ્વ. પરસોત્તમભાઈ ઉમરાણિયા, દમયંતીબેન, રમાબેન, કલાબેન, ચંદાબેન, જયશ્રીબેન, જ્યોતિબેનના ભાઈ, પરેશભાઈ, ચેતનભાઈ, ગં.સ્વ. હિનાબેનના પિતા, મધુબેન, ભૂમિકા, સ્વ. નીતિનભાઈ મૂળજીભાઈ પિત્રોડાના સસરા, રમેશભાઈ, અશોકભાઈ, દિલીપભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. ભરતભાઈ, પ્રકાશભાઈ, ભરતભાઈ, સંજયભાઈ, કમળાબેન, જલ્પાબેન, દિનુમતીબેન, સ્વ. આશાબેન, પ્રવીણાબેન, ભારતીબેન, રેખાબેન, જયશ્રીબેન, ગં.સ્વ. રીટાબેન, હસુમતીબેન, શીલાબેનના કાકા, પુષ્પાબેન, કાશ્મીરાબેન, માયાબેન, ગં.સ્વ. સરોજબેન, સોનલબેન, નિતાબેન, વંદનાબેનના કાકાજી સસરા, ઉદય, ભક્તિ, હર્ષ, પ્રિયાંશીના દાદા, બ્રિજેશ, મનસ્વી, જૈમિનના નાના બાપા તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪ના શનિવારે સાંજે ૫થી ૬ લોહાર સમાજવાડી, લોહાર ચોક, ભીડ ગેટના નાકે, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ આરંભડા (મીઠાપુર) નિવાસી મેરૂભાઈ ભગવાનજી ગઢવી (ઉ.વ. ૯૪) તે સુભાષભાઈ, રાજુભાઈ, દિલીપભાઈ, હેમેન્દ્રના પિતા તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪ના શનિવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ ભૂતનાથ મહાદેવ મંદિર, ખારીનદી એરપોર્ટ રોડ, ભુજ ખાતે.

**ભુજ** : પ્રતીક ભૂરાભાઈ દોહટ (ઉ.વ. ૨૭) તે ભૂરાભાઈ વરજાંગજી દોહટ અને દયાબેનના પુત્ર, હેમંત ભૂરાભાઈ દોહટના મોટા ભાઈ, સ્વ. અરજણજી, સ્વ પદમચંદ, પ્રવીણકુમાર, દેવાભાઈ, પૂનમચંદ વરજાંગ દોહટના ભત્રીજા, સ્વ. ભીનીબેન તાગાજી મકવાણા, હિરિબેન રાયચંદ અણખિયાના ભત્રીજા, પ્રકાશ અરજણજી, રમેશ અરજણજી, રાજેશ અરજણજી, મનોજ પદમચંદ, દીપેશ પદમચંદ, જિતેન્દ્ર પદમચંદ, હર્ષ પ્રવીણકુમાર, ભવ્ય પ્રવીણકુમારના પિતરાઈ ભાઈ, ગૌતમભાઈ રતિલાલ ભાનાણી, સ્વ. પ્રકાશ રતિલાલ ભાનાણી, ચંદ્રપાલ રતિલાલ ભાનાણી, શીલાબેન શંકરલાલ મકવાણા, શંકરલાલ સદાજી મકવાણાના ભાણેજ તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪ના શનિવારે સાંજે ૪થી ૬ સભાગૃહ - ક્લબ હાઉસ, ગ્રીન એકર્સ સોસાયટી, શ્રીનાથજી ઓટોલિફ્ટ સર્વિસ સેન્ટરની સામે, એરપોર્ટ રોડ, ભુજ ખાતે.

**કુકમા (તા. ભુજ)** : મૂળ હાજાપરના ક.ગુ.ક્ષ. મિસ્ત્રી મોહનલાલ વીરજી યાદવ (ઉ.વ. ૭૫) તે સ્વ. પાનીબેન વીરજી વસ્તા યાદવના પુત્ર, ઉષાબેનના પતિ, ગં.સ્વ. રૂડીબેન રામજીભાઈ લધાભાઈ ચૌહાણ (નાગોર)ના જમાઈ, જિજ્ઞેશ (ગેટકો, કાળી તળાવડી), મમતાબેન (અંજાર કોર્ટ)ના પિતા, મનીષા (માધાપર કન્યા પ્રા. શાળા શિક્ષિકા), ભરતભાઈ (પીજીવીસીએલ - અંજાર)ના સસરા, નિત્યા, દર્શિવના દાદા, નાનાલાલ, અમૃતલાલ, દમયંતીબેન હરિલાલ ચૌહાણ, ગૌરીબેન નારાણભાઈ ચૌહાણ, શાંતાબેન લાલજીભાઈ ચૌહાણ, જયાબેન મોહનલાલ વરૂ, લીલાવંતીબેન મોહનલાલ ચાવડાના ભાઈ, જસ્વંતીબેનના દિયર, વર્ષાબેનના જેઠ, રાજેશ (આરોગ્ય શાખા, જિ.પં. ભુજ), રિતેશ (નરોડા અમદાવાદ), સ્વ. રૂપેશ (બોરીવલી)ના કાકા, ગીતાબેન (નિવૃત્ત શિક્ષિકા કુકમા), બીનાબેન, પૂજાબેનના કાકાજી સસરા, કિરણબેન ધીરજલાલ ચૌહાણ, વસંતબેન પ્રભુલાલ ચૌહાણ, પારૂલબેન પંકજભાઈ ચૌહાણ, સ્વ. ભાનુબેન, વાસંતીબેન અનિલભાઈ વેગડ, કોકિલાબેન દામજીભાઈ પરમાર, જ્યોતિબેન ચંદ્રકાંતભાઈ ખોડિયાર, ચંદ્રિકાબેન ધીરેનભાઈ ટાંક, ભારતીબેનના બનેવી, નીલ, મેઘના, આંચલ, સ્વરાના નાના દાદા, શિખા, મોક્ષાના નાના બાપા તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪ના શનિવારે સાંજે ૫થી ૬ મિસ્ત્રી સમાજવાડી, કુકમા ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મંછાબા (મનુબા) ભગવતસિંહ જાડેજા (ઉ.વ. ૭૫) તે સ્વ. જેવતસિંહ ગોહિલના પત્ની, ભગવતસિંહ દોલતસિંહના પુત્રી, મયાબા, જોરાવરસિંહ (લાખુભા), વિલાસબા, પ્રવીણસિંહના બહેન, રોહિતસિંહ, વિક્રમસિંહ, જગદીશસિંહ (સચિન), અરૂણસિંહ, વિમલસિંહના ફઈ, સતુભા પ્રતાપસિંહ ઝાલા (હાલ માધાપર મૂળ કોંઢ), નિર્મલસિંહ, હરેન્દ્રસિંહ, સુરેન્દ્રસિંહ ભરતસિંહ ઝાલા (અમદાવાદ), ઘનશ્યામસિંહના માસી તા. ૨૪-૪ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૭-૪ના શનિવારે સાંજે ૫થી ૬ વિનોદભાઈ પરસોત્તમ સોલંકી સમાજ ભવન (મિસ્ત્રી સમાજવાડી), જૂનાવાસ, માધાપર ખાતે.

**ભુજપુર (તા. મુંદરા)** : શૈલેશ (ઉ.વ. ૫૫) તે જવેરબેન રામજી મૂરજી જેસરેગોરના પુત્ર, સરલાબેનના પતિ, સ્વ. ભરતભાઈ, પ્રકાશ, સ્વ. કુસુમબેન જેન્તીલાલ પેથાણી (રતાડિયા)ના ભાઈ, લતાબેન, આશાબેનના દિયર, સ્વ. જેન્તીલાલ, જિતેન્દ્ર, સુભાષ બાબુલાલના કાકાઈ ભાઈ, પૂનમ વિમલ શિણાઈ (બિદડા), ભક્તિ દીપ શિણાઈ (પ્રતાપર), રિતેષના પિતા, વિમલ નવીનચંદ્ર, દીપ હિંમતલાલના સસરા, નેહલ, કેવલ, કિંજલ, જાનકી, ધર્મેશ, ક્રિષ્નાના કાકા, સ્વ. વેલબાઈ રામજી માધવજી નાગુ (બિદડા)ના જમાઈ, સ્વ. ઉમિયાશંકર, પ્રેમજી, વિશનજી, સ્વ. જેઠાલાલ, સ્વ. નવીન, પ્રભાબેન મોતીલાલ (મસ્કા), સ્વ. જયાબેન નરેન્દ્રભાઈ (મુંબઈ), સ્વ. સાવિત્રીબેન રસિકભાઈ (બાગ), રેખાબેન હરેશ (મુંબઈ)ના બનેવી તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૪ના સાંજે ૪થી ૬ ચારણ સમાજવાડી, બસ સ્ટેશનની બાજુમાં, ભુજપુર ખાતે.

**લુણી (તા. મુંદરા)** : ગં.સ્વ. જવેરબેન (ઉ.વ. ૯૨) તે મગનલાલ મોરારજી રાજગોરના પત્ની, સ્વ. ચંચલબેન, સ્વ. જેન્તીલાલ, સ્વ. દિનેશભાઈ, કુસુમબેનના માતા, ગં.સ્વ. જશુબેન, ગં.સ્વ. ભાવનાબેન, ઉમિયાશંકર માકાણીના સાસુ, પ્રભાબેન (ટોડા), સ્વ. હરિલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. વલ્લભજીના ભાભી, દીપેશ, નીલેશ, જલ્પા, સ્વ. દર્શન, જિગરના દાદી, ઓમ, રૂદ્ર, જાનવી, ક્રિશના પરદાદી, નિશા, અંકિતા, કલ્પનાના દાદીસાસુ, સ્વ. જીવરામ વાલજી આશારિયા (ખેડોઈ)ના પુત્રી, સ્વ. શિવલાલ, સ્વ. દેવશંકર, અમૃતબેન, નટવરલાલ, સ્વ. કાન્તાબેનના બહેન તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૪ના શનિવારે બપોરે ૩થી ૬ નિવાસસ્થાને.

**મોટા ભાડિયા (તા. માંડવી)** : માણશી હરપાર ગઢવી (મૌવર) (ઉ.વ. ૬૭) તે સ્વ. માલશ્રી અને સ્વ. હરપાર દેવદાસના પુત્ર, લાછબાઈના પતિ, ગોપાલ, લખમણ, પરમાબેન મૂરજી મંઢાણી, દેવલબેન આશારિયા બાનાયત, પંજઈબેન રાજિયા બાનાયતના પિતા, દેશરભાઈ, નાંગશીભાઈ, સ્વ. વાલજીભાઈ, ખીમરાજભાઈ, ગં.સ્વ. રાજબાઈ દેવદાસ મંઢાણી, રાણબાઈ રાણશી બાનાયત, રામઈબાઈ ગોવિંદ બાનાયત, પૂ. ખીમશ્રીમા (ભગવતીકૃપા ધામ-મોટા રતડિયા)ના ભાઈ, સ્વ. દેવાંધ દેવદાસ, સ્વ. પાલુભાઈ દેવદાસ, સ્વ. સામત દેવદાસ, સ્વ. સજણ દેવદાસના ભત્રીજા, સ્વ. કાનજી નારાણ બારોટ, સ્વ. ભચુભાઈ નારાણ બારોટ (મોટા રતડિયા)ના ભાણેજ તા. ૨૨-૪ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન જાવા વાડી વિસ્તાર ખાતે. ઉત્તરક્રિયા (પાણી) તા. ૨-૫ના મંગલવારે તે જ સ્થળે.

**મથલ (તા. નખત્રાણા)** : કુંભાર શેરબાનુ કાદર (ઉ.વ. ૨૪) તે કાદરના પત્ની, જુસબ ખમીસાના પુત્રવધૂ, હાસમ આમદ કુંભાર (લાખાપર)ના પુત્રી તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૮-૪ના રવિવારે સવારે ૧૧ વાગ્યે નિવાસસ્થાન મથલ ખાતે.

**બિબ્બર (તા. નખત્રાણા)** : જાડેજા રૂપાળીબા (ઉ.વ. ૮૫) તે સ્વ. અણધાજી જેમલજીના પત્ની, દીપસંગજીના માતા, સ્વ. ભમરસિંહ કાનજી, નારાણજી, ભચાજીના મોટામા, સોનાજી તમાચીજી, ઓધુભા મૂળાજી, તુગાજી વેલાજી, અખેરાજજી કાનજી, મૂળુભા ઉમરાજીના કાકી, રણજિતસિંહ, અરવિંદસિંહ, નવલસિંહ, રાજુભા, વિક્રમસિંહ, લક્ષ્મણસિંહ, શક્તિસિંહના દાદી, રુદ્રસિંહ, કશ્યપસિંહ, કાર્તિકસિંહના પરદાદી તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. બારમું તા. ૨-૫ના. સાદડી નિવાસસ્થાન બિબ્બર ખાતે.

**બાલાપર (તા. લખપત)** : સોઢા ઢેલાબા મહેશાજી (ઉ.વ. ૭૦) તે સ્વ. મહેશાજી નોગણજીના પત્ની, જેઠુભા, બળવતસિંહ, ગોપાલસિંહ, કનુભા, સ્વ. હનુભા મહેશાજીના માતા, વિજયસિંહ, ચાંદુભાના ભાભી, ગાભુભા મહોબતજી, મંગલજી નારણજી, રાસુભા ભેરજીના કાકી, મૂળરાજસિંહ, ખાનુભા, હરપાલસિંહ, જયેન્દ્રસિંહ, અર્જુનસિંહ, ભરતસિંહ, ભાગ્યરાજસિંહ, ઓમદેવસિંહના દાદી, જાડેજા ચાંદુભા મોકાજી (બેલા-જખૌ), જાડેજા જામભા પ્રેમસિંહ (કુકડાઉ)ના સાસુ, સ્વ. જાડેજા રામસંગજી હરભમજીના પુત્રી, કરસનજી, ગિગુભા, ભીમજીના બહેન તા. ૧૮-૪ના અવસાન પામ્યા છે. આગરીની રાત તા. ૨૭-૪ના તથા તા. ૨૮-૪ના પાણીઢોળ નિવાસસ્થાન બાલાપર ખાતે.

**વિંઝાણ (તા. અબડાસા)** : જાડેજા ટપુભા (ઉર્ફે ખેંગારજી) જીજીભા (ઉ.વ. ૭૮) તે સ્વ. ચનુભા ભાઈજીભાના ભત્રીજા, સ્વ. જીજીભા ભાઈજીભાના પુત્ર, સ્વ. બાઉભા, સ્વ. બનેસિંહ, મેઘરાજજી, સ્વ. મેરામણજી, ગુમાનસિંહના ભાઈ, હરેન્દ્રસિંહ, અનિરુદ્ધસિંહ, સાવજસિંહના પિતા, ભીખુભા, મૂલરાજસિંહ, વનરાજસિંહ, ભરતસિંહ, ઘનશ્યામસિંહના કાકા, સંદીપસિંહ, પ્રતિપાલસિંહ, જિતેન્દ્રસિંહ, સ્વ. યુવરાજસિંહ, હરપાલસિંહ, અજયસિંહના મોટાબાપુ, વિજયસિંહ, હરપાલસિંહ, પરાક્રમસિંહ, યશરાજસિંહ, નેવ્યદીપસિંહ, નિત્યરાજસિંહ, લક્ષરાજસિંહ, માન્યદીપસિંહ, મયૂરસિંહ, માન્યરાજસિંહના દાદા તા. ૨૧-૪ના અવસાન પામ્યા છે. બેસણું રાસકાયાણી દરબાર ગઢની ડેલીએ.

**ઐડા (તા. અબડાસા)** : અરવિંદભાઈ મંડળ વિઝાર (ઉ.વ. ૬૫) તે સ્વ. કલાવંતીબેન રણછોડદાસ ઠક્કરના પુત્ર, હેમલતાબેનના પતિ, સ્વ. વલ્લભજી લાલજી અનમ (કુરિયાણી હાલે રાજકોટ)ના જમાઈ, સ્વ. ચંપાબેન (રાજકોટ), સ્વ. વસંતબેન (રાજકોટ), સ્વ. જયાબેન (જંગડિયા), ગં.સ્વ. અનસૂયાબેન (સુરત), લક્ષ્મીબેન (દયાપર), કમળાબેન (નખત્રાણા), સ્વ. પૂર્ણિમાબેન (નાસિક), સ્વ. શિવજીભાઈ (રાજકોટ), સ્વ. મહેન્દ્રભાઈ (રાજકોટ), ભવાનજીભાઈ (રાજકોટ)ના બનેવી, ગં.સ્વ. અમૃતબેન (આદિપુર), ગં.સ્વ. રસીલાબેન (મુંબઈ), મહેશભાઈ (ઐડા), પરેશભાઈ (ઐડા)ના ભાઈ, સ્વ. કોમલબેન લક્ષ્મણભાઈ દુઆખોભડિયા (નારાયણ સરોવર), મિત્તલબેન યોગેશભાઈ દૈયા (ભુજ), કાજલબેન ધર્મભાઈ પલણ (ભુજ), વિજયભાઈ (ભુજ)ના પિતા, વૈદેહીના સસરા, રૂપલબેન જિગરભાઈ દૈયા (ભુજ), નીરવભાઈ (ભુજ)ના મોટાબાપા, કોમલબેનના મોટાસસરા, વિહા તથા દિયાના દાદા, કાવ્યા, હિતેન, હેત, યામી, પંથના નાના તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૪ના રવિવારે સાંજે ૪થી ૫ ભાનુશાલી મહાજનવાડી, ઐડા ખાતે.

**બારા (તા. અબડાસા)** : થુડિયા ઈશા સુમાર (ઉ.વ. ૮૦) તે થુડિયા હસણ, મામધના પિતા, થુડિયા ઈસ્માઈલ, અયુબ, આધમના મોટાબાપા, સમેજા હુશેન આમધ (વાડાપદ્ધર), સુમરા જુસબ ઉમર (કોઠારા), બાબરિયા ગની આમધ (વાડાપદ્ધર)ના સસરા તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૨૮-૪ના સવારે ૧૦:૩૦ કલાકે બારા મસ્જિદમાં.

## ગાંધીધામમાં અંબાજી ગ્રુપ અને ટીમ બિલીવના સૌજન્યથી કમલસિંહ જાદૌન ક્રિકેટ પેવેલિયનનું લોકાર્પણ



ગાંધીધામ : સંકુલમાં ઉગતી પ્રતિભાઓને યોગ્ય પ્રોત્સ્હન મળી રહે અને યોગ્ય રમતગમત સંકુલ મળી રહે તેવા શુભ આશયથી ગાંધીધામ ખાતે અંબાજી ગ્રૂપ અને બિલીવ ગ્રૂપના સહયોગથી બનાયેલા કલમસિંહ જાદૌન ક્રિકેટ પેવેલિયન રેલવે ઈન્સ્ટિટ્યુટ ગાંધીધામનું લોકાર્પણ કરાયું હતું.

અંબાજી ગ્રૂપ અને બીલીવ ગ્રૂપના સહયોથી ક્રિકેટના પેવેલિયનનું લોકાર્પણ અમદાવાદ મંડલ રેલવે પ્રબંધક (ડીઆરએમ) સુધીરકુમાર શર્માના હસ્તે કરાયું હતું. આ વેળાએ શ્રી શર્માએ બાળકોને રમતગમતમાં આગળ આવવા માટે આ સંકુલ ખુબ ઉપયોગી થશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. દિનદયાલ પોર્ટ ટ્રસ્ટના ઉપાધ્યક્ષ નંદીશ શુકલાએ શુભેચ્છા પાઠવી હતી. રેલવેના એરિયા મેનેજનર આશિષ ધાનિયાએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી સાથે આ કાર્યમાં જોડાયેલી સંસ્થાનો આભાર માન્યો હતો. આ વેળાએ અંબાજી ગ્રૂપના મનોજસિંહ જાદૌન, શૈલેષસિંહ જાદૌન, બિલીવ લોજીસ્ટીકના ભગતસિંહ ધનવારિયા, મદદનીશ જિલ્લા સરકારી વકીલ સુરેશ રાણા, સનસાઈન સ્પોર્ટસ ક્લબના વિરેન્દ્ર બાથમ, રાજેશસિંઘ, અજીતસિંઘ અને રેલવેના સચિનકુમાર, નરપતસિંહ પરમાર વગેરે હાજર રહ્યા હતા.



તા.૨૬/૦૪/૨૦૨૪ના રોજ, દીનદયાળ પોર્ટ ઓથોરિટી ખાતે વાઈસ ચેરમેન શ્રી નંદીશ શુક્લાની અધ્યક્ષતામાં રાજભાષા અમલીકરણ સમિતિની ત્રિમાસિક સમીક્ષા બેઠક યોજાઈ હતી. વિભાગના વડાઓ અને નોડલ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. અધિકૃત ભાષાના અમલીકરણની સમીક્ષા કરવામાં આવી હતી અને તે મુજબ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

## વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ ભચાઉ દ્વારા યોજાયેલ કેમ્પમાં આંખના ૪૦૪ દર્દીઓની તપાસણી કરાઈ



ભચાઉ : ભોજાય સર્વોદય ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ કિંગ સર્કલ અને વાગડ ગ્લોબલ ફાઉન્ડેશન-મુંબઈના આર્થિક સહયોગથી વાગડ સર્વોદય ટ્રસ્ટ દ્વારા સંચાલીત વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉ દ્વારા મોતિયા મુક્ત અભિયાન હેઠળ એપ્રિલ મહિનામાં રાપર તાલુકાના કુલ ૨૭ ગામો, વાંઢોમાં વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉના આંખ રોગના નિષ્ણાંત ડોક્ટર અને તેની ટીમ સાથે આંખના દર્દીઓને તપાસણી કરવામાં આવી હતી. તપાસણી બાદ જરૂરિયાતમંદ દર્દીઓને નિ:શુલ્ક આંખના ટીપા આપવામાં આવ્યા હતા જેમાં કુલ્લ ૪૦૪ દર્દીઓની તપાસણી કરી તેમાંથી ૧૦૩ દર્દીઓના મોતિયા, વેલ, જામરના ઓપરેશન માટે વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉ મધ્યે બોલાવવામાં આવ્યા હતા.

આ કેમ્પ લીલાધરભાઈ ગડાના માર્ગદર્શન તળે વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉના આંખ રોગના નિષ્ણાંત ડો.પાર્થ સુથાર,એડમીન ઈશ્વરભાઈ ઓઝા, અરૂણ ચાવડા, કિરણ પ્રજાપતિ, ચકુ રબારી, હરિભાઈ આહીર, વોલિયેન્ટર અલ્કાબેન ઓઝા, નલિની ગાલા તથા વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉના ટ્રસ્ટી વાડીલાલભાઈ સાવલાએ આ કેમ્પને સફળ બનાવવા માટે સહયોગ આપેલ છે.

## રત્નકણિકા

**રાજપુરોહિતોને રાજાના કરેલા પાપના ફળ ભોગવવા પડે છે.- આચાર્ય ચાણક્ય**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૩૮ ક.) તા.૨૭ એપ્રિલ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૭, જયેષ્ઠા નક્ષત્ર, પરિઘ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૧૬

આજનો દિવસ સવારે ૮:૧૮ ક. સુધી શુભ છે

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), પરોઢે ૪:૨૮ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – હિતશત્રુઓથી સાવધ રહેવું. કાર્યબોજ હળવું બને.

**વૃષભ** – અટકેલા કાર્યો પૂર્ણ થાય. માંગલિક પ્રસંગોમાં ધન વ્યય થાય.

**મિથુન** – જીવનસાથીથી સ્નેહ રહે. મનની મુરાદ પૂરી થાય.

**કર્ક** – બગડેલા કાર્યો સુધારી શકશો. ભાગીદારી સાથે સંઘર્ષ થાય.

**સિંહ** – કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. આર્થિક સમસ્યા હળવી બને.

**કન્યા** – નવિન સમાચાર મળે. મનની ઈચ્છા પૂર્ણ થાય.

**તુલા** – ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ. ગૃહવિવાદના ભોગ બનવું પડે.

**વૃશ્ચિક** – વાદ-વિવાદમાં સંભાળવું. વ્યર્થ ચિંતા ટળશે.

**ધન** – જીવનસાથીથી વાણી ઘર્ષણ થાય. મનમાં ક્રોધ રહે.

**મકર** – વ્યર્થ ગુપ્ત ચિંતા સતાવે. પારિવાર તથા મિત્રોનો સહકાર મળે.

**કુંભ** – વાક્ય ચતુરાઈથી સફળતા મળે. વિરોધીઓ પાછા પડે.

**મીન** – નવિન કાર્યોમાં સફળતા મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી લોહાણા મૂળ ગામ કચ્છ કેરા હાલ ઘાટકોપર નિવાસી સ્વ. કંકુબેન મુલજીભાઈ ઠક્કર (જોબનપુત્રા)ના પુત્રવધૂ. સુબોધભાઈના ધર્મપત્ની. ભાવનાબેન (ઉં. વ. ૭૦) તા. ૨૪-૪-૨૪ના રામશરણ પામેલ છે. તે દીપાલી નયન ઠક્કર તથા દીપ્તી મીતેશ કોટકના માતુશ્રી. સ્વ. પુષ્પાબેન ચંદ્રકાંતભાઈ, ગં. સ્વ. અનસુયાબેન દિલીપભાઈના દેરાણી, સ્વ. સરલાબેન તરુણભાઈના જેઠાણી. સ્વ. મીઠીબાઈ વેલજીભાઈ મજેઠીયાના સુપુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૮-૪-૨૪ના ૫થી ૭. ઠે. અગ્રસેન હોલ, ત્રીજે માળે, સ્વામીનારાયણ મંદિર ૯૦ ફીટ રોડ, ઘાટકોપર, પૂર્વ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન બાડા હાલે ભુજના દેવચંદ કલ્યાણજી ગડા (ઉં. વ. ૬૭) તા. ૨૫/૦૪/૨૪ના અવસાન પામેલ છે. સ્વ. ગંગાબાઈ કલ્યાણજીના પુત્ર. દમયંતીના પતિ. કિરણ, ભાવિન, સ્વ. દર્શીકના પિતા. વિરચંદના ભાઈ. રાયધણજારના ઉમરબાઈ નાનજી ખીંયશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : દમયંતી ગડા, ૭, લાયન્સ નગર, કોવઈ નગર, ભુજ – ૩૭૦૦૦૧.

મેરાઉના ધીરજલાલ ગાલા (ઉં. વ. ૭૨) તા. ૨૪-૪-૨૦૨૪ના અરિહંત શરણ પામેલ છે. લીલબાઈ મગનલાલના પુત્ર. અરૂણાના પતિ. રાહુલ, બીજલના પિતા. નવિનચંદ્ર, મહેન્દ્ર, દીપક, ભાનુમતી, ઈંદિરાના ભાઈ. દુર્ગાપુરના મોંઘીબેન વેલજી આસુના જમાઈ. પ્રા. શ્રી મુનિસુવ્રત જૈન દેરાસર, ૫મે માળે, ટેંબીનાકા, થાણા (વે) ટા. ૨.૩૦ થી ૪.૩૦. નિ. ધીરજલાલ ગાલા, ૨૦૨, સમીર આર્કેડ, જાંબલી નાકા, ચિંતામણી જ્વેલર્સની પાસે, થાણા (વે).

બેરાજાના વસનજી કાનજી પાસુ સંગોઈ (ઉં. વ. ૭૭) તા. ૨૧/૦૪/૨૦૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી પુરબાઈ કાનજી પાસુના પુત્ર. ઉમરબાઈ (ઉમીમા) પાસુ ગોસરના પૌત્ર. જયંતિ, સ્વ. મણીલાલ, ગં. સ્વ. ઈંદીરા, સ્વ. મહેન્દ્રના ભાઈ. બેરાજાના હીરબાઈ વરજાંગ ઘેલાના દોહિત્ર. (પ્રાર્થના રાખેલ નથી). ઘરે આવવાની તસ્દી લેવી નહીં. શોક પાળવો નહીં. ફોન આવકાર્ય છે. ઠે. ચંદ્રિકા સંગોઈ, એ-૨૦૨, અવંતિ શ્રીવર્ધન આર.બી.આઈ. કોપરેટર હાઉસીંગ સોસાયટી, દતપાડા રોડ, દતપાડા સબવેની બાજુમાં, બોરીવલી-ઈસ્ટ, મુંબઈ નં. ૪૦૦૦૬૬.

ભોજાય હાલે ભુજના નરેન્દ્ર દેવરાજ ગાલા (ઉં. વ. ૭૯) તા. ૨૨/૪/૨૪ના અવસાન પામેલ છે. વાલબાઈ દેવરાજના પુત્ર. ચંચળના પતિ. બિપીન, જયેશ, ભાવનાના પિતા. હેમલતા, હરીન, હસમુખ, રેખા, નિર્મલા, ભરતના ભાઈ. ભોજાય પ્રેમીલા હંસરાજ ભુલા છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : બિપીન ગાલા, મકાન નં. ૧૩, ભક્તિ પાર્ક, મુન્દ્રા રોડ, શની મંદિરની સામે, ભુજ – કચ્છ-૩૭૦૦૦૧.

કોડાયના ચુનીલાલ ખીંયશી સાવલા (ઉં. વ. ૯૨) તા. ૨૪-૪-૨૪ના અવસાન પામેલ છે. ચાંપઈબાઈ ખીંયશી મુરજીના પુત્ર. ઝવેરબેનના પતિ. નયન, કિર્તીદાના પિતા. લાલજી, લક્ષ્મીચંદ, જેઠાલાલ, પ્રવિણ, નવાવાસ પાનબાઈ રતનશી, ઝવેરબેન ભવાનજી, કોડાય ભારતીબેન જયંતિલાલના ભાઈ. ગોધરા નેણબાઈ ખીમજી નાગજી સંગોઈના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ (ગ્રાઉન્ડ ફ્લોર). ટા. ૪ થી ૫.૩૦. નિ. ચુનીલાલ ખીંયશી સાવલા, ૯, ગુરૂકૃપા, વિઠ્ઠલભાઈ રોડ, સન્યાસ આશ્રમ નજીક, વિલેપાર્લે (વે), મું – ૫૬.

# ટ્રક ઓનર્સ એસો.ના વિવાદથી ડ્રો પદ્ધતિને થશે નુકસાન

## જિલ્લા વહીવટી તંત્ર આપે સહકાર : બ્રિજરાજસિંહ જાડેજા



### જિલ્લા સમાહર્તાને આવેદનપત્ર પાઠવી કરાયો અનુરોધ

ભુજ : ગુરૂવારે કુકમા ખાતે મળેલી કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનની સામાન્ય સભામાં અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના જુથે પ્રમુખ તરીકે બ્રિજરાજસિંહ પ્રહલાદસિંહ જાડેજાની વરણી કરી હતી. ગઈકાલે શ્રી જાડેજાએ જિલ્લા સમાહર્તાને આવેદનપત્ર પાઠવી સહકાર આપવા વિનંતી કરી હતી. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ટ્રક માલિકોની બેઠકમાં પ્રમુખ તરીકે તેમની બહુમતીથી વરણી થઈ છે. અમુક અસંતુષ્ટ જુથ દ્વારા સોશિયલ મીડિયા પર ખોટી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે. વધુમાં જણાવ્યું હતું કે, તેમનું જુથ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવા પ્રયાસ કરી રહ્યું છે ત્યારે જયાં સુધી આ સમસ્યાનું નિરાકરણ ન થાય ત્યાં સુધી સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

## કચ્છ જિલ્લા લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસોસિએશને બન્ને ગ્રુપ સમાધાનકારી વલણ અપનાવે તેવી કરી અપીલ : ગઈકાલે ખાણ પર મોકલાયેલી ૬૦૦ ગાડીઓનો લોડીંગ ચાલુ : બપોર બાદ જરૂરીયાત અનુસારની ગાડીઓનો ડ્રો કરાશે

## વિવાદના ઉકેલ માટે જનપ્રતિનિધિઓ પહેલ કરે : પ્રદ્યુમનસિંહ જાડેજા

ભુજ : કચ્છ જિલ્લાના ટ્રક માલિકોના હિતાર્થે કાર્ય કરતા અને અંદાજીત ૧૦ હજારથી વધુ સભ્યો ધરાવતા કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનની ગુરૂવારે મળેલી સામાન્ય સભા ભારે વિવાદાસ્પદ બની હતી. હોદ્દેદારોની વરણીના મુદ્દે એસોસીએશનમાં બે જુથ સામા સામે આવી ગયા હતા. કચ્છના ટ્રક માલિકોની અગ્રગણ્ય સંસ્થાનો વિવાદ સતત ત્રીજા દિવસે પણ યથાવત રહ્યો છે તે પૂર્વે કચ્છ જિલ્લા લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસોસીએશને સ્પષ્ટ જણાવી દીધું છે કે, બે એસોસીએશન કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં. બન્ને જુથ સમાધાનકારી વલણ અપનાવે તેવો ટ્રાન્સપોર્ટ એસો.એ અનુરોધ કર્યો છે. તો બીજીતરફ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ વિવાદના ઉકેલ માટે જિલ્લાના જન પ્રતિનિધિઓને મધ્યસ્થી કરવા અનુરોધ કર્યો છે. અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ડબ્બાના વિવાદના નિરાકરણ સુધી સહકારની માંગ કરવામાં આવી છે. આ વિવાદનો ઝડપી ઉકેલ આવે તે માટે સાંસદ, ધારાસભ્યો, રાજકીય અને સામાજિક ક્ષેત્રના આગેવાનોને પણ અનુરોધ કરાયો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગત સાત વર્ષ દરમ્યાન સંસ્થાની મિટીંગ બોલાવવામાં આવી ન હતી. ટ્રક માલિકોની સસ્થાને સૌને સાથે રાખીને ચાલે અને સૌનું ભલું કરે તેવા પ્રમુખની જરૂરીયાત હતી. સામાન્ય સભામાં પ્રમુખ તરીકે એકતરફી રીતે ડો.નવઘણ આહિરની જાહેરાત થતા વિવાદ સર્જાયો છે. એસોસીએશનના પ્રમુખ પદે બ્રિજરાજસિંહ જાડેજાની વરણીને સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, કેશુભાઈ પટેલ, ત્રિકમભાઈ છાંગા, અનિરૂદ્ધભાઈ દવે, માલતીબેન મહેશ્વરી, વિધાનસભાના માજી અધ્યક્ષા ડો.નિમાબેન આચાર્ય ઉપરાંત રાજકીય અને સામાજીક ક્ષેત્રના આગેવાનોએ સમર્થન આપ્યું હતું તેવું શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યું હતું.

ભુજ : કચ્છ જિલ્લા ટ્રક ઓર્નસ એસોસિએશનની જનરલ મિટીંગ ગુરૂવારે મળી હતી, જેમાં બે ગ્રુપ દ્વારા વિવાદ સર્જાયો હતો. બન્ને જૂથ દ્વારા કચ્છ જિલ્લા લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસોસિએશન પાસેથી ચિઠ્ઠી આપવા માંગણી કરવામાં આવી હતી. ભૂતકાળમાં પણ બન્ને એસોસિએશન દ્વારા અલગ અલગ ડ્રો પદ્ધતિ થઈ હતી, જેમાં ટ્રાન્સપોર્ટવાળાને કડવા અનુભવ થયા હતા. બન્ને એસોસિએશનના હોદ્દેદારો સાથે અલગ અલગ મિટીંગ થઈ હતી, જેમાં કચ્છ જિલ્લા લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા જણાવાયું હતું કે, બે એસોસિએશન અલગ - અલગ ચાલી શકે નહી. ગાડીવાળાનું હિત વિચારી એકબીજાના અહમ મુકી બન્ને ગ્રુપ સાથે બેસે તેમા જ સૌની ભલાઈ છે.

છેલ્લા ૧૨ વર્ષથી ડબ્બો ચાલુ છે, જેમાં હંમેશા લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસો.નો સહકાર રહ્યો છે. હાલે છેલ્લા ત્રણ દિવસનો લિગ્નાઈટ ઉપાડવાનો બાકી છે. બન્ને ગ્રુપ સાથે આ બાબતે ચર્ચા થઈ છે અને ત્રણ દિવસનો માલ રેગ્યુલર મુજબ ઉપાડવા બન્ને ગ્રુપ સહમત થયા હતા. દરમ્યાન તા.૩૦/૪ સુધી કોઈ નિકાલ નહીં આવે તો એસોસિએશન મિટીંગ બોલાવી આગળ કેવી રીતે વધવું તેનો નિર્ણય કરવામાં આવશે. ટુંકમાં બન્ને એસોસિએશન એક નહી થાય તો ડ્રો સિસ્ટમને નુકશાન થશે તેવું બન્ને જૂથને જણાવી દેવાયું છે તેવું સંસ્થાના પ્રમુખ સતીષભાઈ મીરાણી અને મંત્રી ધર્મેન્દ્રસિંહ ઝાલાની યાદીમાં જણાવાયું હતું.

આ બાબતે કચ્છ જિલ્લા લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ સતીષભાઈ મીરાણીએ જણાવ્યું હતું કે, સંસ્થા પાસે હાલે ૨૦૦૦ ગાડી જેટલો લોડ છે. બન્ને જૂથ સાથે ચર્ચા કર્યા બાદ શુક્રવારે ૬૦૦ ચિઠ્ઠીનો ડ્રો કરવામાં આવ્યો હતો. શ્રી મીરાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગઈકાલે ખાણ પર ૬૦૦ ગાડી મોકલવામાં આવી છે. આજે બપોરે વધુ કેટલીક ગાડીઓ ભરાઈ શકશે તેની વિગતો મેળવ્યા બાદ બપોર પછી ડ્રો કરવામાં આવશે. ખાણ પરથી મળેલી માહિતી મુજબ જરૂરીયાત અનુસાર ૪૦૦ થી ૬૦૦ ગાડીઓ મોકલવામાં આવશે. ગઈકાલે મોકલવામાં આવેલી ૬૦૦ ગાડીઓનું લોડીંગ હાલે ચાલી રહ્યું છે. સંસ્થા દ્વારા વધુ ત્રણ દિવસ સામાન્ય પદ્ધતિથી ડ્રો કરવામાં આવશે. ત્યારબાદ જો બન્ને જૂથ વચ્ચે સમાધાન નહીં થાય તો ટ્રાન્સપોર્ટ એસોસિએશનની મિટીંગ બોલાવી આગળ રણનીતિ તૈયાર કરવામાં આવશે.

## વહીવટી તંત્ર દ્વારા મંજૂરી મળ્યે બ્રિજરાજસિંહ જાડેજા પદભાર સંભાળશે : ભીમાણી શંકરલાલ

ભુજ : કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનની સામાન્ય સભામાં ટ્રક માલિકોએ પ્રમુખ તરીકે બ્રિજરાજસિંહ પ્રહલાદસિંહ જાડેજાની વરણી કરી હતી. કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસો.ના કમિટિ મેમ્બર ભીમાણી શંકરલાલ બાબુલાલે જણાવ્યું હતું કે, ગુરૂવારની સભામાં કેટલાક વિઘ્ન સંતોષીઓએ સભા ખોરવવાનો પ્રયાસ કર્યો હતો. વડીલ ટ્રાન્સપોર્ટરો અને વહીવટી તંત્રએ પરિસ્થિતિને વણસતી અટકાવી હતી. ત્યારબાદ ટ્રક માલિકોએ બ્રિજરાજસિંહ જાડેજાને પ્રમુખ તરીકે વરણી કરી હતી. ગઈકાલે સંસ્થાના કાર્યાલય પર તેઓ વિધિવત પદભાર સંભાળવા પહોંચ્યા હતા. ત્યારે વહીવટી તંત્રએ તેમને જયાં સુધી ચાલી રહેલ વિવાદનો અંત ન આવે ત્યાં સુધી કોઈ વ્યક્તિ કાર્યાલયમાં પ્રવેશી શકશે નહીં તેવું જણાવતા વહીવટી તંત્રના આદેશને માન આપવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા મંજૂરી મળ્યા બાદ તેઓ પદભાર ગ્રહણ કરશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

## ડબ્બા પર સતત બીજા દિવસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત



ભુજ : ૧૦ હજારથી વધુ સભ્ય ધરાવતા કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશનના નવા હોદ્દેદારોની વરણી બાદ વિવાદ વકરતા ડ્રો પદ્ધતિ (ડબ્બા)ના સ્થળે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આજે સતત બીજા દિવસે પણ ભુજની ભાગોળે આવેલ ડબ્બા પર પોલીસ કર્મીઓની હાજરી જોવા મળી હતી.

# સંકલ્પથી સિદ્ધિ તરફ જવાનો પ્રયાણ એટલે ભરોસાની ભાજપ સરકાર : વિનોભાઈ ચાવડા







ગાંધીધામ : જ્યારથી ભારતીય જનતા પાર્ટી તરફથી મારું નામ કચ્છ લોકસભાના ઉમેદવાર તરીકે જાહેર થયું છે ત્યારથી મને કચ્છ - મોરબીના અનેક ગામડાઓનો પ્રવાસ કરવાનો તથા પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને જનતા જનાર્દનને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આપ સૌની મારી પ્રત્યેની લાગણી - વિશ્વાસ અને ફરીથી ભાજપ સરકાર માટેની ઉત્કંઠાએ 'અબ કી બાર ૪૦૦ પાર'ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે તેમ જણાવતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, કોઈપણ સંકલ્પ ઉત્સવ વગર સફળ નથી થતો. કોઈ સંકલ્પ જયારે ઉત્સવનું સ્વરૂપ લે છે ત્યારે કરોડોના સંકલ્પ જોડાઈ જાય છે.

કરોડો લોકોની ઊર્જા જોડાઈ જાય છે. લોકસભા ચૂંટણી પણ જનભાગીદારી એટલે કે 'સબકા પ્રયાસ' ની મૂળ ભાવના છે. ભારતની વિકાસ યાત્રા અને સ્વર્ણિમ ભારતના સંકલ્પોને સાકાર કરવાની તક એટલે મતદાન. અચૂક મતદાન માટે ભારતીય જનતા પાર્ટી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સૂત્ર આપ્યું છે "અબકી બાર ૪૦૦ પાર". મને વિશ્વાસ છે આપનો મત મળશે અને અન્ય સાથીઓના મત માટે આપનો સહકાર મળશે તેમ લોકસભાના ભાજપ ઉમેદવાર વિનોદભાઈ ચાવડા એ પ્રવાસ દરમ્યાન લોક અપીલ કરી હતી.

વિનોદભાઈએ અંજાર તાલુકાના મેઘપર (બો) અને વરસામેડી ગામે, ગાંધીધામ ખાતે ગઢવી સમાજ અને શહેરના વોર્ડ નંબર -૮ મધ્યે મારૂ સમાજવાડી ખાતે વિવિધ સમાજના અગ્રણીઓ તથા જૈન સમાજના અગ્રણીઓ અને સમાજના લોકો સાથે ચુંટણી પ્રવાસ દરમ્યાન બેઠક યોજી અચૂકથી મતદાન કરવા અને જનસમર્થન આપવા માટેની અપીલ કરી હતી.

વિનોદભાઈએ લોકસભા ચૂંટણી અંતર્ગત ગાંધીધામ વિધાનસભાના આદિપુર શહેર મધ્યે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદ્દ્ઘાટન પ્રસંગે હાજરી આપી હતી. આ ઉપરાંત ગાંધીધામ વિધાનસભાના ભચાઉ શહેર ખાતે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયના ઉદ્દઘાટન વેળાએ હાજરી આપી હતી.

આ વેળાએ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા તથા ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, વર્તમાન લોકસભા સાંસદ અને કચ્છ લોકસભા ભાજપાનાં ઉમેદવાર વિનોદભાઈ ચાવડા જેમની યુવા રાજનેતા તરીકે ગણના થાય છે. તેઓ કામયાબી અને કર્તવ્ય પથના શિખર ઉપર રહેવા છતાં જમીનથી જોડાયેલા છે. તેઓ લગાતાર બે વાર ભારી મતોથી જીતી સાંસદ બન્યા છે. તેમની લોકપ્રશ્નને જાગૃતતા, સંગઠનાત્મક ક્ષમતા જોઈ ભાજપે તેમને પ્રદેશ મહામંત્રીની જવાબદારી આપેલ છે. વિનોદભાઈ ચાવડા વ્યવહારે કુશળ, સમાજ સેવા સાથે ગરીબો - વંચિતોના વિકાસ અને અધિકાર માટે સંઘર્ષ કરી રહ્યા છે.

આ દરમ્યાન જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, અંજાર તાલુકા ભાજપ પ્રમુખ શંભુભાઈ આહિર સાથે હોદ્દેદારો, ગાંધીધામ શહેર ભાજપ પ્રમુખ પંકજભાઈ ઠક્કર, વિકાસ રાજગોર, ભચાઉ તાલુકા પંચાયતના પ્રમુખ રાણુભા જાડેજા, એપીએમસી ચેરમેન વાઘુભા જાડેજા, ભચાઉ તાલુકા ભાજપ પ્રમુખ વાઘજીભાઈ છાંગા, શહેર ભાજપ પ્રમુખ ઉમિયાશંકર જોષી, મહામંત્રી રાજેન્દ્ર ઠક્કર, મેઘજી જાડેજા, રાજાભાઈ, નરેન્દ્રસિંહ જાડેજા સાથે હોદ્દેદારો, જિલ્લા પંચાયત - તાલુકા પંચાયત - નગરપાલિકાના હોદ્દેદાર અને સભ્યો, પાર્ટી આગેવાનો સાથે બહોળી સંખ્યામાં કાર્યકર મિત્રો જોડાયા હતા.

# અંજાર વિધાનસભા ક્ષેત્રના ચૂંટણીપ્રચારમાં વાસણભાઈ આહિરની બાદબાકી ભાજપને ભારે પડશે : વી.કે. હુંબલ

**૨૦૦૨ની વિધાનસભાની ચુંટણીમાં વાસણ ગોપાલની અવગણના ભાજપને ભારે પડેલ હતી અને ચાર સીટો હારી ચૂકેલ હતી : ભાજપના કદાવર અને મોટા ગજાના નેતા વાસણ આહિરની સાંસદ વિનોદ ચાવડા દ્વારા સતત અવગણના ભારે પડશે : ભાજપના પ્રદેશ મંત્રી રઘુ હુંબલને બોલાવ્યા પરંતુ પૂર્વ મંત્રી વાસણ આહિરને આમંત્રણ પણ ન અપાયું**

અંજાર : કચ્છ લોકસભાની ચૂંટણીમાં સાંસદ વિનોદભાઈ ચાવડા તેમજ ભાજપ પક્ષ તરફથી ભાજપના જ કદાવર આહિર નેતા વાસણભાઈ આહિરની સતત અવગણના કરવામાં આવી રહેલ છે અને તેમને સાઈડલાઈન કરી દેવામાં આવેલ છે. આ અવગણના ભાજપને ભારે પડી શકે તેમ છે કારણ કે ચૂંટણી પ્રચારમાં કોઈ પણ રિસાયેલ હોય તો પણ તેમને મનાવવાના પુરા પ્રયાસો થાય છે. પરંતુ અહી તો નવાઈની વાત તો એ છે કે સમગ્ર કચ્છ વિસ્તારમાં સૌથી વધારે જનાધાર ધરાવતા કદાવર આહિર સમાજના નેતાને પ્રચારમાં આવવાનું પણ કહેવામાં આવતું નથી. આ ભાજપનો અભિમાન અને અહંકાર છે.

કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ વિરોધપક્ષના નેતા વિ.કે. હુંબલે એક યાદીમાં જણાવ્યું હતું કે, હાલના સાંસદના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા આહિર સમાજને સતત અવગણના કરી વિધાનસભાની ટીકીટ વખતે પણ તેઓ પ્રદેશ મહામંત્રી હોવાને નાતે વાસણ આહિરને નુકસાન કરેલ છે અને જેને ટીકીટ કપાવવામાં મોટો રોલ ભજવેલ છે. તેવી જ રીતે તાલુકા, જિલ્લા પંચાયત કે નગરપાલિકાઓમાં પણ આહિર સમાજની સતત અવગણના થયી રહેલ છે જેથી વાસણ આહિરના ટેકેદારો અને ચાહકોમાં ખુબ આક્રોશ છે. જે ભાજપ ભોગવવાની તૈયારી રાખે તેવું જણાવ્યું હતું. પૂર્વ મંત્રી વાસણભાઈ આહિર સમગ્ર કચ્છમાં મોટો જનાધાર ધરાવે છે તેમજ દરેક સમાજ સાથે અઢારેય વર્ણ સાથે તેઓ લાગણીથી જોડાયેલ છે. અને સૌથી વધારે કચ્છ જીલ્લામાં ભાજપના મોટો ચાહક તેમની સાથે જોડાયેલ છે ત્યારે તેમની અવગણના ઈરાદા પૂર્વક કરી અને વાસણભાઈ આહીર અને એના પરિવારને ભાજપના નેતાઓ કદ પ્રમાણે વેતરી દેવા માંગે છે. વાસણ આહિર ૧૯૯૫થી ૨૦૨૨ સુધી સતત જીતતા આવ્યા છે. મારા હરીફ ઉમેદવાર હોવા છતાં મારે પણ માનવું પડે કે તેમની લોકપ્રિયતા તેમજ તમામ વર્ગ સમાજ સાથે જોડાયેલી છે. અને અમે સામસામે ચૂંટણી લડ્યા તો પણ કબૂલવું પડે કે લોકપ્રિય નેતા છે. અને દરેક વર્ગ સાથેના તેના સંબંધો છે.

લોકપ્રિય નેતાના સતત અપમાન કરવું, અવગણના કરવી, સાઈડલાઈન કરવા જે સમગ્ર આહીર સમાજનું પણ અપમાન છે અને સમગ્ર જીલ્લામાં એમના ચાહકવર્ગો કાર્યકરો ધારે તો કચ્છની લોકસભાની ચૂંટણીમાં વિનોદ ચાવડાને ભારે પડી શકે તેમ છે અને એનો અનુભવ અગાઉ ભાજપ પક્ષને થયી ચૂકેલ છે. ૨૦૦૨માં જયારે વાસણભાઈ ગોપાલભાઈ આહિરની ટીકીટ કપાત કરેલ હતી ત્યારે ચાર વિધાનસભાની બેઠકો ભાજપે ગુમાવેલ હતી. આ વાસણ ગોપાલના ચાહકો અને કાર્યકરોનો ગુસ્સો હતો. તેવું જ આ લોકસભામાં પણ થાય તેમ છે. અંજાર વિધાનસભા ભાજપ ચૂંટણી કાર્યાલયના ઉદઘાટનમાં પણ નિમંત્રણ કાર્ડમાં પણ આ કદાવર નેતાનું નામ લખવાનું પણ સૌજન્ય ભાજપે દાખવેલ નહિ. તેવી જ રીતે અંજાર મધ્યે આહીર સમાજનું ભાજપનું સંમેલન રાખવામાં આવેલ જેમાં પણ આવા કદાવર નેતાને ક્યાંય સ્થાન આપવામાં આવેલ નહિ. જેથી આહીર સમાજમાં પણ ભારોભાર આક્રોશનો માહોલ છે. અત્યારના માહોલમાં ક્ષત્રીય સમાજનું સમગ્ર કચ્છ લોકસભામાં આંદોલન ચાલી રહેલ છે અને ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાના છે ત્યારે આહીર સમાજના વાસણભાઈના ચાહકો પણ વિરૂદ્ધમાં જાય તો ભાજપને ભારે પડે તેમ છે.

વાસણભાઈની સતત અવગણના આગામી વિધાનસભા, તાલુકા, જિલ્લા પંચાયતો, નગરપાલિકામાં પણ ભારે પડવાની છે તેમજ તેમના પુત્રો પણ સક્ષમ છે તેની પણ સતત અવગણના થયી રહેલ છે. આ બધા પરિણામો ભોગવવાની ભાજપ તૈયારી રાખે. સાંસદના ઉમેદવાર વિનોદ ચાવડા કોના દબાણ હેઠળ વાસણ ગોપાલની સતત અવગણના કરે છે જે પણ વિચારવાની અને સમજવાની જરૂરિયાત છે. કોના કહેવાથી વાસણભાઈને સાઈડલાઈન કરવામાં આવે છે. આ બાબતે આહીર સમાજના કોંગ્રેસના કાર્યકરો જે ભાજપમાં તાજેતરમાં જોડાયા છે તે આ વાસણભાઈની પરિસ્થિતિ ઉપરથી બોધપાઠ લે અને ભવિષ્યમાં તમારી હાલત શું થવાની છે તે ધ્યાનમાં રાખે. આથી સમગ્ર કચ્છ લોકસભાના આહિર સમાજના તમામ યુવાનો, વડીલો, કાર્યકરોને વિનંતી અને અપીલ કરવામાં આવે છે કે આ અભિમાની અને અહંકારી ભાજપને પાઠ ભણાવવા માટે અને વાસણભાઈની અવગણનાનો બદલો આપવા માટે ભાજપના વિરૂદ્ધમાં મતદાન થાય તેવી અપીલ વી.કે.હુંબલ દ્વારા કરવામાં આવી છે.

## પાંચ હજાર વર્ષ જુની કલા અજરખને જીઆઈ ટેગ મળ્યો

**અજરખપુર હસ્તકલા વિકાસ સંગઠનના સભ્યોને જીઆઈ રજીસ્ટાર દ્વારા સન્માનિત કરાયા**

ભુજ : હડપ્પન સંસ્કૃતિને લગભગ પાંચ હજાર વર્ષથી ઉપર થયા ત્યારે અજરખ પ્રિન્ટના કપડા મળ્યા છે. આટલા વર્ષ જુની સંસ્કૃતિમાં તે સમયથી ચાલી આવતી અજરખ કલાએ દેશ - વિદેશમાં નામ ઉંચુ કર્યું છે. આ કળાને સાચવી રાખનાર કલાકારોનો એક દાયકા પહેલા જીઆઈ ટેગ મેળવવાના પ્રયાસને આખરે વર્ષ ૨૦૨૪માં સફળતા મળી તેની સાથે અજરખ કામ કરતા કામરીગરોમાં આનંદની લાગણી ફેલાઈ છે. આજે ભાગ્યે જ દેશમાં કોઈ એવા ગામ હશે કે, તેના કળાના નામથી ગામનું નામ પડ્યું હોય પરંતુ કચ્છમાં આ કળાના નામની ગામનું નામ છે. શેખપીર - ભચાઉ હાઈવે પર આવેલું ધમડકાની બાજુમાં અજરખપુર ગામ છે. અહીં અજરખની પ્રિન્ટ કપડા ઉપર થાય છે. ભૌગોલિક સ્થાનકની માન્યતા પ્રાપ્ત થઈ છે. આ જીઆઈ ટેગ માટે કચ્છી કલાકસબીઓ છેલ્લા દર વર્ષની અથાગ પ્રયાસો કર્યા હતા. તેના ફળસ્વરૂપે આખરે અજરખના કસબને જીઆઈ ટેગ મળ્યો સાથે. કસીબીઓને સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન અમદાવાદમાં શુક્રવારના દિવસે અજરખપુર હસ્તકલા વિકાસ સંગઠનના જીઆઈ રજીસ્ટાર ઉન્નત પંડિતના હસ્તે સન્માનિત કરાયા હતા. આ જીઆઈ ટેગ અજરખને મળતાં કચ્છના કલા જગત માટે એક સિમાચિન્હનો ઉમેરો થયો છે.

આ અંગે મળતી માહિતી મુજબ અજરખપુર હસ્તકલા વિકાસ સંગઠને સરકારના સહયોગથી અરજી કરી હતી. હવે જીઆઈ ટેગ મળતાં આવનાર પડકારોને પહોંચી વળવા મદદ મળશે. આ સન્માન પ્રસંગે ડો. ઈસ્માઈલ ખત્રી, રફીક ઈસ્માઈલ, દાઉદ આદમ ખત્રી, ઈબ્રાહીમ ઈશાક ખત્રી સહિતના કલા કસબીઓ જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, મળેલા જીઆઈ ટેગમાં કચ્છી ભરતકામ, કચ્છી સુફ ભરતકામ, કચ્છી અજરખ, કચ્છી શાલ, કચ્છી બાંધણીને ટેગ મળ્યો છે તેવું સુત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ છે.

## ભુજ-મિરજાપર હાઈવે પર મોટા મતિયાદેવ પદયાત્રી કેમ્પ ધમધમ્યા





ભુજ : ગુડથરવાળા મોટા મતીયા દેવ મંદિરે દર્શને જતા પદયાત્રીઓનો ઘોડાપુર ઉમટી પડ્યો છે. કચ્છ ગુજરાતમાંથી લોકો પદયાત્રા કરીને મતીયા દેવના ચરણોમાં શીશ નમાવવા આવી રહ્યા છે. પદયાત્રીઓ માટે ઠેર ઠેર સેવા કેમ્પો ઉભા કરાયા છે. ત્યારે કચ્છના પાટનગર ભુજમાં પદયાત્રી સેવા કેમ્પનો પ્રારંભ હાઉન હોલ અને મિરજાપર રોડ પર કરવામાં આવ્યું છે. આ સેવા કેમ્પ છેલ્લા ૪૦ વર્ષથી યોજવામાં આવે છે. મામઈ મહેશ્વરી સમાજના પ્રમુખે જણાવ્યું હતું કે, સમાજ દ્વારા અહીં કેમ્પ રાખવામાં આવે છે. જેમાં પદયાત્રીઓ માટે નાહવા, ચા-નાસ્તો, આરામ, મેડિકલ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. દરરોજ હજારો ભક્તો આ સુવિધાનો લાભ લઈ રહ્યા છે. કેમ્પમાં સમાજના લોકો, કાર્યકરો તન મન અને ધનથી સેવા આપી રહ્યા છે. ભુજ-મિરજાપર રોડ પર આવેલ હનુમાન મંદિર પરિસરમાં છેલ્લા ૩૦ વર્ષથી વીર જસરાજ ગૃપ દ્વારા આયોજન કરવામાં આવે છે. જેમાં મેડિકલ સહિતની તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

## મોડવદર નજીક ત્યજાયેલી બાળકી મળી આવી

ગાંધીધામ : તાલુકાના મોડવદર નજીક રિદ્ધિ ટિમ્બરની પાછળના ભાગે બાવળોની ઝાડીમાં ત્યજાયેલી બાળકી મળી આવી હતી. આ વિસ્તારમાં રહેતા પરપ્રાંતિય નાગરિકોની નજરે સવારે બાળકી જોવા મળી હતી. ઝાડીમાં બાળકના રડવાનો અવાજ આવતા તપાસ કરતા નવજાત બાળકી જોવા મળી હતી. જેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. પોલીસને આ બાબતે જાણ કરતા અજાણી માતા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફુલ જેવી માસૂમ બાળકીને બાવળોની ઝાડીમાં અસુરક્ષીત મુકી દેવાતા અજાણી માતા સામે ફિટકાર વરસી રહ્યો છે. હાલ બાળકીને સારવાર માટે હોસ્પિટલમાં રાખવામાં આવી છે. પોલીસે અજાણી માતાની શોધખોળ હાથ ધરી છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

બાકી રહેલું કામનું સમાપન

CWM (CPOH & EWS) અમદાવાદ કાર્યાલય ઈ-ટેન્ડર નોટિસ નં.02, 2024-25 તારીખ 23.04.2024 1.ટેન્ડર નં. CWMCPOHADI-2024-25-3 2.કામનું નામ: CPOH ADI માં ટ્રેવરસરના સિવિલ વર્ક સિવાયના બાકીના કામો પૂરા કરવા 3. અંદાજિત કિંમત: ₹14,02,073.80 4.ઈએમડી: ₹28,100.00 5. ટેન્ડરની અંતિમ તારીખ: 15/05/2024 સવારે 11:00 વાગ્યે 6. ટેન્ડર ખોલવાની તારીખ: 15/05/2024 સવારે 11:15 વાગ્યે 7. IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ: 23.04.2024. વેબસાઇટની વિગત: www.ireps.gov.in ADI10

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

પાર્સલ સ્પેસ લીઝિંગ કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, નીચેની સૂચિ માટે અમદાવાદ ડિવિઝનમાંથી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ જગ્યા ભાડે આપવા માટે ઇ-ઓક્શન પર બિડ મંગાવવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે:-

| કેટલોગ નં | બરકરારના પ્રકારો | સામાજિક વર્ગ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-લીઝ-18-24 | પાર્સલ | પાર્સલ SLR અને પાર્સલ વેન | ઈ - લોટ માટે ઈ-હરાજી 08.05.2024ના રોજ સવારે 11:00 વાગ્યે શરૂ થશે |

નોંધ: પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-હરાજી લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ વાઇસ વિગતો ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ પિરિયડ 30 મિનિટનો છે. સુક્સેસિવ લોટ બંધ થવાનું અંતરાલ 10 મિનિટ છે. લોટ વાઈસ બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલમાં જોઈ શકાશે. ADI07

અમને ફોલો કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**CHANAKYA ACADEMY**

Walk-in-Interview

28-04-2024, Sunday : From 10.00 am onwards

Are you Dynamic, Smart & Enthusiastic ?
If yes then We want to meet you !
Applications are Invited for Various Teaching Posts:

Qualification Criteria

B.Sc./M.Sc.,B.Ed • B.Com/M.Com., B.Ed • B.A./M.A., B.Ed

Non Teaching Posts

Assistant Accountant

Graduates from various streams are also invited for various other projects.

Candidates with good command over English will be given preference

Opp. Kutch University, Bhuj-Mundra Road, Bhuj. 6352505952

## ચૂંટણીના ચકરાવવા વચ્ચે છેવાડાના સરહદી પટ્ટામાં કરોડોનું કૌભાંડ.!

# લખપત પટ્ટામાં સુજલામ સુફલામ યોજનાના ઓઠા હેઠળ ખનીજચોરીના મસમોટા ધુબાકા.!

ખનીજચોરો, સ્થાનિકના તલાટી-સરપંચ, ઝભ્ભાલેંગાવાળા બની બેઠલા નેતાઓ તથા સબંધિત વિભાગના હપ્તાખાઉ કર્મચારીઓ સહિતનાઓનામસમોટા ભ્રષ્ટાચારનો થશે ખુલાસો : સરકારની તિજોરેની પડતા કરોડોના આર્થિક ધુમ્બો થશે છત્તો

સિંચાઈ વિભાગ સુજલામ સુફલામ પેટેના વર્ક ઓર્ડર આપે તે વખતે ચોકકસાઈ રાખવી જોઈએ, સરકારી કામોમાં, તળાવો ઉંડા કરતી વખતે મીનીરલ્સ કોઈ મળે તો અમને જાણ થાય છે, અમારી ટીમ જાય છે, સ્થળ-સર્વે કરે છે, અને જે કોઈ પણ રોયલ્ટી ભરવા પાત્ર હોય તે ભરાવે છે બાદમાં જ મંજુરી આપે છે, હાલમાં એ પણ બેથી ત્રણ જેટલી જ મંજુરીઓ અપાઈ છે, અમારી કક્ષાએથી નિયમ આધારીત જ કાર્યવાહી થાય છે, ઉપરાંત પણ મંજુરી સિવાયનું કઈ આદરાતુ હશે તો ચોકકસથી તેની સામે કાર્યવાહી કરાવીશું :
**શ્રી બારીયા (ભુસ્તરશાસ્ત્રી, ખાણખનિજવિભાગ, પશ્ચિમ કચ્છ)**



**છેવાડાના લખપતમાં બેન્ટોઈનટ-બોકસાઈટ સહિતના અલભ્ય અને દુર્લભ ખનીજોના ભંડારો ધરબાયેલા છે, સરકારની સુજલામ સુફલામ યોજનાના નામે વર્કઓર્ડર આડા-અવડા ખનીજના બ્લોક ધરાવતા વિસ્તારોમાં મેળવી અને તેમાંથી મોંઘા દાટ ખનીજોની થઈ રહી છે લખલુંટ : આયોજનબદ્ધ ટોળકી-સિન્ડીકેટ સક્રીય હોવાની ચકચાર : કચ્છ કલેકટરશ્રી અમિત અરોરા આ બાબત પશ્ચિમ કચ્છ ખાણખનિજ વીભાગ તથા સુજલામ સુફલામ યોજનાના નોડેલ ઓફીસરને બોલાવી અને તેમનાથી સુજલામ સુફલામ પેટે સિંચાઈએ આપેલા પટ્ટામાં કેટકેટલામાં ખનીજ નીકળતા એ જ પાર્ટીને પરમીટ આપી દીધી છે તેના પત્રકો-વિગતો મંગાવશે તો જિલ્લાભરમાં ચાલતા સુનિયોજીત કૌભાંડનો થશે મોટો ભાંડાફોળ**

**ખાટલે મોટી ખોટ** : ખાણખનિજ વિભાગન સામે સવામણનો સવાલ જ એ ઉઠી રહ્યો છે કે, સરકારી હોય કે સુજલામ સુફલામના તળાવો ઉંડા કરવાના પરીપત્રોની અમલવારી પણ અભ્યારણ્ય વિસ્તારમાં ખનીજ ઉપાડવાની પરમીટ આપી જ કેવી રીતે શકાય? આ બાબતે જ સૌ પ્રથમ તો થવી જોઈએ ઉંડાણપૂવકની તપાસ : કયાક ને કયાંક આવી મંજુરીઓ અભ્યારણ્ય વિસ્તામાં તો નથી અપાઈ ગઈ ને? જો અપાઈ હોય તો તે કોણે આપી છે? : ઉપરાંત અહી સુજલામ સુફલામ યોજનાના નોડેલ ઓફીસરની ભૂમિકા પણ ચકાસવી જોઈએ, થોડા સમય પહેલા જ આ પટ્ટામાં વિજિલન્સની ટુકડીએ ત્રાટકી અને સુજલામ સુફલામ યોજનાની ગોબાચોરીનો પર્દાફાશ કરી દીધો છે, કમસેકમ એ વાતને ધ્યાને રાખવી જોઈતી હતી, સિંચાઈમાંથી આંખ મીંચી અને આડેધડ તળાવો ઉંડા કરવાના વર્ક ઓર્ડર આપનારાઓ કોણ છે? તેમના પણ અહી કડક પુછાણા લેવા જોઈએ

ગાંધીધામ : આપણા વહીવટમાં ભ્રષ્ટાચાર નામનો સાડા ચાર અક્ષરનો શબ્દ એવો ઘર કરી ગયો છે કે જાણે કોઈના શરીરમાં કેન્સરનો રોગ. એક બંધ થાય અને નવી રીતીનીતીઓ ભ્રષ્ટાચાર આચરવાની શોધી લેવામા આવતી હોય છે. આવો જ તાલ ગુજરાત સરકાર દ્વારા સુજલામ સુફલામની યોજના હેઠળ જે તળાવો-જળાશયો ઉંડા કરી અને તેમાં વરસાદી પાણીના જળસંગ્રહ કરાવવાના સારા હેતુથી અમલી બનાવવામા આવી છે તેમાં પણ નવી રીતે ભ્રષ્ટાચાર આચરવાના કીમીયાઓ અજમાવાઈ રહ્યા હોવાની ફરીયાદ કચ્છમાંથી છેવાડાના લખપત પટ્ટામાંથી બહાર આવવા પામી રહી હોવાનું સામે આવી રહ્યું છે. દેશ સહીત ગુજરાત અને કચ્છમાં પણ હાલમાં લોકસભાની ચૂંટણીનો માહોલ બનેલો છે અને તે ચૂંટણીના માહોલ દરમ્યાન જ સુજલામ સુફલામ યોજનાના રૂપકડા ઓઠા હેઠળ લખપતના અમુક વિસ્તારોમાં એક આયોજનબદ્ધ રીતે સિન્ડીકેટ-ટોળકી સક્રીય બની જવા પામી ગઈ છે કે જે કીંમતી ખનીજનું મોટા પ્રમાણમાં બારોબાર ખનન કરી રહ્યા છે. અંતરંગ વર્તુળોમાથી મળતી વિગતો અનુસાર સુજલામ સુફલામ યોજના હેઠળ સિંચાઈ વિભાગ પાસેથી તળાવો ઉંડા કરાવનુ કામ રાખવામા આવે છે. સરકારના સિંચાઈ વિભાગ પાસેથી આ પ્રકારનુ કામ રાખનાર પાર્ટીને તો ચુકવણાઓ કામ પેટે કરવામા આવતા જ હોય છે પરંતુ નવા કીમીયા અનુસાર આવા કામો એવી જગ્યાએ રાખવામા આવે છે કે જે મિનરલ-ખનીજનો પટ્ટો હોય. એટલે સુજલામ સુફલામ

**સુજલામ સુફલામનું જેને કામ આપ્યું છે તે કોન્ટ્રાક્ટરનું ચૂકવણું સિંચાઈ ખાતુ કરે છે. તેમાં નીકરતી ખનીજ જાહેર ઓકશન કરી સરકારીની આવકમાં વધારો ન થઈ શકે... હાલ સુજલામ સુફલામનું જ્યાં મંજૂર થાય છે ત્યાં કામ કરવાને બદલે જ્યાં ખનીજ છે ત્યાં કામ કરી ખનીજ ચોરીને પ્રોત્સાહન અપાતો હોય તેવું ચિત્ર**

સિંચાઈના તળાવો ઉંડા કરવાનુ કામ એક વિભાગથી રખાય ,ત્યાં ખનીજ નીકળ્યુ છે તેમ કહી અને ખાણખનિજને બોલાવી અને તે ખનીજની પરમીટ પણ મેળવી લેવામાં આવતી હોવાની એક મોટી પ્રેકટીસ હાલમાં ચાલી રહી હોવાનુ સામે આવવા પામી રહ્યુ છે. સુજલામ સુફલામ યોજનાના કામો થાય છે તે વાત તો સારી છે પરંતુ જયા ખનીજ છે, જયા બોકસાઈટ અથવા તો બેન્ટોનાઈટ કે અન્ય કોઈ સારા ખનીજો છે તેવા બેલ્ટમાં સીંચાઈથી પહેલા વર્કઓર્ડર મેળવાય અને પછી ખનીજથી પરમીટ મેળવી ખનીજ ઉસેડવામાં લાગી જાય છે. ખરેખર આવા કિસ્સાઓમાં ખાણખનિજ વિભાગ સીધે સીધી અહી પરમીશન આપે જ છે શા માટે? તળાવો ઉંડા કરવાના કામ રાખનાર એજન્સીને સીધેસીધા ખનીજ ઉપાડવાની પરમીટ આપવી પણ અહી સવાલો પેદા કરી રહી છે? હકીકતમાં તો ખાણખનિજ વિભાગે આ બાબતે નીકળેલ માલને સૌ પ્રથમ સિઝ કરવો જોઈએ, પછી તેને ઓકશનમાં મુકવુ જોઈએ, ઓકસશ પદ્ધતિ અનુસારની પેપરમાં એડ આપવા હસિતની પ્રક્રીયાઓ કરવી જોઈએ, અને જે સરકારને વધુ રકમ આપે તેને એ ખનીજનું કામ આપવુ જોઈએ. એમા પછી ભલેને વધારે રકમ ભરનાર તરીકે સુજલામ સુફલામનુ તળાવો ઉંડા કરવાનુ કામ રાખનારી પાર્ટી જ કેમ ન હોય..! તો તેમને કામ આપવુ જોઈએ. આમ થવાથી પારદર્શિતા પણ જળવાશે, ગેરરીતીની શકયતાઓ પણ નહિવત રહેશે અને સરકારની તિજોરીમાં પણ વધારે રકમ રોલ્ટી પેટે જમા થઈ શકશે? પરંતુ અહી મોટો સવાલ એ થાય છે કે આવુ કરવામાં કેમ નથી આવતુ? અહી સવાલ એ પણ થાય છે કે સુજલામ સુફલામ યોજના હેઠળ જ જયારે જળાશયોને ઉંડા કરવાની વાત આવતી હોય તો પછી લખપતમાં તો બરંદાનો વિશાળ ડેમ આવેલો છે, તેને જ ઉંડો કરવા માટેના કામો કેમ પ્રામથીકતાના ધોરણે હાથ નથી ધરવામા આવતા? અને જયો નાના-મોટા ટુકડાઓ પડયા છે તે વિસ્તારમાં તળાવો ઉંડા કરવાના નામે કામો આપી દેવામા આવી રહ્યા છે? એટલે કયાંક ને કયાંક અહી આયોજનબદ્ધ ષડયંત્ર જ હોય અને તેનો આરંભ બે-પાંચ મંજુરીઓ મેળવીને કરવામા આવી ગયો હોય તેવી ચકચાર પણ તેજ બની જવા પામી છે.

બીજીતરફ આ બાબતે પશ્ચીમ કચ્છ ખાણખનિજ વિભાગના ભુસ્તર શાસ્ત્રી શ્રી દેવેન્દ્ર બારિયાની સાથે વાતચીત કરી ત્યારે તેઓએ કહ્યુ કે, સુજલામ સુફલામ યોજના હેઠળના તળવો ઉંડા કરવાના કામોમાં જો કયાંય ખનીજ નીકળે તો અમને જાણ કરવામા આવતી હોય છે, અમારી ટીમ સ્થળ નિરિક્ષણ કરી ધોરણસરની પ્રક્રીયા કરતી હોય છે અને જે-તે પાર્ટીને રોયલ્ટી ભરાવી અને તે જ માલ માટેની પરવાનગી-પરમીટ ઈસયુ કરતી હોય છે. અમારી કક્ષાએથી આ બાબતે કંઈ જ નીયમ બહારનુ કરવામાં આવતુ નથી. હવે સુજલામ સુફલામ હેઠળ જો તળાવો ઉંડા કરવા સહિતના કામો જો સિંચાઈ આપતી વખતે જ ચોકકસાઈ રાખે અને ખરાઈ કરીને જ આપે કે જે સ્થળે ખાણેત્રા-ઉંડા કરવાની જરૂર છે તો સંભવત આ સમસ્યાઓ ઉદભવી ન શકે. અમારી પાસે ચાલનાકલે અથવા તો અન્ય ઈન્ડીસટ્રીયલ મીનરલની પરવાનગી આપવાના પાવર જ નથી એ વિભાગ હસ્તક ગાંધીનગરથી જ થાય છે એટલે અમારી પાસે કોઈની અરજીઓ પડતર છે અને અમે મંજુરી નથી આપતા એ વાત તદન ખોટી હોવાનુ શ્રી બારીયાએ જણાવ્યુ હતુ.

એકંદરે સુજલામ સુફલામના કામો હેઠળ જવાબદાર સિંચાઈ વિભાગ અને ખાણખનિજ વિભાગ બન્ને આ બાબતે જરૂરી સંકલન સાધવુ ઘટે અને આ માટે જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરાએ આ બન્ને વિભાગોના પત્રકો મંગાવી અને ખરાઈ કરાવી જોઈએ કે, સુજલામ સુફલામના મંજુર થયેલા કેટલા કામોમાં લીઝ મંજુર કરવામા આવી છે, અને એ ઉપરાંતના કેટલાક ખાડા આસપાસના વિસ્તારોમાં થઈ જવા પામ્યા છે? જો આટલુ સરપ્રાઈજ ચેકીગ સાથેનો સર્વેકરવામા આવશે તો પણ મોટા અને અમુક માથાભારે બની બેઠેલા ખનીજ માફીયાઓ હવે લખપતમાં પણ આડેધડ ખનીજચોરીઓ આચરતા હોવા મામલે દુધનું દુધ અને પાણીનુંપાણી થવા પામી જશે તેમ જાણકારો માની રહ્યા છે.

---

# કચ્છમાં ડુપ્લિકેટ મતદાન ટાળવા ચૂંટણી પંચની કવાયત




**ઘરેથી મતદાન કરનારની યાદીમાં નામ પર પોસ્ટલ બેલેટનો લગાવાય છે સિક્કો : મતદાર પોતે જ મતદાન કરે છે તેની ખાતરી રાખવા માટે કાર્યવાહીનું કરાતું વીડિયો રેકોર્ડિંગ**

(બ્યુરો દ્વારા)

ભુજ : કચ્છ લોકસભા બેઠકની છ વિધાનસભા બેઠકો માટે સિનિયર સિટીજન અને દિવ્યાંગ મળી અંદાજે ૧૫૦૦ જેટલા મતદારોએ ઘરેથી મતદાન કરવા માટે દરખાસ્ત કરી હતી. ગુરૂવારે બેલેટ પેપરથી મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી જે બે દિવસમાં પૂર્ણ થશે. કચ્છમાં ડુપ્લિકેટ મતદાન ટાળવા ચૂંટણી પંચ દ્વારા ખાસ કવાયત હાથ ધરાઈ છે. જેમાં ઘરેથી મતદાન કરનારની યાદીમાં નામ પર પોસ્ટલ બેલેટનો સિક્કો લગાવાય છે અને મતદાર પોતે જ મતદાન કરે છે તેની ખાતરી રાખવા માટે કાર્યવાહીનું વીડિયો રેકોર્ડિંગ પણ કરવામાં આવે છે.

આ અંગેની વિગતો મુજબ ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા, અને ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા મતદારો ઘરેથી મતદાન કરી શકે તે પ્રકારનો નિર્ણય ચૂંટણી પંચ દ્વારા લેવાયો હતો. મતદારોએ ઘરેથી મતદાન માટે જે-તે વિધાનસભા વિસ્તારના રિટર્નિંગ ઓફિસર સમક્ષ દરખાસ્ત કરી હતી. આ દરખાસ્ત બાદ હવે ચૂંટણી પંચની ટીમ મતદારના ઘરે જઈને પોસ્ટલ બેલેટથી મતદાન કરાવી રહી છે. કચ્છમાં ૧૫૦૦ જેટલા મતદારોએ ઘરેથી મતદાન કરવાની ઈચ્છા દર્શાવી હતી. જોકે, આ કામગીરી વખતે બોગસ મતદાન કે બે વખત મતદાન ન થાય તે માટે પણ ખાસ તકેદારી રાખવામાં આવી છે. આ મતદારો ઘરે પોસ્ટલ બેલેટથી મત આપ્યા બાદ પોલીંગ બુથ પર જઈને મતદાન ન કરે તે માટે મતદાર યાદીમાં તેમની નામની ઉપર પીબી (પોસ્ટલ બેલેટ) એવો સિક્કો મારવામાં આવી રહ્યો છે. ઉપરાંત મતદારો ઘરે બોગસ મતદાન ન કરે તે માટે પોલીસ સ્ટાફની પણ ફાળવણી કરવામાં આવી છે. મતદાનની પ્રક્રિયાની કાર્યવાહીનું વીડિયો રેકોર્ડિંગ પણ થઈ રહ્યું છે. રાજકીય પક્ષોના પ્રતિનિધિ પણ મતદાન વખતે હાજર રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે. જેથી મતદાર જ મતદાન કરે છે તે સાબિત કરી શકાશે. આ ઉપરાંત જે મતદારોએ ઘરેથી પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટે દરખાસ્ત કરી છે અને તેમની દરખાસ્ત મંજૂર થઈ છે તેવા મતદારો પોલીંગ બુથ પર જઈને બીજો મત આપી ન આવે તે માટે બુથ પર પોલીંગ સ્ટાફને આપવામાં આવનારી મતદાર યાદીમાં આવા મતદારોના નામ પર પીબીનો સિક્કો મારી દેવામાં આવે છે.

---

# ગાંધીધામમાં 'ફ્લેવર પાર્લર'માંથી પ્રતિબંધિત ઈ-સિગારેટ ઝડપાઈ

**અલગ અલગ બ્રાન્ડની ૫૬ હજારની ઈ-સિગારેટ કબજે કરી દુકાનધારકની કરાઈ ધરપકડ, માલ આપનાર હાજર ન મળ્યો**



ગાંધીધામ : શહેરમાં ઈ-સિગારેટનું ચલણ વધી રહ્યું છે ત્યારે બેન્કિંગ સર્કલ પાસે આવેલ ફ્લેવર પાર્લર નામની દુકાનમાં એ-ડિવિઝન પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં પ્રતિબંધિત ઈ-સિગારેટ ઝડપાઈ છે.

આ અંગેની વિગતો મુજબ દુકાનધારક ઝંડા ચોકમાં રહેતો વિનોદ ભગવાનદાસ વરલાણી પોતાની ફ્લેવર પાન પાર્લર નામની દુકાનમાં પ્રતિબંધિત ઈ-સિગારેટનું વેચાણ કરતો હોવાની બાતમીના આધારે તપાસ કરતા કાઉન્ટરના ટેબલ નીચે સ્ટિલના ડબ્બામાં રાખેલ ઈ-સિગારેટના બોક્ષ મળી આવ્યા હતા. ૧ હજાર, ૧૨૦૦ અને ૧૫૦૦ રૂપિયાના ભાવે વેચાતી અલગ અલગ બ્રાન્ડની વેપ દુકાનમાંથી કબજે કરવામાં આવી હતી.

કુલ ૪૩ પેકેટ કબજે કરી ૫૬ હજારની ઈ-સિગારેટ જપ્ત કરી પુછપરછ કરતા આ માલ ગુરુકુળમાં રહેતો મહેશભાઈ નારાણદાસ મંગવાની આપી ગયો હોવાની કબૂલાત આપી હતી. જેથી બન્ને સામે ધી પ્રોહિબિશન ઓફ ઈલેકટ્રોનીક સિગારેટ એક્ટ-૨૦૧૯ ની કલમ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મહત્ત્વનું છે કે, ભારતમાં ઈ-સિગારેટ પર વેચાણ પર પ્રતિબંધ છે. તેમ છતાં ગાંધીધામ વિસ્તારમાં અવાર-નવાર ઈ-સિગારેટના વેચાણનો પર્દાફાશ થાય છે. આ કામગીરીમાં પીઆઈ એમ.એન.દવેની સૂચનાથી પીએસઆઈ એમ.એચ. જાડેજા અને સ્ટાફના માણસો જોડાયા હતા.

---

**સુનીલ-નવલ ટોળકી કહે છે અમારો તો કોઈ વાળ પણ વાંકો નહી કરી શકે?**

# મુંદરામાં બીટુમીનની આડ સોપારી દાણચોરી કેસમાં તપાસ કેમ ઢીલીઢફ : કેસ રફેદફે તો નથી થયો ને?

**વિદેશથી બીટુમીન ડીકલેર કરી અને તેમાં સાડા પાંચ કરોડની સોપારીનો તગડો જથ્થો મંગાવનારાઓ પૈકીના ચારને એજન્સીએ દબોચી લીધા, બાદની કોઈ કડીઓ હાથ જ નથી લાગતી કે પછી ઝોન સુધી મામલો ન લંબાય, અન્ય મોટા માથાઓના નામો બહાર ન આવે, તે દીશામાં પડદો પડી ગયો? જાણકારોમાથી ઉઠી રહ્યા છે તરેહ તરેહના સવાલો**

ગાંધીધામ : વિદેશથી બીટુમીન ડીકલેર કરી અને તેમાં પ્રતિબંધિત તથા તગડી ડયુટીવાળી અંદાજીત સાડા પાંચ કરોડની સોપારી મંગાવી દાણચોરી-મિસડીકલેરેશન આચરાયું હોવાના કેસનો એજન્સીએ પર્દાફાશ કરી દીધો હતો. ડામર ડીકલેર કરેલ હતુ અને તેમોથી પાંચ કરોડથી વધુની સોપારી ઝડપાઈ તે ખુબજ ગંભીર વાત કહેવાય.

એજન્સી પણ તેને બરાબર સમજી ગઈ હોય તેમ આ કેસમાં સત્તાવાર પ્રેસ યાદી જાહેર કરી દેવાઈ અને તે બાદ પ્રથમ બે અને બાદમાં અન્ય બે એમ ચાર શખ્સોને પણ આ કેસમાં પકડી લીધા હતા. અહી સુધી તો એજન્સીની કાર્યવાહી ખુબજ સ્ફુર્તિ દાયક જોવા મળી આવતી હતી પરંતુ કોણ જાણે કે કેમ, આ ચારની અટક બાદ તેમની પુછતાછમાં જે વધુ ખુલાસાઓ થવા જોઈએ, જે ગંભીર વિગતો અને મોટા માથાઓ બહાર આવવા જોઈએ તે કોઈ પણ કારણોસર હજુ સુધી આવવા જ નથી પામ્યુ એટલે જાણકારોમાથી વધારે સવાલ ઉઠી રહ્યા છે કે, શરૂઆતમાં ભારે સ્ફુર્તિ દેખાડનાર આ એજન્સી હવે કેમ ઢીલીઢફ જ બની જવા પામી ગઈ છે. કારણ કે,ચારની અટક થયા બાદ પણ આ ગંભીર પ્રકારના દાણોચોરયુકત સોપારી આયાતના કેસમાં સવાલો તો કઈક ઘેરાવવા પામી રહ્યા છે. કારણ કે મુંદરાથી આ સોપારી કાસેઝમાં જવાની હતી? કાસેજમાં કોનુ યુનિટ છે? શું એ જ વ્યકિત મુળ આટલી મોટી રકમ રોકવા સક્ષમ છે ખરો? ઉપરાંત બીટુમીન એટલે કે ડામર મંગાવેલો દેખાડાયો છે તો મોટી વાત અહી એ સામે આવતી હતી કે, ડામરના ડ્રમ કયા ગયા? સોપારીની થેલીઓ જ તેમાં તો પકડાઈ છે? કેમ રેકર્ડ પર ડામરના ડ્રમનો કોઈ જ ઉલ્લેખ નથી આવતો? પાંચ કરોડથી વધુની રકમ રોકનારાઓ કોણ છે? કારણ કે જે શખ્સો અહી પકડાયા છે તેઓ તો માત્ર ફ્રન્ટ ફેસ હોય તેવા મનાઈ રહ્યા છે. પકડાયેલાઓમાથી પાંચ કરોડની સોપારી મંગાવવાની તો કોઈની ત્રેવડ ન હોવાનુ જાણકારો કહી રહ્યા છે. તો પછી આ હિમંત કરી છે કોણે? ખરેખર એજન્સી વેળાસર જ આ કેસમાં મુળીયાઓ સુધી પહોચે અને તપાસ આગળ ધપાવે તો આવા કન્સાઈનમેન્ટ મંગાવનારાઓની બકરી ડબ્બામાં અને પુછડી બહારનો આપોઆપ જ થઈ જશે તાલ.

---

**પ્રવાસીઓના ધસારાને પહોંચી વળવા તંત્ર સજ્જ**

# કચ્છ એસટી વિભાગ દ્વારા ઉનાળુ વેકેશનમાં દોડાવાશે એક્સ્ટ્રા બસો



**વેકેશન શરૂ થતાં એડવાન્સ બુકિંગમાં ધસારો : ભુજથી અમદાવાદ, પાલનપુર, રાધનપુર, હિંમતનગર વગેરે જેવા લાંબા અંતરના રૂટ પર મુકાશે વધારાની બસ : યોગેશ પટેલ (વિભાગીય નિયામક)**

ભુજ : ગુજરાત રાજય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના ભુજ એસટી બસપોર્ટ અને કચ્છ એસટી ડિવિઝન દ્વારા ઉનાળુ વેકેશનને લઈ વધુ બસો દોડાવવાનો નિર્ણય કરાયો છે. ઉનાળુ વેકેશનની શરૂઆત થતા એસટી બસોમાં મુસાફરોનો ધસારો વધવાની સંભાવના છે. કચ્છ એસટી ડિવિઝનના તમામ ડેપોના મેનેજરોને જરૂરિયાત મુજબ વધારાની બસો દોડાવવા માટે સૂચના અપાઈ છે. શાળા - કોલેજોની પરીક્ષા પૂર્ણ થયા બાદ લાંબા અંતરની એસટી બસોમાં એડવાન્સ બુકીંગનો ધસારો જોવા મળી રહ્યો છે. કચ્છીજનો લાંબા અંતરના પ્રવાસમાં કોઈ અડચણ ઉભી ન થાય તે માટે બસ અને રેલવેની ટિકીટોનું આગોતરૂં બુકીંગ કરાવી રહ્યા છે. ધો. ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના પરીણામો જાહેર થયા બાદ પ્રવાસીઓના ધસારામાં વધારો થવાની સંભાવનાઓ પણ વ્યકત કરવામાં આવી રહી છે. તો બીજીતરફ એસટી તંત્ર પણ પ્રવાસીઓના ધસારાને પહોંચી વળવા સજ્જ બન્યું હોય તેમ એક્સ્ટ્રા બસો દોડાવવાના પ્લાનીંગ શરૂ કર્યા છે.

આ અંગેની વિગતો મુજબ એપ્રિલ માસના અંતિમ સપ્તાહે બોર્ડ પરીક્ષાના પરિણામો આવ્યા બાદ વેકેશન પ્રવાસની સીઝન પુરબહારમાં ખીલી ઉઠશે. દર વર્ષે ઉનાળુ વેકેશનમાં કચ્છીજનો લાંબા અંતરના વેકેશન પ્રવાસના આયોજનો કરતા હોય છે. આ ઉપરાંત મે માસમાં લોકસભાની ચૂંટણી અને લગ્નગાળો હોવાથી આંતરજિલ્લા અવરજવરમાં પણ વધારો થવાની શકયતાઓ છે. કચ્છ એસટીના વિભાગીય નિયામક યોગેશ પટેલે કચ્છઉદય સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે, દર વર્ષે ઉનાળુ વેકેશન દરમ્યાન એસટીની લાંબા અંતરના રૂટ પર પ્રવાસીઓનો ધસારો વધતો હોવાથી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવતી હોય છે. ખાસ કરીને ભુજથી અમદાવાદ, પાલનપુર, રાધનપુર, હિંમતનગર વગેરે જેવા રૂટ પર વધારાની બસો મુકવાની ફરજ પડતી હોય છે. આ વર્ષે પણ ઉનાળુ વેકેશન દરમ્યાન વિવિધ રૂટો પર બુકીંગ શરૂ થયું છે. જેમ જેમ બુકીંગ ફુલ થતા જશે તેમ વધારાની બસો ફાળવી પ્રવાસીઓને સમાવી લેવામાં આવશે. હાલે કચ્છ એસટીની ૭૦ જેટલી બસો હાજીપીરના મેળા માટે ફાળવવામાં આવી છે. મેળો પૂર્ણ થયા બાદ વધારાની બસોને લાંબા અંતરના રૂટમાં એક્સ્ટ્રા બસો તરીકે દોડાવવામાં આવશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે, મે મહિનાના પ્રથમ સપ્તાહ બાદ ઉનાળુ વેકેશનના વિધિવત પ્રારંભ સાથે એસટીની બસોમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળશે. નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસનું ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ જીએસઆરટીસી અને નિગમની મોબાઈલ એપ્લીકેશન પરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. આ ઉપરાંત કચ્છથી ઉપડતી ખાનગી લકઝરી બસોમાં પણ અત્યારથી જ બુકીંગ ફુલ ચાલી રહ્યા છે.